Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૫૨
તા.૨૯-૦૩-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર સુદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૭ સૂર્યાસ્ત : ૦૬:૫૪

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૯.૮ | વડોદરા | ૪૦.૭ |
| અમદાવાદ | ૪૦.૪ | સુરત | ૪૦.૬ |
| ગાંધીનગર | ૪૦.૫ | નલિયા | ૩૮.૧ |

ચાંદી : ૩૯,૪૦૦ સોનું : ૩૧,૫૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ગુજરાતના બોર્ડ-નિગમોમાં ૧૮ કરોડનું નુકશાન

## વિચાર વૈભવ...

એક ચોર ચોરી કરવા 'મોલ' માં ઘૂસી ગયો. સમય રાતનો હતો. મોલમાં હજી સી.સી.ટી.વી. કેમેરા લાગ્યા નહોતા. ચોરને મજા પડી ગઈ. જાતજાતની વસ્તુઓ ભેગી કરીને એણે પોટલું બાંધ્યું. પોટલું ખભે મૂકતા પહેલાં એની નજર એક ખમીસ પર પડી એણે ખમીસ ઉઠાવ્યું તો ખરૂં પણ ખમીસના કોલર પર લખેલ ખમીસની કિંમત પર એની નજર પડી.

'૧૦,૦૦૦ રૂપિયા'

'મોલવાળા લૂંટવા જ બેઠા છે' એના મુખમાંથી શબ્દો નીકળી ગયા.

*****

મનની અનેક ખાસિયતોમાંની એક ખાસિયત આ છે કે સદ્‌ગુણોની વાત આવે છે ત્યારે એ પોતાની સામે જુએ છે દુર્ગુણોની વાત આવે છે ત્યારે એ બીજા તરફ નજર નાખે છે. પોતાના નાના પણ ગુણને 'મેરૂ' જેવો ચીતરવા રહેવામાં અને બીજાના નાના પણ દુર્ગુણને 'સાગર' જેવો વિરાટ ચીતરવા રહેવામાં એની કાબેલિયતને કોઈ જ પહોંચી શકે તેમ નથી.

પણ સબૂર! એની આ કાબેલિયતે જ એને સંખ્યાબંધ સદ્‌ગુણોથી વંચિત રાખી દીધો છે અને સંખ્યાબંધ દુર્ગુણોના એને શિકાર બનાવી દીધો છે. જીવનને બચાવવું છે? નબળાઈ જાતની જુઓ. તાકાત બીજાની જુઓ.

શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

## વિધાનસભામાં કેગનો રિપોર્ટ રજૂ કરાયો,૫૪ જાહેર સાહસોમાં ૩૬૪૭ કરોડનો નફો : વર્ષ ૨૦૧૬-૧૭ની નાણાંકીય સ્થિતિ,આર્થિક સ્થિતિ,મહેસૂલ અને સામાજિક સમીક્ષાનો અહેવાલ રજૂ

ગાંધીનગર

બજેટ સત્રના છેલ્લા દિવસે આજે ગુજરાત વિધાનસભામાં કેગનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો. વર્ષ ૨૦૧૬-૧૭ની નાણાંકીય સ્થિતિ, આર્થિક સ્થિતિ, મહેસુલ અને સામાજિક સમીક્ષાનો કેગનો અહેવાલ નાયબ મુખ્યપ્રધાન નીતિનભાઈ પટેલે રજૂ કર્યો. નીતિનભાઈ પટેલે ત્રણ અલગ અલગ સ્વરૂપમાં કેગનો ઓડિટ રિપોર્ટ રજૂ કર્યો.

મળતી માહિતી મુજબ, આજે વિધાનસભા ગૃહમાં કેગનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો, જેમાં કેગ ઓડિટ રિપોર્ટમાં સરકાર પર ઘણા ટિપ્પણી કરવામાં આવી છે. કેગના અહેવાલ અનુસાર રાજ્ય સરકારના જાહેર સાહસો ખોટમાં છે તેવો રિપોર્ટ રજૂ કરાયો છે. ૫૪ જાહેર સાહસોમાં ૩૬૪૭ કરોડનો નફો થયો છે, જ્યારે સામે ૧૪ જાહેર સાહસોમાં ૧૮,૧૪૨ કરોડની ખોટ થઈ છે.

કેગના રિપોર્ટમાં ટીપ્પણી કરવામાં આવી છે કે, સરકારે જગવાઈઓ વિના ખર્ચ કર્યો છે. કેગના અહેવાલમાં રાજ્ય સરકારના સબ રજિસ્ટ્રારની અનિયમિતતા પણ સામે આવી છે. ૧૦૩ કેસમાં ૯૯.૯૮ કરોડની વસૂલાતમાં અનિયમિતતા સામે આવી છે.

કેગના અહેવાલમાં ખાણ અને ખનીજ વિભાગ પર ગંભીર ટીપ્પણી કરવામાં આવી છે. જિ. ભૂસ્તર વિભાગની ખોટી નીતિને લાધે સરકારી તિજોરીને ૧૫૨ કરોડનું નુકશાન પહોંચ્યું છે. ૧૮૨ કેસમાં ખાણ ખનીજ વિભાગે ખોટી રીતે ખાણની લીઝ આપી છે. કેગના રીપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સુરત અને અમદાવાદમાં બે કેસોમાં જમીનના નવી શરતમાંથી જુની શરતમાં રૂપાન્તર પર અયોગ્ય દરો લાગુ કરી સરકારને ૭૮.૪૪ લાખની રકમનો ચુનો લાગ્યો છે. ૪ કલેકટર કચેરીઓમાં ૨૦૧૨-૧૩ અને ૨૦૧૪-૧૫ના સમયગાળા દરમ્યાન ૧૩૮ કેસોમાં ૧.૯૮ કરોડ જેટલા રૂપાન્તર વેરાની બિન વસુલાત - ઓછી વસુલાત કરી હોવાની ટીકા પમ કરવામાં આવી છે. સાથે કેગ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્ર દ્વારા વર્ષ ૧૬-૧૭ દરમ્યાન ૧૦૩ કેસમાં ૯૯.૯૮ કરોડની રકમ સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની ઓછી વસુલાત કરી છે. નવ જિલ્લાના ૧૨ નાયબ કલેકટર કચેરીઓ દ્વારા ડેટા એન્ટ્રીમાં અનિયમિતતા ધ્યાનમાં આવી જેના પરિણામે ૪૧ કેસોમાં ૪.૬૩ કરોડનુ પ્રીમિયમ ઓછી વસુલાત થઈ. કેગ રિપોર્ટમાં ટીપ્પણી કરવામાં આવી છે કે, સબ રજીસ્ટ્રાર કચેરી બાવળા દ્વારા બજાર કિંમતનુ અયોગ્ય રીતે ગણતરી કરવામાં આવતા એક કેસમાં રૂપિયા ૯૮ લાખની સ્ટેમ્પ ડયુટીની ઓછી વસુલાત થઈ હોવાનુ ધ્યાનમાં આવ્યું છે. મિલકતોની બજાર કિંમતના અયોગ્ય નિર્ધારણના કારણે ૨૮ દસ્તાવેજોમાં ૧.૭૫ કરોડની સ્ટેમ્પ ડયુટી ઓછી લેવામાં આવી છે. કેગનું આર્થિક ક્ષેત્ર પર અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, સરકાર ૧૨મી પંચવર્ષીય યોજનામાં

અનુસંધાન પાના નં.૬

## કૌભાંડો છુપાવવા ભાજપ છેલ્લા દિવસે જ રિપોર્ટ મૂકે છે : કોંગ્રેસ

કોંગ્રેસના નવનિયુકત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, ઝછઘ્ના રિપોર્ટની ચર્ચા ન થાય તે માટે તેને છેલ્લા દિવસે જ ગૃહમાં લાવવામાં આવે છે. જો કેગનો અહેવાલ વહેલો મુકાય તો તેના પર ચર્ચા થઈ શકે છે. પરંતુ કૌભાંડો છુપાવવા ભાજપ છેલ્લા દિવસે જ રિપોર્ટ મૂકે છે. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, અમે ગુજરાતના તમામ યુવાનોને કોંગ્રેસમાં જોડીશું. લોકોની તકલીફ અંગે કોંગ્રેસ લડાઈ લડશે. કોંગ્રેસના સંગઠન અંગે ચર્ચા વિચારણાં કરીશું. હોશ અને જોશથી બુથ સુધીનું મેનેજમેન્ટ કરીશું. યુવાનોનું સંગઠન જે ખુટે છે ત્યાં યુવાનોને જોડીશું.

સેના, બીએસએફ અને પોલીસનું મોટું ઓપરેશન

## જમ્મુ કાશ્મીરના રાજૌરીમાં ચાર ત્રાસવાદી ઠાર કરાયા

જમ્મુ

જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા સાથે જોડાયેલા રાજૌરીમાં આજે સેના, જમ્મુ કાશ્મીર પોલીસ અને બીએસએફ દ્વારા હાથ ધરવામાં આવેલા એક મોટા ઓપરેશન માં ચાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. એમ માનવામાં આવે છે કે, માર્યા ગયેલા તમામ ત્રાસવાદીઓએ અંકુશરેખા મારફતે ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરી કરી હતી. ત્યારબાદ સેનાએ તેમને રાજૌરી નજીક ઘેરી લીધા હતા. પાકી ગુપ્ત માહિતી મળ્યા બાદ સુંદરબની સેક્ટરમાં અંકુશ રેખાની નજીક ત્રાસવાદીઓની હાજરી હોવાની માહિતી મળ્યા બાદ આ ઓપરેશન હાથ ધરાયું હતું. બીએસએફની ૧૨૬મી બટાલિયન, ૧૬ રાજપૂતાના રાયફલ, ૯ જાટ રેજિમેન્ટ અને જમ્મુ કાશ્મીરની પોલીસની ટીમે સમગ્ર વિસ્તારમાં ઘેરાબંધી કરીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. બુધવારે સવારે શરૂ થયેલા સુરક્ષા દળોના આ સર્ચ ઓપરેશન વચ્ચે ત્રાસવાદી ઓની એક ટીમે હુમલો કરી દીધો હતો. ત્યારબાદ સેનાના જવાનોએ પણ મોરચા સંભાળીને કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન બીએસએફે પણ મદદ કરી હતી.

## લાંચ કેસમાં ઝડપાયેલા નાયબ કલેક્ટરને ડીસા કચેરી ખાતે તપાસમાં લવાયા

### પાટણ એસીબીની ટીમને તપાસ સોંપાતા સ્થળ નિરીક્ષણ કર્યું


ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા એસીબીના હાથે રૂ. દોઢ લાખની લાંચ લેતા ઝડપાયેલા જિલ્લાના નાયબ ચૂંટણી અધિકારી અને ડીસાના નાયબ કલેક્ટર વી.કે. ઉપાધ્યાયને તપાસ દરમિયાન બુધવારે ડીસા નાયબ કલેક્ટર કચેરી ખાતે લવાયા હતા. એ.સી.બી દ્વારા તપાસની કાર્યવાહી પાટણ એસીબી પોલીસ પોલીસને અપાતા એસીબી પોલીસે જુના ડીસા ખાતે સ્થળ નિરીક્ષણ પણ કર્યું હતું. ડીસામાં જેસીબી અને ડમ્પર વડે માટીપુરાણ નું કામ કરતાં વ્યક્તિ પાસેથી રૂપિયા દોઢ લાખની લાંચ લેતાં પાલનપુર સર્કિટહાઉસ ખાતે રંગેહાથ ઝડપાયેલા નાયબ કલેકટર વી.કે.ઉપાધ્યાયને પોલીસે રિમાન્ડ મેળવ્યા બાદ તેઓની તપાસ પાટણ એસીબી પોલીસને સોંપાઈ છે. દરમિયાન બુધવારે પાટણ એસીબીના પી.આઇ. એચ.એસ.આચાર્ય તેઓની ટીમ સાથે નાયબ કલેકટર વી.કે. ઉપાધ્યાયને તપાસ અર્થે ડીસા નાયબ કલેકટર કચેરી ખાતે લાવ્યા હતા.જયારે જે સ્થળ માટેનો વિવાદ હતો અને જે માટે પૈસાની માંગણી કરાઇ હતી તે સ્થળ જુના ડીસા ખાતે પણ એસીબીની ટીમે મુલાકાત લીધી હતી. આ અંગે તપાસ અધિકારી પીઆઈ એચ.એસ. આચાર્યએ જણાવ્યું હતું કે,તપાસ દરમિયાન જગ્યાની મુલાકાત તેમજ એસડીએમ ઓફિસે તપાસ હાથ ધરાઇ છે. જેથી કોઈ વાંધાજનક વસ્તુ કે પુરાવા મળી શકે જ્યારે કાગળ ઉપર પણ કોઈ કોન્ટેક્ટ હોય તો તે પણ મળી શકે. આરોપી દ્વારા ભૂતકાળમાં પણ લાંચ ના ગુના કોઈ હોય તો તેવા પુરાવા મળી શકે તેથી વધુ તપાસ હાથ ધરાઈ છે.

### આપ લોગોને હીરો બનાયા થા : નાયબ કલેક્ટરની રમૂજ

લાંચ કેસમાં ઝડપાયેલા ડીસાના નાયબ કલેકટરને ડીસા કચેરી ખાતે તપાસ માટે લવાયા બાદ જ્યારે પાટણ એસીબી ની ટીમ લઈ જતી હતી ત્યારે ફોટો-વિડિઓ લઈ રહેલા મીડિયા કર્મીઓને પોલીસની ગાડીમાં બેસતાં બેસતાં નાયબ કલેકટરે જણાવ્યું હતું કે , 'આપ લોગોં ને હીરો બનાયા થા, આજ વિલન બના રહે હો,કલ ફિરસે હીરો બનાવોગે'.

## ડીસાના નાયબ કલેક્ટર જયુડિશિયલ કસ્ટડીને હવાલે


સંજય જોષી

ડીસા

ડીસાના નાયબ કલેક્ટર પાલનપુર સરકીટ હાઉસ ખાતે રૂપિયા ૧.૫૦ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ હતા. જેઓના એ.સી.બી.એ ૭ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જેઓના ૧ દિવસના રિમાન્ડ મંજૂર થયા હતા. જે ૧ દિવસના રિમાન્ડ પુરા થતા આજે તેઓને પુનઃ કોર્ટમાં રજૂ કરાયા હતા. પાલનપુરની ત્રીજી એડિશનલ કોર્ટમાં રજૂ કરાતા નાયબ કલેક્ટર વી.બી. ઉપાધ્યાયને નામદાર કોર્ટે સબ જયુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો. આમ, એ.સી.બી.ની કસ્ટડીમાં રહેલા નાયબ કલેક્ટર સહિત વચેટિયાને જેલના હવાલે કરાયા હતા.

## લાખણી તાલુકા પંચાયતમાં વિવાદ બાદ બજેટ નામંજૂર

### પ્રમુખે બજેટને મંજુર તો ટીડીઓએ ના મંજુર ગણાવ્યું

લાખણી

લાખણી તાલુકા પંચાયતી વિવાદો વચ્ચે થયેલી સામાન્ય સભામાં બજેટની કોંગ્રેસના ૧૦ વિરૂદ્ધ ભાજપના ૧૧ સભ્યોની હાજરીમાં યોજાઇ હતી. જેમાં શરૂઆતના સમયે જ કોંગ્રેસના સભ્યોએ બજેટ મંજૂર કહી મીટીંગ પૂર્ણ કરી હતી. ત્યારબાદ ઉપપ્રમુખની અધ્યક્ષપદે વરણી કરી ભાજપના સભ્યો બજેટ નામંજૂર કર્યો હતો. લાખણી તાલુકાની તાલુકા પંચાયત પ્રથમ થી જ વિવાદોથી ભરપૂર રહેવા પામી છે.જે સિલસિલો ચાલુ રાખતા આજરોજ તાલુકા પંચાયતની સામાન્ય સભાની મિટિંગમાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. જેથી તાલુકા પંચાયતની બજેટ રજૂ કરતી મીટીંગમાં કોંગ્રેસના ૧૧ સભ્યોમાંથી પીરાભાઈ રબારી ગેરહાજર રહેતા કુલ ૧૦ સભ્યો હાજર રહ્યા હતા. જ્યારે સામે ભાજપના ૧૧ સભ્યો હાજર રહ્યા હતા. જેમાં બજેટ મીટિંગમાં તાલુકા વિકાસ અધિકારીની હાજરીમાં સભાના અધ્યક્ષ અને તાલુકા પંચાયત પ્રમુખ મહેશભાઈ દવે એ આશરે ૬૪ લાખના પુરાંત વાળાબજેટની વિગત આપી હતી. ત્યારબાદ ભાજપના સભ્યોએ વિરોધ કરતા બજેટ સર્વાનુંમતે મંજુર થયેલ છે તેવું કહીકોંગ્રેસ ના સભ્યો અને પ્રમુખ સભા સ્થગિત કરી

અનુસંધાન પાના નં.૬

### બજેટ સર્વાનુમતે મંજૂર થયેલ છે

આજની સામાન્ય સભામાં મુદ્દા નંબર ૧થી ૩ ને સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે.જેમાં બજેટ વર્ષ ૨૦૧૮ થી ૨૦૧૯ નું મંજૂર કરવામાં આવેલ છે. ત્યાર બાદ ભાજપના કાર્યકરોએ હંગામો મચાવતા સભા મોકૂફ રાખવામાં આવી હતી.જેથી ભાજપના ઉપપ્રમુખ ને ખોટી રીતે સભાના અધ્યક્ષ બનાવી અધિકારીઓ પર દબાણ લાવી પ્રુસિડિંગ ગેરકાયદેસર અને ગેરકાનુની લખ્યું છે. તે ખરેખર ગેરકાયદેસર છે અને આજનું બજેટ સર્વાનુમતે મંજૂર થયેલ છે.

- મહેશભાઈ દવે (પ્રમુખ તાલુકા પંચાયત લાખણી)

### બજેટ ના મંજુર થયેલ છે

આજની બજેટની મિટિંગમાં બજેટ મંજુર કરવા બાબતે કોંગ્રેસ ના ૧૦ વિરૂદ્ધ ભાજપના ૧૧ સભ્યોએ બજેટ નામંજૂર તરફી મત આપતાં બજેટ નામંજૂર થયેલ છે.

- પી.ડી.સેનામા (તાલુકા વિકાસ અધિકારી લાખણી)

### ભાજપના જિ.પં ના સદસ્યોના પતિઓને મીટિંગથી બહાર રખાયા

ગ્રામ્ય વિસ્તારોમાં એકંદરે મહિલા સીટ પર તેમના પતિઓ વહીવટ કરતા હોય છે. જેથી આજની મીટિંગમાં પણ ભાજપમાંથી મહિલા સીટ પરથી વિજેતા થયેલ સદસ્યોના પતિ મીટિંગમાં ભાગ લેવા આવતા કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા વિરોધ કરાતા તેઓને બહાર બેસવાનો વારો આવ્યો હતો. જ્યારે કોંગ્રેસના જિ.પં. ના એક સદસ્ય સામાન્ય સીટ પર વિજેતા બન્યા હતા. તેઓ મીટિંગમાં હાજર રહ્યા હતા.

## સાર સમાચાર...

### ઉત્સુકતા વચ્ચે ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણી પરિપૂર્ણ

અમદાવાદ

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આજે ભારે ઉત્તેજનાભર્યા અને ઉત્સાહના માહોલ વચ્ચે ગુજરાત બાર કાઉન્સીલના ૨૫ સભ્યોની પ્રતિષ્ઠાભરી અને અત્યંત રસાકસીભરી ચૂંટણી યોજાઇ હતી. સમગ્ર રાજયમાં બાર કાઉન્સીલની ચૂંટણીને લઇ એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થયું હતું. જો કે, ભદ્ર ખાતેના ગુજરાત કલબના મતદાન મથક પર વકીલોની ભારે ભીડ, અંધાધૂંધી અને અવ્યવસ્થાને લઇ એક તબક્કે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના ઓબ્ઝર્વર દ્વારા એક કલાક સુધી મતદાન અટકાવાયું હતુ પરંતુ પરિસ્થિતિ નહી સુધરતાં આખરે બીસીઆઇના ઓબ્ઝર્વર એવા નિવૃત્ત હાઇકોર્ટ જજ ડી.કે.ત્રિવેદી દ્વારા વ્યથિત હૃદયે ગુજરાત બાર કાઉન્સીલના ઈતિહાસમાં સૌપ્રથમવાર આ મતદાન મથકનું મતદાન આખરે રદ જાહેર કરાયું હતું. હવે મતગણતરીની તારીખ ૭મી એપ્રિલ પહેલાના કોઇપણ દિવસે આ મતદાનમથકનું મતદાન યોજવામાં આવશે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

## કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતનું બજેટ સર્વાનુમત્તે મંજૂર


સંજય જોષી



### રૂા.૩૪.૬૮ કરોડની પુરાંતવાળા બજેટ પર મંજૂરીની મહોર

પાલનપુર

કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં સને ૨૦૧૮-૧૯નું ૩૪.૬૮ કરોડની પુરાંતવાળું બજેટ સર્વાનુમત્તે મંજૂર કરાયું હતું.

બનાસકાંઠા જિલ્લા પંચાયત ભાજપ પાસેથી આંચકી લઇ કોંગ્રેસે સત્તાના સૂત્રો હસ્તગત કર્યા છે. ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા પંચાયતની પ્રથમ સાધારણ સભા મહિલા પ્રમુખ પીનાબેન ઠાકોરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં સને-૨૦૧૮-૧૯નું ૩૪.૬૮ કરોડની પુરાંતવાળું બજેટ રજૂ કરાયું હતું. જે બજેટને વિકાસલક્ષી ગણાવી સર્વાનુમત્તે મંજૂર કરાયું હતું.ર

આ બજેટમાં શિક્ષણ, આરોગ્ય, બાંધકામ સહિતના ક્ષેત્રોમાં ૮ કરોડની જોગવાઈ કરી જિલ્લાના સર્વાંગી વિકાસની નેમ વ્યક્ત કરાઈ હોવાનું પ્રમુખ પીનાબેન ઠાકોરે જણાવ્યું હતું.

અભિસંસ્કાર ફાઉન્ડેશન દ્વારા સંચાલિત
સકસેસ સ્કૂલ, ધાનેરા
તા. ધાનેરા, જી. બનાસકાંઠામાં જૂન ૨૦૧૮ થી શરૂ થતાં સત્રમાં નીચે જણાવેલ સ્ટાફની જરૂરીયાત છે.

(ગુજરાતી માધ્યમ ધો. ૧ થી ૫ માટે)
1. હિન્દી શિક્ષક - 1 PTC/B.ed.
2. ગુજરાતી શિક્ષક - 1 PTC/B.ed.
3. ગણિત-વિજ્ઞાન શિક્ષક - 1 PTC/B.ed.
4. અંગ્રેજી શિક્ષક - 1 PTC/B.ed.
5. સામાજિક વિજ્ઞાન શિક્ષક - 1 PTC/B.ed.
6. બાલમંદિર વિભાગમાં શિક્ષકા - 2 Pre./B.ed.
7. આચાર્ય - 1 M.A./M.Sc./B.ed. (પાંચ વર્ષના અનુભવી)

(અંગ્રેજી માધ્યમ ધો. ૧ થી ૫ માટે)
1. અંગ્રેજી શિક્ષક - 2 B.A. (English) B.ed.
2. હિન્દી શિક્ષક - 2 B.A. (Hindi) B.ed.
3. ગણિત-વિજ્ઞાન શિક્ષક - 1 B.Sc. B.ed.
4. વ્યાયામ શિક્ષક - 1 (B.P.ed., C.P.ed.)
5. બાલમંદિર વિભાગમાં શિક્ષકા - 2 Pre./B.ed.
6. સેવક - 2-10 પાસ
7. કલાર્ક - B.Com / B.A. / B.C.A. (બે વર્ષનો અનુભવ ઓફિસ માટે)
8. આચાર્ય - 1 M.A. / M.Sc./B.ed. (પાંચ વર્ષનો અંગ્રેજી માધ્યમની શાળાનો અનુભવ)

તા.ક. : નિવૃત્ત આચાર્ય અરજી કરી શકશે.
(અંગ્રેજી માધ્યમ માટે અંગ્રેજીમાં પ્રભુત્વ ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવી.)
તા. ૧૦-૦૪-૨૦૧૮ સુધીમાં અરજી મળે તે રીતે સાદી ટપાલથી મો.બા.નં. સાથે અરજી નીચે જણાવેલ સરનામે કરવી. અથવા નીચે જણાવેલ ઇમેલ પર બાયોડેટા મૂકવો (ફોટા સાથે)
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
અભિસંસ્કાર ફાઉન્ડેશન દ્વારા સંચાલિત
C/o. સકસેસ સ્કૂલ ધાનેરા
અરજી કરવાનું સરનામું: સકસેસ એજ્યુકેશન, મધુસુદન પ્લાઝા, રેલવે સ્ટેશન સામે, ધાનેરા
મો. 02748 222324, 9574030081 / 9879855151
Email : successprimaryschooldhanera@gmail.com

## સૂર્યોદય - ૬.૩૭ સૂર્યાસ્ત - ૬.૫૪

## તિથિદર્શન

ચૈત્ર સુદ ૧૩ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર સુદ :તેરસ ગુરૂવાર નક્ષત્ર:મઘા સવારે ૮.૩૯ પછી પૂર્વ ફાલ્ગુની યોગ : શુલ કરણ : કૌલવ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**અબુધા અજંગમા અપિ, કયાપિ ગત્વા પરં પદમવત્યા, મંત્રિણાં ઈતિ કીર્ત્યન્તે નય , બલગુટિકા ઈવ જનેન**

'જે લોકો જ્ઞાન- જાણકારી- અનુભવ વિનાના જડ હોવા છતાં ઉચ્ચ પદ પર પહોંચી ગયા છે તેઓ શતરંજનાં પ્યાદાંની જેમ રાજા - પ્રધાન- મંત્રી તરીકે ઓળખાય તો છે પણ શતરંજના પ્યાદાં જેમ નામના - નિર્જીવ જ છે.' ઉત્તરપ્રદેશમાં અત્યારે લાખો કર્મચારી 'બઢતી'માં પણ 'અનામત'નો વિરોધ કરી હડતાલમાં છે. રાજકારણી નેતાઓ 'યશ' લેવા માટે મતનું રાજ-કારણ રમી પછાત કે લઘુમતીઓને રીઝવવા લોકસભા- રાજસભા અને રાજયની વિધાનસભાઓમાં 'અનામત' ના દાવપેચ ખેલે છે. 'અનામત'થી આગળ આવેલા અને બઢતી પામનાર 'મેરિટવાળા' વિદ્યાર્થીઓ- કર્મચારીઓને અન્યાય કરે છે. ગાંધીજીએ બંધારણમાં એક મર્યાદા બાંધી છે ત્યાં સુધી જ 'અનામત'નો અમલ રાખવો પણ હવે 'રાજ-કારણ' નું પ્યાદું થઈ ગયું છે. જે માણસો લાગવગ - દબાણ- કોપી કરીને ખોટી રીતે પરિણામો લાવી 'હોદ્દા' સત્તા મેળવે છે. તેમને જાણકારી હોતી નથી. નિષ્ણાત હોતા નથી, પરિણામે, સત્તા પ્રાપ્ત કર્યા પછી પણ પોતાના 'હોદ્દા' ને વાસ્તવિક ન્યાય આપી શકતા નથી. 'સાહેબ', 'ડૉક્ટર', 'ઈજનેર' કહેવાય ખરા પણ એમના વતી એમનું કામ કોઈક કરતું હોય છે. એ તો નામના જ હોય છે

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)જીવનસાથીથી સ્નેહ રહે. આકસ્મીક મુસાફરી થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) જીવનસાથીના સહકારથી સમસ્યાનો ઉકેલ મળે. ખર્ચના પ્રસંગમાં વધારો થાય.**
**મિથુન : (ક.છ.ઘ.) સંતાનથી લાભ થાય. માંગલિક કાર્યમાં સફળતા મળે.**
**કર્ક : (ડ.હ.) નાણાંકીય વ્યવહારોમાં સંભાળવું. નોકરી-ધંધામાં મતભેદ સર્જાય.**
**સિંહ : (મ.ટ.)જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાદ-વિવાદમાં ન ઉતરવું.**
**કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ ચિંતા રહે. મહત્વના કાર્યમાં પ્રતિકૂળતા આવે.**
**તુલા : (ર.ત.) આર્થિક ચિંતા રહે. માનસિક અસ્વસ્થતા રહે. કાર્યભાર વધે.**
**વૃશ્ચિક : (ન.ય.) પડવા-વાગવાથી સંભાળવું. અપયશના ભોગ બનવાનો પ્રસંગ જણાય.**
**ધન : (ભ.ફ.ધ.) સંતાનથી લાભ મળે. તમારા પ્રયત્નો ફળતા જણાય.**
**મકર : (ખ.જ.) ધીરજની કસોટી થાય. મનમાં અશાંતિ રહે.**
**કુંભ : (ગ.શ.સ.)વિશેષ કાર્યબોજને કારણે માનસિક અસ્વસ્થતા રહે. પ્રવાસમાં લાભ.**
**મીન : (દ.ચ.જ.થ.)વ્યવસાયના કારણે વ્યર્થ દોડા-દોડી થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

૧૬ વિવિધ ભાષાઓમાં નીકળતા કરોડો વાચકોની સંખ્યા ધરાવતા મહાન મેગેઝીન રીડર્સ ડાયજેસ્ટના આદ્યસ્થાપક તંત્રી અને પત્રકાર વિલિયમ વોલેસની પુણ્યતિથિ છે.એમનો જન્મ ઈ.સ. ૧૮૯૦માં અમેરિકામાં થયો હતો. રીડર્સ ડાયજેસ્ટ શરૂ કરતાં પહેલા પતિ-પત્નીએ મળીને ઓક્ટોબર' ૨૧માં લગભગ ૧૦,૦૦૦ પત્રો વાચકોને લખેલા, જેના લીધે રૂા. ૪૦,૦૦૦ના લવાજમો તો તેમને અગાઉથી મળી ગયા અને પ્રથમ અંક પ્રગટ થતાં જ ચારે બાજુથી પ્રશંસાના પુષ્પો વરસ્યાં અને આઠ વર્ષમાં તો તેનો ફેલાવો ૧૦ લાખ નકલો પર પહોંચ્યો. વોલેસ એક લાખના ૨,૦૦૦ ડોલર સુધી પુરસ્કાર લેખકોને આપતા થયા. છેક ૧૯૫૫ સુધી તેઓ જાહેરખબર નહોતા લેતા, પરંતુ કાગળ-મુદ્રણના ભાવો રૂા. ૫૦,૦૦૦ જેટલો છે. અત્યારે રીડર્સ ડાયજેસ્ટનો ફેલાવો ૩,૦૫,૦૦,૦૦૦ નકલનો છે. અને તે વિશ્વના ૧૬૩ દેશોમાં લગભગ ૧૦ કરોડ વાચકોની ૧૬ ભાષાઓમાં પ્રગટ થઈ વાંચનભૂખ સંતોષે છે. હિંદી ભાષામાં સર્વોત્તમ રીડર્સ ડાયજેસ્ટ ફેબ્રુઆરી ૧૯૮૧થી શરૂ થયું છે. આવા મહાન લેખક પત્રકાર સંશોધક અને પરિશ્રમી તંત્રી વિલિયમ વોલેસનું ૯૧ વર્ષની વયે તા.૩૦-૩-૧૯૮૧ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
।। રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ।।
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૨.૦૪.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૨૩૦ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા.૨૮.૦૩.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૧૫૪ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૧૦૧ પોઈન્ટના પ્રથમ અને ૧૦૦૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૧૮૮ પોઈન્ટ થી ૧૦૨૦૨ પોઈન્ટ, ૧૦૨૩૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૨૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૨૮.૦૩.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૩૬૦ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૨૪૦ પોઈન્ટના પ્રથમ અને ૨૪૧૨૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૪૦૪ પોઈન્ટ થી ૨૪૪૪૭ પોઈન્ટ, ૨૪૫૦૫ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૫૦૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

**HDFC લિમિટેડ (૧૮૩૪) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૧૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૦૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૪૭ થી રૂ.૧૮૫૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**સિએટ લિમિટેડ (૧૫૧૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૪૭૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૩૩ થી રૂ.૧૫૪૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ટાઈટન લિમિટેડ (૯૩૪) :- રૂ.૯૧૩ નો પ્રથમ તેમજ રૂ.૯૦૩ ના બીજા સપોટ-'થી એપેરલ્સ અને એસેસરીઝ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૪૭ થી રૂ.૯૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૮૮૭) :- રીફાઈનરી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૦૩ થી રૂ.૯૧૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સન ટીવી (૮૫૪) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૦૮ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક મીડિયા બ્રોડકાસ્ટ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૭૩ થી રૂ.૮૮૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ઉૅઝન્ ટેકનોલોજી (૯૭૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૯૮૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૫૭ થી રૂ.૯૫૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૯૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ (૫૫૧) :- રૂ.૫૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૫૩૭ થી રૂ.૫૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૯૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ગેઈલ ઇન્ડિયા (૩૩૦) :- ઇલેક્ટ્રિક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૩૪૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૩૧૯ થી રૂ.૩૧૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**ડાબર ઇન્ડિયા (૩૨૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ પેર્સનલ પ્રોડક્ટ્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૩૪૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૧૩ થી રૂ.૩૦૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૩૫૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**અંબુજા સિમેન્ટ (૨૩૪) :- રૂ.૨૪૨ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૨૪૭ ના સ્ટોપલોસે વેચવાલાયક સિમેન્ટ સેકટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૨૪ થી રૂ.૨૧૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૨૫૫ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

## નવાપુરા પ્રા.શાળાના વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ તથા તિથી ભોજન અપાયું



પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકાના વાસણા (વાતમ) ગામે આવેલી નવાપુરા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક અશોકભાઈ મેવાડા તથા મધ્યાહન ભોજન સંચાલક જયંતિભાઈ પરમાર દ્વારા શાળામાં અભ્યાસ કરતાં ધોરણ ૧થી ૬ ના વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ આપવામાં આવી હતી.તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા શિક્ષણા અધિકારી જે.એમ.પટેલે દાતાઓના આ કાર્યને વખાણ્યું હતું તેમજ બંને દાતાઓનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે તાલુકા કેળવણી નિરીક્ષક અશ્વિનભાઈ પટેલ, ટીકેન્દ્ર ભાઈ પટેલ, જે.સી. પંચાલ, જે.બી. વાઘેલા, જે.કે.પઢાર, શંકરભાઈ પીલીયાતર, શાળા ના આચાર્ય મીનાક્ષીબેન તથા વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા.

## વડાવળમાં હનુમાન જયંતિ નિમત્તે સંતવાણીનું આયોજન

પ્રતિ. વડાવળ

ચૈત્ર સુદ પુનમ એટલે હનુમાન જયંતિનો તહેવાર સમગ્ર જગ્યાએ ધાર્મિક ઉલ્લાસના માહોલ સાથે ઉજવાય છે ત્યારે ડીસા તાલુકાના વડાવળ ગામમા બિરાજમાન હનુમાન દાદાના ચરણોમાં ચૈત્રી સુદ પુનમના દિવસે ભવ્ય સંતવાણી કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

હનુમાન જયંતિના પ્રસંગે યોજાનાર સંતવાણી કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લાનું ગૌ-રવ એવા સાહિત્યકાર ભરતભાઈ હિરાવંશી રતન મ્યુઝીકલ ગૃપના કલાકારો ભજન સંત્સગની રમઝટ બોલાવશે આ કાર્યક્રમમાં સાહિત્યકાર ભરત હિરાવંશી સાથે ભજનીક કલાકાર જાગૃતિબેન ડાભી અને મનોજભાઈ ગોહીલ સહિતના કાલાકારો ઉપસ્થિત રહી સંતવાણી કાર્યક્રમ રજુ કરશે તા.૩૧/૩/૨૦૧૮ ને શનિવારના રોજ રાત્રે ૮ કલાકે હનુમાન દાદાના મંદિર ખાતે યોજનાર આ કાર્યક્રમમાં દરેક લોકો ઉપસ્થિત રહી કાર્યક્રમનો લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરાયો છે.

## આસોદર ગામમાં સ્વચ્છતા અભિયાનની કામગીરી

પ્રતિનિધિ આસોદર

થરાદ તાલુકાના આસોદર ગામમાં આરોગ્ય ટીમ દ્વારા તા.૨૭/૩/૨૦૧૮ ના રોજ ગામમાં સ્વચ્છતા અભિયાનની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ગામના સરપંચશ્રી સગથાભાઈ પટેલ તથા ફિ. હે.વ. અમીતાબેન પ્રજાપતી તથા આશા પાયલબેન બારોટ હાજર રહી ગામમાં સાફ સફાઈ કરવામાં આવી હતી. ઈન્ચાર્જ મ.પ.હે.સુ. હેમરાજભાઈ પટેલ દ્વારા ગામ લોકોને સ્વસ્થતા અને આરોગ્ય વિશે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

## મુડેઠા પગાર કેન્દ્ર શાળામાં તિથિ ભોજન અપાયું

મુડેઠા પ્રતિનિધિ

ડીસા તાલુકાના મુડેઠા પગાર કેન્દ્ર શાળા મા શાળા સ્ટાફ વતીથી ધોરણ. ૧ થી ૮ના વિદ્યાથીઓને તિથિ ભોજન અપાયું હતું. દર વર્ષ શાળા સ્ટાફ વતીથી તિથિ ભોજન અપાય છે તો આ વર્ષ મા તિથિ ભોજન આપવા આવ્યું હતુ મુંડેઠા શાળાના આચાર્ય હિરેનભાઈ પુરોહિત અને શાળા સ્ટાફ દ્વારા કુલ ૬૦૦ જેટલા વિદ્યાથીઓને તિથિ ભોજન આપ્યુ હતુ.

## જગાણા પ્રા.શાળા ખાતે પ્રિતીભોજન અપાયું



સંજય જોષી

પાલનપુર

જગાણા ગામના કાન્તિભાઈ એલ. પરમાર બનાસડેરીના કર્મચારીઓ તરીકે વય નિવૃત્તિ થતાં તેમના તરફથી બાલમંદિર, આંગણવાડીના તમામ શાળાના છાત્રોને પ્રિતીભોજન આપવામાં આવ્યું હતુ અને શાળામાં ૧૧૦૦૦ રૂા. માતબર દાન આપ્યું હતું. તેમની સેવાકીય પ્રવૃત્તિઓ બદલ ગ્રામજનોએ આભાર માન્યો હતો. આ પ્રસંગે રતનજીભાઈ ચૌધરી, અભુભાઈ જુડાલ, પ્રહલાદભાઈ પરમાર, રતીભાઈ લોહ, કનુભાઈ દવે, ભેમજીભાઈ ચૌધરી તેમજ શાળાના આચાર્ય અને શાળા પરિવાર સહિત જગાણા ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કાં તો સાધુ બનો અથવા સીધા બનો : રશ્મિરત્નસૂરિ મ.સા.

સુરત

તા. ૨૯ માર્ચના પ્રભુ મહાવીરનો ૨૬૧૬ મું. જન્મકલ્યાણક ભવ્ય વરઘોડો ગેલેક્સી જશે. શ્રીમદ અઠવાલાઈન્સ જૈન સંચાલક શાશ્વતી નવપદ ઓળીના પાંચમા દિવસે દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.એ તપસ્વીઓને પ્રવચન આપતા કહ્યુ કે- સાધુપદ પંચપરમેષ્ટીનો પ્રવેશદ્વાર છે. નવપદનો કેન્દ્ર છે. વીતરાગ ભગવાનનો સાધુ સર્વ જીવોની રક્ષા કરાવવાળો છે. જીવંત ધર્મ છે.. જીવતી જાગતી કરૂણા છે.. નમ્રતા, નિર્લોભતા, અને પરમશુદ્ધિના અવતાર છે.. સાધુ જીવન બધા જીવો માટે પરમ આશીર્વાદરૂપ છે. સાધુ ભગવંત ૨૭ ગુણોથી યુક્ત, પાંચ મહાવ્રતોના ધારક, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલક હોય છે.

આ.શ્રી રશ્મિરત્નસૂરિજી મ.સા.એ કહ્યું કે- માનવ જીવન મુનિ બનીને મોક્ષે જવા માટે છે. મુનિ જીવનમાં હાલતા- ફરતા- બોલતાં આદિ દરેક પ્રવૃત્તિમાં જીવોની રક્ષા કરવાની હોય છે. જા ણતા કે અજાણતા પણ જૂઠ બોલી ન શકાય. ઘાસનું તણખલું પણ પૂછ્યા વિના લેવાય નહીં, મન- વચન- કાયાથી બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે. પૈસા, સોનું, ચાંદી, હીરા- પન્ના આદિ તમામ પરિગ્રહનો ત્યાગ હોય છે. લોચ અને વિહાર અહિંસા વ્રતના પૂરક છે. સાધુની સાધના મુક્તિના એક માત્ર લક્ષ્યવાળી હોય છે. કોઈક કવિએ સાચું જ કહ્યું છે કે ''જબ હોંઠો પર હંસી ઔર પાંવો મેં છાલે હોંગે, હે પ્રભુ! વે હી તેરે ઢુંઢને વાલે હોંગે.'' તેમણે છેલ્લે ફરમાવ્યું કે કાં તો સાધુ બનો નહિતર જીવન સાદુ બનાવો એટલે સરલ બનો.

આજ સાધુ પદના મંગલ દિવસે પાટ ઉપર બિરાજમાન સાધુ- સાધ્વી ભગવંતોને તમામ આરાધકોએ ''આત્મ કલ્યાણ માટે સંયમ માર્ગ જ સ્વીકાર કરવા યોગ્ય છે.'' આવી શ્રદ્ધાને આત્મસાત્ કરતા અક્ષતથી વધાવ્યા. બધા ગુરુ ભગવંતોનું ગુરુપૂજન કર્યું. ''યૌવન વયમાં સુખ છોડનારા મહાન...'', ''આજ મારા ગુરુજીને અક્ષતથી વધાવું'' ઈત્યાદિ ગીતો ગાઈને વધાવ્યાં.

## ધાનેરા સરસ્વતી કન્યા છાત્રાલયની ધો. ૧૦ અને ૧૨ની વિદ્યાર્થીનીઓને વિદાયમાન

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા સરસ્વતી કન્યા છાત્રાલયના પટાંગણમાં ધોરણ ૧૦ અને ૧૨ માં ભણતી વિદ્યાર્થીનીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ દિપ પ્રગટાવી ખુલ્લો મુકાયો હતો. જેમાં આવેલ મહેમાનોનું ફુલહાર તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડી.બી.પારેખ હાઈસ્કુલના આચાર્ય ચેનસિંહે પ્રવચન આપતા જણાવ્યુ હતું કે ધાનેરામાં કન્યા છાત્રાલય બનાવી ધનજીભાઈ તેમજ તેમની ટીમે ભગીરથ કાર્ય કર્યુ છે. છેલ્લા કેટલાક સમયથી બનાસકાંઠા જિલ્લાના છેવાડાના વિસ્તારમાં અતિ પછાત ગણાતા ધાનેરામાં કન્યા છાત્રાલયનું સંકુલ ઉભુ કરી નાના ગરીબ કુટુંબોની કન્યાઓને ઘર આંગણે શિક્ષણ મળી રહે તેવુ ઉતમ કાર્ય કર્યુ છે. આ પ્રસંગે ધનજીભાઈએ વાલીઓને વધુમાં જણાવ્યુ હતુ કે તે મારી દિકરીઓ ધોરણ ૧૦ અને ૧૨ સુધી ભણી તે આનંદની વાત છે. પણ તમારી દરેક દિકરી શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે મારાથી થતી તમામ કોશિશ કરીશ.

## પદયાત્રી સંઘનું ધરપડાથી બહુચરાજી પ્રસ્થાન



ચેતન શ્રીમાળી

ચૈત્ર સુદ પૂનમ નજીક આવતા ડીસા તાલુકાના ધરપડા ગામેથી ઠાકોર સમાજના પદયાત્રી સંઘનું મા બહુચરના ધામ બેચરાજી તરફ પ્રસ્થાન થયું હતું. જે સંઘમાં ૫૦૦ થી પણ વધુ માઈભક્તો જોડાયા છે.

## વડગામ આર્ટસ કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

તા.પ્રતિ. વડગામ

શ્રી યુ.એચ.ચૌધરી આર્ટસ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા.૨૮ મી માર્ચના રોજ કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો વિષય 'રક્ષાક્ષેત્ર કારકિર્દી'' હતો. આ સેમિનારમાં મંચ સ્થાને સંસ્થાના પ્રમુખ પરથીભાઈ, મંત્રી ઓખાભાઈ સેમિનાર માટે ઉપસ્થિત મહાનુભાવોમાં મહા રાષ્ટ્રના સાકરીથી રીટાયર્ડ આર્મી ઓફિસર ધનરાજ દેવડે, વિસનગરથી અજયભાઈ પ્રજાપતિ, ડેડીયાપાડા કોલેજના પ્રા. પ્રવિણભાઈ ચૌધરી, અમીરગઢ કોલેજના પ્રિ.ડૉ.નરેશભાઈએ હાજર રહી સેમિનારને સફળ બનાવ્યો હતો.

આ કાર્યક્રમના મંચસ્થાને કોલેજના પ્રિ.ડૉ. એલ.વી. ગોળ અને કોમર્સ કોલેજના કા.પ્રિ.ડી.બી. જગાણીયા પણ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન પ્રા.વિપુલ ભાઈ જોષીએ કર્યું અને આભારવિધી પ્રા.ડૉ. ભારમલ ભાઈ કણબીએ કરી હતી.

## ભાભર જુના પે.કે. શાળામાં યોગ શિબિર યોજાઈ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર જુના પે.કે. શાળામાં તા.૨૬/૩/૧૮ ને સોમવારના રોજ કચ્છમાંથી પધારેલ કવિ, યોગાચાર્ય અને સમાજ સેવક જ્ઞાનદેવ શર્મા દ્વારા ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા તમામ બાળકો તથા શિક્ષકોને કસરત, યોગ, ભોજન, પાણી, હાસ્ય વગેરે દ્વારા આપણા શરીરને નિરોગી તથા સ્વસ્થ કેવી રીતે રાખવું. તેની જાણકારી આપવામાં આવી. બાળકોને પરીક્ષામાં ઉપયોગી થાય તેવા યોગ અને આસનો તથા પ્રાણાયામ વિશે પણ સમજ આપવામાં આવી. આવા સુંદર કાર્યક્રમના આયોજન માટે શાળાના આચાર્ય પ્રભુભાઈ કે. રામી અને સ્ટાફગણે તેમને બિરદાવ્યા હતા.

## જૂનાડીસા સિધ્ધાંબિકા માતાજીનો પાટોત્સવ ઉજવાયો

ડીસા

બનાસનદી નજદીક વસેલા જૂનાડીસા ગામે, શ્રધ્ધા-ભક્તિના પાવનધામનું અતિ પ્રાચીન અને પૌરાણિક તેમજ શિલ્પસ્થાપત્યના બેનમૂન નજારા સમું શક્તિનું શોભતુ સ્વરૂપ એટલે ''મા સિધ્ધાંબિકાનું મંદિર-'' તા.૨૬/૩ ને ચૈત્રી સુદ ૧૦ (દસમ)ના રોજ માતાજીનો પાવનપર્વ પાટોત્સવ ઉજવાયો. આ પાવન પર્વે ચારે દિશામાં ફરકતી શ્રધ્ધાના પ્રતિક સમી-ધર્મધજા નિજ મંદિરના શિખરે ચડાવવામાં આવી. તેમજ ડીસામાં વસતા નવગામ દશા દિશાવળ વણિક જ્ઞાતિના સર્વ ભાવિક ભાઈ-બહેનો દર્શનાર્થે આવી માતાજીના ગરબા ગાઈ પૂજા-અર્ચના કરેલ. સદીઓ પૂર્વે નિજમંદિરમાં મા સિધ્ધાંબિકાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામા આવેલી તે ચૈત્ર સુદ ૧૦ (દસમ) ના રોજ ભારતભરમાં આવેલા અન્ય-સિધ્ધાંબિકા માતાના મંદિરોમાં પણ માતાજીના પાટોત્સવની ઉજવણી ખૂબ જ ભક્તિપૂર્વક મંગળમય વાતાવરણમાં ઉજવવામાં આવી.

સરસપુર-અમદાવાદ સ્થિત વૈષ્ણવ વણિકબંધુઓ તરફથી નવચંડી યજ્ઞનું આયોજન થયેલું. આ પ્રસંગે માતાજીનો પ્રસાદ (જમણવાર)યોજાયેલ. મંદીર-ટ્રસ્ટના સેવાભાવી કર્મચારી વર્ગ દીલીપભાઈ શાહ, જયદીપભાઈ વ્યાસ, વિનોદભાઈ શાહ (કાકા) કનુભાઈ મેવાડા, ભીખાજી ઠાકોર, ધવલ રાવલ વિ.એ. સુંદર સહયોગ આપી કર્તવ્ય નિષ્ઠાની ઉમદા ફરજ બજાવેલ.

## ડીસા સાંઈબાબા સ્પોર્ટ્સ કલબ દ્વારા મેચ રમાઈ



ડીસા

ગત તા.૨૫/૪/૧૮ ના રોજ ડીસાના ટી.સી.ડી ગ્રાઉન્ડ ઉપર સાંઈબાબા સ્પોર્ટસ કલબના-ભુતપૂર્વ ખેલાડીઓ (સીનીયર) અને સાંઈબાબા કલબના જુનીયર ખેલાડીઓ વચ્ચે કીકેટ મેચ યોજાઈ હતી. સિનિયર ખેલાડીઓએ ૨૦ ઓવર્સમાં ૧૦૫ રન બનાવ્યા હતા. તે પછી જુનીયર ખેલાડીઓએ ૧૩ ઓવર્સમાં ૧૦૮ રન બનાવી વિજેતા જાહેર થયા હતા.

આ મેચમાં સૌથી વધુ મિત ગોહીલે ૫૯ રન બનાવ્યા હતા. આ મેચમાં બેસ્ટ બેટ્સમેન તરીકે આકાશ પઢીયાર બેસ્ટ બોલર તરીકે વિક્રમ ગલચર અને ઓલ રાઉન્ડ તરીકે મિત ગોહીલને જાહેર કરવામાં આવ્યા હતા. આ ટુર્નામેન્ટમાં રજનીભાઈ બ્રહ્મભટ્ટ પ્રમુખ વાઈસ પ્રસીડેન્ટ યશપાલ ચૌધરી, વિપુલ આલે હાજરી આપી. ટુર્નામેન્ટ સફળ બનાવી હતી.

## ડીસા સ્ટાર ઈલેવનની ટાઈગર ઈલેવન સામે જીત



જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ઈડર તાલુકા મેમન યુથ સર્કલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડીસા, હિંમતનગર, ઈડર, બાલીસણા, રાધનપુર, સહિતની ટીમોએ ભાગ લીધો હતો. જેની ફાઈનલ મેચ સ્ટાર ઈલેવન ડીસા તથા હિંમતનગર ટાઈગર ઈલેવન વચ્ચે રમાઈ હતી. જેમાં હિંમતનગર ટાઈગર ઈલેવનને ૧૨ ઓવરમાં ૮૦ રન બનાવ્યા હતા. જેમાં ડીસા સ્ટાર ઈલેવને ૧૧ ઓવરમાં ૭ વિકેટે ૮૦ રન બનાવી ૩ વિકેટે મેચ જીતી લીધી હતી. જેમાં મેન ઓફ ધ મેચ આસ્તુક (પાલનપુર) ને જાહેર કરાયો હતો. જ્યારે મુસ્તકીમ (ભાભર) ઉત્કૃષ્ટ દેખાવ કરી મેચને જીતાડવામાં મોટી ભૂમિકા ભજવી હતી. સેમી ફાઈનલમાં જાકીર મેમણને મેન ઓફ ધ મેચ આપવામાં આવી હતી. સ્ટાર ઈલેવન જીતીને ડીસામાં આવતા કેપ્ટન સમીર મેમણ સહિત સમગ્ર ટીમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ઈરફાનભાઈ માસ્ટર, ઈકબાલ ભાઈ પાટણ, હાજીભાઈ દેત્રોલીવાળા, સફીભાઈ ભીલોડા વાળા, ફજલભાઈ ઊનવાળા, રફીકભાઈ ભીલોડાવાળા, સલીમભાઈ લાઠીવાળા સહિત હાજર રહ્યા હતા. ડીસા સ્ટાર ઈલેવનની નવી ટીમ બનાવવામાં કેપ્ટન સમીરભાઈ તથા મુસ્તકીમ મેમણે ભારે જહેમત ઉઠાવી નવી ટીમનું મનોબળ વધાર્યુ હતું. સ્ટાર ઈલેવન ડીસા ફાઈનલ મેચમાં જીતતા ડીસા મેમણ સમાજ દ્વારા પણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

## થરાદમાં એકતા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિધવાઓને કિટ વિતરણ



(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

થરાદમાં વિવિધ સામાજીક કાર્યોમાં અગ્રેસર રહેતા એકતા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નગરની વિધવા મહીલાઓને રવિવારે મેમણ સમાજની વાડીમાં અનાજ તથા કરીયાણાની કીટ આપવામાં આવી હતી.આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ લવજીભાઈ વાણિયા,મુસ્લિમ સમાજના અગ્રણી ગુલાબનબી મેમણ સહિત બહોળી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરેજ તાલુકાના થરા - રૂની રોડના કામમાં ગેરરીતીની બૂમરાડ

**જુલાઈ ૨૦૧૭ ના પૂર તાંડવમાં ક્ષતિગ્રસ્ત બનેલ રોડ બનાવવાના કામમાં પણ ખાયકીના આક્ષેપ**


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરાથી ત્રણ કિ.મીના અંતરે આવેલા નદી પટ વિસ્તારના પ્રાચીન જૈન તીર્થ રૂની ગામ ૨૪ મી જુલાઈ - ૨૦૧૭ ના પૂર તાંડવમાં વેરણછેરણ બન્યુ હતું. આ બનાસનદી પટ વિસ્તારમાં બીનકાયદેસર રેતખનન પ્રવૃતિ બેફામ ચાલે છે જેની સામે તંત્ર હપ્તાખોરીમાં લાચાર બની તમાશો જુએ છે. ડીસાના ઈન્ચાર્જ નાયબ કલેક્ટર રેતકાંડમાં દોઢ લાખની લાંચ લેતા પકડાયા છતાં હજુ ગેરરીતીઓ યથાવત છે. કાંકરેજ તાલુકાના થરા - રૂની વચ્ચે પુર તાંડવમાં ક્ષતિગ્રસ્ત બનેલ ત્રણ કીમીનો રોડ માર્ગ મકાન ખાતા દ્વારા બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેમાં મોટા પાયે ગેરરીતિ ને ટેન્ડરની શરતો મુજબ કામ નહી કરી આ વિસ્તારમાં પૂર પછી ડામરકામ પહેલીવાર આ વિસ્તારમાં ચાલી રહ્યુ છે. ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા રોડ પાણીને રોડાં જેવુ છે. ડામર કામમાં વ્યાપક ગેરરીતીના કારણે આ રોડની આયુષ્ય મર્યાદા ટુંકી રહેશે તેવું લોકો કહે છે. ખુલ્લેઆમ જાહેરમાં ચાલતા આ કૌભાંડનો મુખ્યભેજા બાજ કોણ ? આવી રીતે રોડ બનાવી પછાત વિસ્તારના લોકોને વાહન વ્યવહારથી વંચીત રાખે છે

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં યુથ કોંગ્રેસ દ્વારા સ્ટેમ્પ વેન્ડરની ગેરરીતી સામે આવેદનપત્ર

**સ્ટેમ્પ વેન્ડરોની મનમાનીથી અરજદારો ત્રસ્ત**

ડીસા

ડીસા ખાતે યુથ કોંગ્રેસ દ્વારા ગતરોજ ડીસા નાયબ કલેક્ટરની ઓફીસમાં સ્ટેમ્પ વેન્ડરની ગેરરીતી સામે આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરવા ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.



સરકારના આદેશ અનુસાર સ્ટેમ્પ વેન્ડરને સ્ટેમ્પ પેપરનું વેચાણ કરવા માટે પરવાનો આપવામાં આવે છે તે સ્ટેમ્પ વેન્ડરો સ્ટેમ્પની કિંમત કરતા વધારે કિંમત ગરીબ લોકો તેમજ ખેડૂતો પાસેથી વસુલ કરી રહ્યા છે સ્ટેમ્પ વેન્ડર પાસે સ્ટેમ્પ ટાઈપ કરવાની શરતે જ સ્ટેમ્પનું વેચાણ કરવામાં આવી રહ્યુ છે જે બાબતે યુથ કોંગ્રેસ દ્વારા ડીસા નાયબ કલેક્ટરની ઓફીસમાં જઈ આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હતી. કે ખેડૂતો ગરીબ લોકો ખુલ્લેઆમ લુંટાઈ રહ્યા છે ત્યારે ગેરરીતી કરતા સ્ટેમ્પ વેન્ડરો સામે કાયદેસરના પગલા ભરવા અને કાયદાકીય ગુનો દાખલ કરવા તેમજ આવા સ્ટેમ્પ વેન્ડરોનુ લાયસન્સ રદ કરવા યુથ કોંગ્રેસ દ્વારા રજુઆત કરવામાં આવી હોવાનું યુથ કોંગ્રેસના જનરલ સેક્રેટરી, સેનેટરી મેમ્બર અને ગુજરાત યુનિવર્સિટીના જયંતિભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

# દિયોદરનું લુદરા ગામ વિકાસથી વંચિત

પ્રતિનિધિ લુદરા

દિયોદર તાલુકાના લુદરા ગામે સ્થાનિક ગ્રામ પંચાયતના સરપંચની નિરસતાના કારણે ગ્રામજનો પ્રાથમિક સવલતો માટે પણ ટળવળે છે.

થોડા સમય અગાઉ યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદ માટે પાંચ ઉમેદવારો વચ્ચે જંગ હતો. તેમ છતાં ગામના વિકાસને નજરમાં રાખી ગ્રામજનોએ સરપંચ પદે પીરાભાઈ ઠાકોરને વિજેતા બનાવ્યા હતા. પરંતુ તેઓ હાલમાં વિકાસ કામોમાં રસ લેતા નથી. જેના કારણે ગામનો બસસ્ટેન્ડથી ગ્રામ પંચાયતની ઓફિસ સુધીનો મુખ્ય રોડ સાવ તુટેલી હાલતમાં છે. દહેરાસર તરફનો રોડ પણ ભંગાર છે. ગામમાં સરકારી દવાખાનું કે બસસ્ટેન્ડ પણ નથી. ગામમાં શૌચાલય નથી કે સફાઈ પણ થતી નથી. સ્મશાન ભૂમિનો પણ વિકાસ નથી. આ પાયાની સગવડો ન હોવાથી ગ્રામજનોને સરપંચ પ્રત્યે મોહ ભંગ થઈ ગયો છે. પંરતુ ડે.સરપંચ અને પંચાયત સદસ્યો લાચાર છે. ત્યારે લુદરા ડેલિગેટ અને તાલુકા ઉપપ્રમુખ બી.કે.ઠાકોર આ બાબતે રસ દાખવી ગામનો વિકાસ કરાવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યાં છે.

# ડીસામાંથી બાઇક અને એક્ટિવા ચોરાયા

ડીસા

ડીસા શહેરમાં હાઈવે વિસ્તારમાંથી બાઈકો અને વાહનચોર ગેંગ ફરીથી સક્રિય થઈ હોય તેમ ૧૫ દિવસમાં એક બાઈક અને એક્ટિવાની ચોરી થવા પામી હતી.

ચોરી ની વિગત એવી છે કે ડીસા તાલુકાના નાગફણા ગામે રહેતા ગણેશપુરી દાનપૂરી ગોસ્વામી ની ભત્રીજીને ડીસાની રઘુવંશી હોસ્પિટલમાં દાખલ કરેલ હોવાથી તેઓ ગત તારીખ ૧૫ માર્ચના રોજ રાત્રે હોસ્પિટલ રોકાયા હતા. તેમને પોતાનું બાઈક નંબર જીજે ૮ બીસી ૧૪૮૬ હોસ્પિટલ આગળ પાર્ક કરેલું હતું. જે સવારે કોઈ શખ્સો ઉઠાવી ગયા હતા. જે અંગે તેઓએ ડીસા ઉત્તર પોલીસ મથકે પોતાનું ૪૦ હજારની કિંમતનું બાઈક ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. જ્યારે ડીસાના ભવ્ય ગેલેક્સી ખાતે રહેતા મનોજભાઈ મફતલાલ દવેએ પોતાનું એક્ટિવા નંબર જીજે ૦૮ બીજે ૬૬૯૬ ઘર આગળ પાર્ક કરેલું હતું. તે પણ રાત્રીના સમય દરમ્યાન કોઈ શખ્સો ઉઠાવી ગયા હોવાની ફરિયાદ નોંધાવી હતી.

# રાજપુર પોલીસ ચોકી પાસે પારાવાર ગંદકી


જમીલ મેમણ

**રોગચાળો ફેલાવાનો સેવાતો ભય**

પ્રતિ. રાજપુર

ડીસાની રાજપુર પોલીસ ચોકી પાસે છેલ્લા કેટલાય સમયથી ગંદા પાણીના તળાવો તથા કચરાના ઢગ ખડકાયેલા નજરે પડે છે જેનાથી રોગચાળો ફેલાવાનો ભય છે તાત્કાલીક પાલિકા દ્વારા સફાઈ કરવામાં આવે તેવી જનમાંગ છે

રાજપુર પોલીસ ચોકી પાસે છેલ્લા કેટલાક સમયથી કચરાના ઢગ તથા ગંદા પાણીના ખાબોચિયા ભરાયેલા નજરે પડે છે જેના લીધે મચ્છરોનો ઉપદ્રવ વધી પડ્યો છે આ અંગે બશીરભાઈ શેખે ન.પા.માં મૌખિક રજુઆત કરેલ જ્યારે સ્થાનિક અગ્રણી બાબુભાઈ લોધાએ સફાઈ અંગે વારંવાર ન.પા.માં જાણ કરેલ પરંતુ હજુ સુધી સફાઈ હાથ ન ધરતા રોગચાળો ફેલાવાનો ભય સતાવી રહ્યો છે લોધાવાસમાં પણ ઠેર ઠેર ગંદા પાણીની ગટરો ઉભરાઈ રહી છે ત્યારે તાત્કાલીક સફાઈ કરાવી લોકોને રોગના ભરડામાંથી બચાવે તેવી જનમાંગ છે.

# વડગામ નેશનલ હાઈવે નં.૮નું કામ મંથર ગતિએ

**ખરોડીયા, સેમોદ્રા, મેરવાડા રોડનું કામ ક્યારે પૂર્ણ થશે ?**

તા.પ્રતિ. વડગામ

વડગામથી પસાર થતો ઉદેપુર-કંડલા નેશનલ હાઈવે નં.૫૮ નું એક વર્ષથી રોડ સાઈડ મરામત અને નાળાં નાંખવાનું કાર્ય શરૂ કરી ડ્રાઈવર્જન આપવામાં આવ્યા છે જેમાં મેરવાડા, સેજલપુરા, સેમોદ્રા સુધી નાળાં નાખવાનું કાર્ય પૂર્ણ થયું છે છતાં રસ્તા પરના ખાડા, માટી અને અન્ય માલ સામાન હટાવી રોડ પૂર્ણ નહિ કરતાં હજારો વાહન ચાલકો અટવાયા છે. નેશનલ હાઈવે ઓથોરીટીના તંત્રે કામપૂર્ણ કરેલ છે તેટલો રોડ સત્વરે શરૂ કરે તેવી વાહન ચાલકોની માંગ છે અને ખરોડીયા નજીક ચાલતા નાળાનું કામ ઝડપી પૂર્ણ કરવા રાહદારીઓની માંગ છે.

# જી.એસ.ટી.ના દરોડાના મુદ્દે વાવના લંગર બીડીના ડીલરને "ક્લીનચીટ"

તા.પ્રતિ. વાવ

ગત તા.૨૩/૩/૨૦૧૮ ના રોજ પાલનપુરના જી.એસ.ટી. ખાતાના આસિ.કમિશ્નર મોનીકા બલાત સહીત સ્ટાફે વાવ ખાતે રહેતા અને લંગરબીડીના ડીલરએવા અરવિંદભાઈ પોપટલાલ શાહના નિવાસસ્થાને પહોંચી તેમનો ફોનથી સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું હતું કે હું રાજસ્થાન ખાતે આવેલા જીરાવાલા ખાતે દર્શનાર્થે આવેલો છું તા.૨૭/૩/૨૦૧૮ ના રોજ પરત ફરીશ તેના જવાબમાં આસિ.કમિશ્નર મોનીકા બલાતે તેમના ગોડાઉન અને રહેણાંક વિશે પૂછપરછ કરતા ડીલર ખુદે જણાવ્યું હતું કે વાવ માર્કેટયાર્ડ ખાતે આવેલા ગોડાઉનમાં મારો બીડીનો જથ્થો પડેલો છે અને બીજો જથ્થો મારી ગાડીમાં છે તેના જવાબમાં આસિ.કમિશ્નર બલાતે જ્યાં સુધી ડીલર વાવ આવી જથ્થાની અને સાહીત્યની તપાસ ન કરાવે ત્યાં સુધી મકાન ગોડાઉન અને ગાડીને શીલ મારી દીધો હતો. ત્યારે ગતરોજ તા.૨૭/૩/૨૦૧૮ ના રોજ અરવિંદભાઈ પોપટલાલ શાહ વાવ ખાતે આવી જી.એસ.ટી. વિભાગના આસિ.કમિશ્નર મોનીકા બલાતનો સંપર્ક કરતાં તેઓ તેમના સ્ટાફ સાથે ગાડી નં.જી.જે.૮એફ.૬૧૮૪ લઈને વાવ આવ્યા હતા અને તપાસનો દોર આરંભી દીધો હતો. જોકે મોડી રાત સુધી ડીલરનું તમામ સાહિત્ય તપાસ કર્યા બાદ જૈન વેપારી એવા અરવિંદભાઈ પોપટલાલ શાહને "ક્લીનચીટ" આપી તેમનું તમામ સાહિત્ય ઓકે હોવાનું જણાવી વેપારીઓની હાજરીમાં પ્રશંસા કરી હતી. તેના જવાબમાં અરવિંદભાઈ શાહે જણાવ્યું હતું કે કાયદો કાયદાની રીતે કામ કરે તેજ ન્યાય છે જી.એસ.ટી. બાબતે અમારી તપાસ કરી અમને ક્લીન ચીટ મળી તેનું અમને ગૌરવ છે.

# રાહથી ચાંગડા સુધી સુજલામ સુફલામ નહેરનું કામ મંજૂર


પાંચાભાઈ દેસાઈ

પ્રતિ. રાહ

થરાદ તાલુકાના રાહથી ચાંગડા સુધી સુજલામ-સુફલામ કેનાલનું કામ ઘણા સમયથી વિલંબે પડ્યું હતું. ત્યારે રાજ્યમંત્રી પરબતભાઈ પટેલે થરાદ તાલુકાના ખેડૂતોની ચિંતા કરી ૩૭ કરોડના ખર્ચે સુજલામ-સુફલામ નહેરનું કામ મંજૂર કરાવ્યું છે. ટૂંક સમયમાં તેનું કામ ચાલુ થશે. આથી થરાદ તાલુકાના ખેડૂતો અને રાહ પંથકના ખેડૂતોમાં હર્ષની લાગણી પ્રસરી છે. ખેડૂતોને આવનાર દિવસોમાં સિંચાઈ માટેનું પાણી મળી રહેશે.

# આજે નડાબેટ ખાતે કચ્છ બાયોસ્ફીયર રિઝર્વ અંગે સેમિનાર યોજાશે

પાલનપુર

આજે તા.૨૯, ગુરૂવારના રોજ ભારત-પાકિસ્તાન સરહદ નજીક બનાસકાંઠા જિલ્લાના નડાબેટ તા.સૂઈગામ ખાતે કચ્છ બાયોસ્ફીયર રિઝર્વ અંગે સેમિનાર યોજાશે. સમગ્ર ભારતમાં કુલ ૧૮ બાયોસ્ફીયર રીઝર્વ આવેલા છે. જેમાં ગુજરાતમાં એકમાત્ર કચ્છ બાયોસ્ફીયર રિઝર્વનો સમાવેશ થાય છે. કચ્છ બાયોસ્ફીયર રિઝર્વની ઘોષણા ૨૯ જાન્યુઆરી-૨૦૦૮ના રોજ કરવામાં આવી હતી. જેમાં કચ્છ, પાટણ, સુરેન્દ્રનગર, રાજકોટ જિલ્લાના વિસ્તારો મળીને કુલ ૧૨,૪૫૪ ચો.કિ.મી.ના વિસ્તારનો સમાવેશ થાય છે.

બાયોસ્ફીયર રિઝર્વ પ્રોજેકટમાં કુદરતી સ્ત્રોતોનો ટકાઉ વિકાસ ધ્યાને લઈ માનવ જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા તેમજ લેન્ડસ્કેપ ડેવલોપમેન્ટ કરવાનો મુખ્ય હેતુ સમાયેલો છે. આવા ગુજરાતના ગૌરવસમા એકમાત્ર બાયોસ્ફીયર રિઝર્વના સંરક્ષણ અને સંવર્ધન માટે નડાબેટ ખાતે બનાસકાંઠા જિલ્લા વન વિભાગ દ્વારા તા.૨૯/૩/ ૧૮, ગુરૂવારના રોજ અવરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે.

# ડીસા સહિત જિલ્લાભરના માર્કેટયાર્ડોમાં મીની વેકેશનનો માહોલ

**૨ જી એપ્રિલ સોમવારથી રાબેતા મુજબ માર્કેટયાર્ડો ધમ ધમશે**


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

નાણાકીય નવુ વર્ષ એપ્રિલ માસથી શરૂ થવા જઈ રહ્યુ છે ત્યારે નાણાકીય વર્ષના હીસાબ કીતાબ કરવા માટે ડીસા સહિત જિલ્લાના માર્કેટયાર્ડો માર્ચ એન્ડીંગમાં બંધ રહેતા માર્કેટયાર્ડોમાં મિનિ વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લાના માર્કેટયાર્ડોમાં માર્ચ એન્ડીંગનુ મીની વેકેશનના પગલે જુદાજુદા માર્કેટયાર્ડો ત્રણ ચાર દિવસથી લઈને સાત દિવસ બંધ રહેવાના હોવાથી માર્કેટયાર્ડો સુમસામ થઈ ગયા છે ડીસા માર્કેયાર્ડોમાં પણ ૨૬ માર્ચથી ૧ લી એપ્રિલ સુધી માર્ચ એન્ડીંગની રજા રહેશે જેથી તા.૨ એપ્રિલથી આ માર્કેટયાર્ડોમાં ફરી હરાજીની કામગીરી શરૂ થનાર છે ત્યાં સુધી ખેડૂતોને પોતાનો માલનો સગ્રહ કરી રાખવો પડશે નાણાકીય વર્ષ ૩૧ માર્ચ પૂર્ણ થતુ હોવાથી વેપારીઓને સમગ્ર વર્ષનો હીસાબ તૈયાર કરવા માટે પૂરતો સમય મળીરહે એ માટે માર્કેટયાર્ડોમાં માર્ચ એન્ડીંગનુ વેકેશન રાખવામાં આવી રહ્યું છે.

**ધો.૧૦ અને ધો.૧૨ ની પરીક્ષા પૂર્ણ**

# વિધાર્થીઓમાં વેકેશનની ખુશાલીનો માહોલ


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત ૧૨ મી માર્ચ - ૨૦૧૮ થી ધો.૧૦ એસ.એસ.સી. અને ધો.૧૨ એચ.એસ.સી. સામાન્ય ઉ.ગુ.વ્યવસાય લક્ષી પ્રવાહની પરીક્ષાનો શુભારંભ થયો હતો. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દિલીપ રાણા, જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજર, જિલ્લા શિક્ષણાધિકારી હર્ષદભાઈ રાવલની સંકલન સમિતિમાં ધો.૧૦ ની ત્રણ ઝોન અને ધો.૧૨ ની બેઝોન દ્વારા શાંતિપૂર્ણ વાતાવરણમાં સીસીટીવી કેમેરા - સરકારી યુનિ વિધ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા સ્ટાફ તેની સતત દેખરેખ વચ્ચે ગત તા.૨૩/૩/૨૦૧૮ ના ધો.૧૦ એસ.એસ.સી.ની પરીક્ષા પૂર્ણ થઈ હતી. જ્યારે ગઈકાલે ધો.૧૨ એચ.એસ.સી. સામાન્ય ઉત્તર બુનિયાદી વ્યવસાય લક્ષી પ્રવાહની પરીક્ષા રાજ્ય શાસ્ત્ર - સમાજ શાસ્ત્ર, ક્ષેત્ર વ્યવસ્થા અને વિસ્તરણ, ડેરી વિસ્તરણ અને આર્થિક નામા પદ્ધતિ પત્ર વ્યવહાર અને મુસધા લેખન જેવા વિષયો સાથે પરીક્ષા પૂર્ણ થઈ હતી. સાંજના ૬.૧૫ કલાકે જ્યારે પરીક્ષા પૂર્ણ થઈ ત્યારે વિદ્યાર્થીઓમાં વેકેશન અને ભણતરનો ભાર ઉતર્યાનો અનોખો આનંદ જોવા મળતો હતો. ધો.૧૨ સામાન્યપ્રવાહ કોમર્સની પરીક્ષા ગત શનિવારે તા.૨૪/૩/૨૦૧૮ ના પૂરી થઈ હતી. આમ ધો.૧૦ એસ.એસ.સી. અને ધો.૧૨ એચ.એસ.સી.ની પરીક્ષાઓ પૂર્ણ થતાં જ વેકેશનનો માહોલ જોવા મળશે.

અનુસંધાન પાના નં.૬

# વાવના સપ્રેડા ગામના સરપંચની ઉમદા કામગીરી


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવથી ૧૨ કિ.મી.ના અંતરે ટડાવ રોડ ઉપર આવેલા સપ્રેડા ગામે ૧૯૯૫ માં એટલે કે ૨૨ વર્ષ પહેલા સરપંચ પદે બબાભાઈ પટેલ ચૂંટાયા હતા. ત્યારબાદ ફરી પાછા ૨૦૧૭ માં તેમના ધર્મપત્ની લદ્ધુબેન પટેલ ચૂંટાયા છે. ૧૯૯૫ માં સપ્રેડા પંચાયતની નેજા હેઠળ થયેલા વિકાસના કામોની સુવાસ હજુ પણ ચાલુ છે. જે કામગીરીની કદરના ભાગરૂપે ફરી પાછું સપ્રેડા પંચાયતના સરપંચ પદનું સુકાન મહિલા સરપંચ લદ્ધુબેન પટેલના હાથમાં આવ્યું છે. સપ્રેડા ગામની અમારા પત્રકારે રૂબરૂ જાત મુલાકાત લેતા ૧૯૯૫ માં બનાવેલા રોડ અત્યારે હાલમાં પણ ઝગમગી રહ્યાં છે. વિશેષમાં ૨૦૧૭/૧૮ ના ૧૪ મા નાણાંપંચ અંતર્ગત સપ્રેડા ગામે પ્રજાપતિવાસમાં ૧૫૩ મીટરનો આર.સી.સી.રોડ પરિપૂર્ણ રીતે બનાવાયો છે. જેમાં સરપંચે પુરો સિંહફાળો આપી એસ્ટીમેન્ટની ગુણવત્તાથી પણ વધુ સરસ રોડ બનાવતા સમગ્ર સપ્રેડા ગ્રામજનોએ સરપંચશ્રીની ઉમદા કામગીરીને બિરદાવી હતી. આ બાબતે બબાભાઈ પટેલે મીડીયા સમક્ષ જણાવ્યુ હતું કે ગામના વિકાસ માટે આવતી ગ્રાન્ટને ગામના હિતમાં વપરાવી જોઈએ, અને કામની ગુણવત્તા જળવાવી જોઈએ, ૧૯૯૫ માં સરપંચ તરીકેની મારી રાહબરી હેઠળ થયેલા કામોની સુવાસ હાલમાં પણ આવી રહી છે. ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીમાં સપ્રેડા ગામને વહીવટ અને વિકાસની દૃષ્ટિએ વેગવંતુ બનાવી દઈશ. સપ્રેડા ગ્રામજનો તરફથી મને પુરતો સાથ અને સહકાર મળી રહે છે. અમારી ઉમદા કામગીરીને તાલુકા અને જિલ્લા કક્ષાના અધિકારીઓ પણ બિરદાવે છે. જેનું મને પણ ગૌરવ છે.

# ઢીમામાં ચૈત્રી પૂનમનો લોકમેળો યોજાશે


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમા નગરે ચૈત્ર સુદ-પૂનમના રોજ લોકમેળો યોજાશે. તા.૨૭/૩/૨૦૧૮ થી તા. ૩૧/૩/૨૦૧૮ સુધી પાંચ દિવસનો ભવ્ય લોકમેળો યોજાશે. જેમાં અંદાજે ૧ લાખથી વધુ ભાવિક ભક્તો દાદાના ચરણમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવશે. તા. ૨૭/૩/૧૮ થી મેળાનો શુભારંભ થઈ ચુક્યો છે. તા. ૩૧/૩/૧૮ ના રોજ ચૈત્ર સુદ પૂનમના દિવસે ભાવિક ભક્તોનું ભારે ઘોડાપુર ઉમટી પડશે. ચૈત્ર સુદ-૧૪ ની રાત્રે વાવ- ઢીમા- થરાદ- ઢીમા રોડ સેવા કેમ્પોથી ધમધમી ઉઠશે. પાંચ દિવસીય ચાલનારા મેળા દરમિયાન શ્રી ધરણીધર ટ્રસ્ટ ઢીમા અને શ્રીરામાઆશરા અન્નક્ષેત્ર ટ્રસ્ટ ઢીમા સુંદર ભોજનપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે. પાંચ દિવસીય મેળા દરમિયાન થરાદ એસ.ટી.ડેપો તરફથી મેળાની એકસ્ટ્રા બસોના રૂટો શરૂ કરવામાં આવે છે. જેથી કરીને દર્શનાર્થીઓ ભારે સુવિધા રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમા નગરને જોડતી ઢીમા- ડાકોર, ઢીમા- દ્વારકા, ઢીમા - શામળાજી બસ રૂટો શરૂ કરવામાં આવે તેવી શ્રદ્ધાળુઓની ઉગ્ર માંગ છે. કારણ કે ઢીમા- ડાકોર- દ્વારકા, શામળાજી ખાતે આવેલા ઠાકરના મંદિરો સાથે બંધુઓનો નાતો છે. માટે ઢીમાથી દર્શનાર્થી બંધુઓના દર્શને જવાનો અનેરો લાહવો હોય છે. માટે આ બસ રૂટો શરૂ કરવામાં આવે તો એસટી નિગમને આવક અને સારું ટ્રાફિક પણ મળી રહે છે. તેમજ એસટી નિગમની આવકમાં પણ વધારો થઈ શકે છે.

# ધાનેરા તાલુકા પંચાયતનું રૂા.૯૩ લાખની પુરાંતવાળુ બજેટ મંજુર

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકા પંચાયતના સભાખંડમાં ગતરોજ તાલુકા પંચાયત પ્રમુખ દક્ષાબેન દિનેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯ ના બજેટ વિશે ચર્ચા વિચારણા કરાયા બાદ રૂા.૯૮ કરોડનું સ્વભંડોળમાં ૯૩ લાખની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું. જેમાં પ્રેરણા પ્રવાસ, આરોગ્ય, શિક્ષણને લગતી જોગવાઈ કરવામાં આવી હતી. આ સભામાં તાલુકા વિકાસ અધિકારી મફતલાલ જોષી સહિત તાલુકા પંચાયતનો સ્ટાફ હાજર રહ્યો હતો.

# થરાદમાંથી ચોરાયેલ ડમ્પર સાથે રાજસ્થાનના ચાર ઝડપાયા


વિષ્ણુ દવે

(પ્રતિ.) થરાદ

ગત ૨૧મી ઓગસ્ટની રાતના બાર વાગ્યાના સુમારે થરાદના પીલુડા ગામના વરધાજી રાસેંગાજી રાજપુતની GJ8UZ4118 નંબરની આઈવા ટ્રક ડીસા રોડ પર વજેગઢના પાટીયા પાસે ઈંટોની ફેક્ટરી પાસે પાર્ક કરેલી હતી. જેની કોઈ અજાણ્યા શખ્સે ચોરી કરી હતી. વરધાજીની ફરીયાદ ના આધારે પોલીસે ૧૨ લાખની ટ્રકની ચોરીની ફરીયાદ નોધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી બાજુ થોડા દિવસ પહેલાં રાજસ્થાનના જેસલમેર જીલ્લાના કોતવાલી પોલીસે એક બનાવટી રજીસ્ટ્રેશન ધરાવતા એક ડંપરને ઝડપી લીધું હતું.જેની તપાસ કરતાં તે થરાદમાંથી ચોરાયેલ હોવાનું જાણવા મળ્યું હતું.આથી રાજસ્થાન પોલીસે આ પ્રકરણમાં સામેલ મોહમ્મદ રહીમ ઉર્ફે મોહમ્મદ અલીખા મુસલમાન ઉ.વ.૫૦ રહે.રોજાણીયો કી બસ્તી,મેઘારામ ભુરારામ મેઘવાલ ઉ.વ.૩૨ રહે મેઘવાલો કી ઢાણી,હનીફખા આલમખાં મુસલમાન ઉ.વ.૨૭

અનુસંધાન પાના નં.૬

**ડીસા નગર સેવા સદન**

**ટેન્ડર નોટીસ**

**આથી જનરલ વિમાનું કામકાજ કરતી તમામ વિમા કંપનીઓને જણાવવાનું કે, ડીસા નગરપાલિકા વિસ્તારના ૫ થી ૭૦ વર્ષ સુધીની ઉંમરના તમામ નાગરીકોને આકસ્મિક મૃત્યુ પ્રસંગે રૂા.૧,૦૦,૦૦૦/- (એક લાખ) ની અકસ્માત વિમા પોલીસી એક વર્ષ માટે લેવાની હોઈ રસ ધરાવતી વિમા કંપનીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. જેના કોરા ટેન્ડર ફોર્મ ડીસા નગરપાલિકા કચેરીએથી રૂા.૧૦૦/- ભર્યેથી ઓફીસ સમય દરમ્યાન રૂબરૂ મળી શકશે. ટેન્ડર ફોર્મ તા.૦૫/૦૪/૨૦૧૮ સુધી આપવામાં આવશે. ભરેલા ટેન્ડર તા.૧૦/૦૪/૨૦૧૮ સુધી નગરપાલિકા કચેરીએ મોકલી આપવાના રહેશે.**

**શરતો :-**
**(૧) શરતી ટેન્ડર માન્ય ગણાશે નહીં.**
**(૨) આવેલ ટેન્ડર મંજુર નામંજુર કરવાની સત્તા ડીસા નગરપાલિકાની રહેશે.**

**નં.પા./વહટ/વશી ૨૦૧૭/૧૮**
**નગરપાલિકા કચેરી** — **ડીસા નગરપાલિકા**
**ડીસા, તા.૨૭/૦૩/૨૦૧૮** — **ડીસા**

# તંત્રી સ્થાનેથી ...

## સદાય પ્રસન્ન રહેનાર પોતે પણ સુખી થાય છે અને બીજાને પણ સુખી કરે છે.

# ભારતમાં રાષ્ટ્ર શું છે

એમા કોઈ શંકા નથી કે સ્વાધીનતાના સાડા છ દાયકા પછી આજે પણ ભારતમાં રાષ્ટ્ર શુ છે, તેની પરિકલ્પના શુ છે, તે એક દિશા વગરની ચર્ચા બની ચૂકી છે. જ્યારે એક દેશ કેવી રીતે બને છે, તેને કોણ બનાવે છે. એ દેશ શબ્દમાં જ સુસ્પષ્ટ છે, સુપરિભાષિત છે દેશને સમજવો હોય તો સર્વપ્રથમ તેની એકતાને સમજવી યોગ્ય રહેશે. આ એકતા છે ઘર કે પરિવાર કેવી રીતે બને છે ? જવાબ છે ઘર કે પરિવારને માટે જોઈએ એક નિશ્ચિત ચાર દિવાલથી ઘેરાયેલ ભૂ-ભાગ. પછી તે ઘરમાં રહેનારા પરિવાર વચ્ચે રાગાત્મક અને આત્મીય સંબંધ, તે ઘર-પરિવારની પોતાની પરંપરાઓ, સંસ્કાર અને સંસ્કૃતિ અને સમાન મિત્ર અને સમાન શત્રુ. આ લક્ષણ જો એક ઘર કે પરિવારમાં છે, તો આપણે તેને એક આદર્શ પરિવાર કે આદર્શ ઘર કહીએ છીએ. બિલકુલ આ જ હકીકત કે લક્ષણ દેશ પર લાગૂ થાય છે. કારણ દેશ કોઈ માત્ર જમીનનો ટુકડો જ નથી. ભારતમાં રાષ્ટ્રની પરિકલ્પના એક અત્યંત પ્રાચીન પરિકલ્પના છે. ગંગોત્રીથી પાણી લઈને રામેશ્વરમ પર અભિષેક કરવો અને ચારો ધામની યાત્રા કરવાના સંસ્કાર આ સેતુ હિમાચલ દેશને એક સૂત્રમાં બાઁધવાની જ પરિકલ્પના છે. આ કહેવુ ખોટું હશે કે સ્વાધીનતા પછી કે અંગ્રેજોની દેનથી ભારત એક રાષ્ટ્રના રૂપમાં સ્થાપિત થયો. આ ઈતિહાસના પ્રત્યે આપણી અજ્ઞાનતાનુ વિસ્મરણનુ સૂચક છે.

દેશ બને છે તેની સંસ્કૃતિથી, તેની પરંપરાઓથી, ત્યાંના રહેવાસીઓના મનમાં દેશ પ્રત્યે નિશ્ચિત ખુમારીથી. તેથી વિવિધ સંસ્કૃતિઓનો સમાવેશ કરનારો અમેરિકા દેશ પણ નાગરિકતા આપતા પહેલા પોતાના નિવાસીઓને એક લેખિત પરીક્ષામાં રાષ્ટ્રપ્રેમ સંબંધી સવાલો પૂછે છે. અમેરિકાના પૂર્વજો પ્રત્યે, અમેરિકાને સ્થાપિત કરનારાઓ વિશે. તમારા વિચારો જો રાગાત્મક હોય તો જ અમેરિકામાં તમારે માટે સ્થાન છે. આ આપણા માટે દુર્ભાગ્યની વાત છે કે સ્વતંત્રતાના સાડા છ દશકા પછી પણ ભારત આજે ઈંડિયા છે. સંજ્ઞાનુ ભાષાંતર, નામનુ ભાષાંતર એક દુર્ભાગ્યપૂર્ણ દુ:ખદાયક ઉદાહરણ છે. જેના કારણે ૧૯૨૯માં રાવીના તટ પર આઝાદીનો સંકલ્પ લીધા પછી ૧૯૪૭માં રાવી આપણી પાસે નથી. કાશ્મીર સળગી રહ્યુ છે. પૂર્વાચલમાં આગ ભડકી રહી છે પંજાબ- હરિયાણાની વચ્ચે પાણીમાં આગ છે. આજે પણ આપણે ધર્મ કે સંપ્રદાયનાં નામે એક બીજાનું ગળુ કાપી નાંખતા ખચકાતા નથી અને આપણાં જ પાડોશીનાં ઘરને આગ ચાંપી દેવામાં આપણો હાથ કાંપતો નથી. આ પરિદ્રશ્ય બદલવું આજે સમયની પહેલી માંગ છે. જેને માટે જરૂરી છે કે રાષ્ટ્રીય પ્રેમથીથી ઓતપ્રોત તાકતો એકત્ર થાય, સ્વાર્થીઓને દૂર કરો અને એક સમૃધ્ધશાળી ભારતની રચના કરો, જેનુ એમાં સામર્થ્ય છે. આવો આ સ્વતંત્રતા દિવસ પર આપણે આ જ શુભકામના આ જ સંકલ્પ કરીએ.

# બહુભાષી સંગીતમય પ્રસ્તુતિએ કર્યું અમદાવાદને મંત્રમુગ્ધ



અમદાવાદ

૮માં થિયેટર ઓલિમ્પિક્સમાં આજે શહેરના લોકોને બહુભાષી નાટક 'જોગિયાર મહાભારત' જોવાની તક મળી. આ નાટક મિયોજ ઓફ હરિયાણા એન્ડ રાજસ્થાનના પંડુઆના કફ્રે પર આધારિત છે. દિનેશ યાદવ દ્વારા નિર્દેશિત આ નાટકનું ક્લાઈમેક્સ એક 'ચક્રવ્યુહ'ની સાથે આવે છે, જ્યાં કંડક્ટર બીજા ઈન્સ્ટ્રુમેન્ટ્સની સાથે દ્રુત્તાલની જુંગલબંદી કરે છે.

ગુરૂવારે, અમદાવાદમાં 'તમાશા ના હુઆ' નાટકની પ્રસ્તુતિ થશે. આ એક હિન્દી નાટક છે, જેનું નિર્દેશન ભાનૂ ભારતીએ કર્યું છે, જેની પ્રસ્તુતિ આજે થિયેટર કંપની, નવી દિલ્લી દ્વારા કરવામાં આવશે.

થિયેટર આલમ્પિક્સ ૨૦૧૮ના અમદાવાદ ચેપ્ટરનું આયોજન રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય દ્વારા સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારના તત્વાવધાનમાં, અમદાવાદ નગર નિગમ તથા સંસ્કૃતિ વિભાગ, ગુજરાત સરકારના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

**આત્મચિંતન**

# આત્મ જાગરણ માટે ધ્યાન યોગની આવશ્યકતા

મન જંગલી હાથી જેવું છે, જેને પકડવા માટે પાળતું પ્રશિક્ષિત હાથી મોકલવા પડે છે. સાધેલી બુદ્ધિ પાલતું હાથીનું કામ કરે છે. ધ્યાનના દોરડાથી જકડીને તેને કાબુમાં લાવે છે અને સત્પ્રયોજનમાં સંલગ્ન થઈ શકવામાં યોગ્ય સુસંસ્કૃત બનાવે છે.

લીલા ઘાસમાં રહેનારી ઈયળો પણ લીલા રંગની હોય છે, પણ જો તેમને સુકા ઘાસમાં રહેવું પડે તો કેટલાક સમય બાદ તેઓ તે જ રંગના જ થઈ જાય છે. આ ધ્યાન સાધનાનો ચમત્કાર છે. જે વાતાવરણ મસ્તિષ્કમાં છવાયેલું રહે છે, વ્યક્તિ એ જ ઢાંચામાં ઢળવા લાગે છે. ભગવત ચિંતનથી માત્ર મન : સ્થિતિ જ નહિ પરંતુ આખા જીવનની સત્તા એ જ ઢાંચામાં ઢળવા લાગે છે.

પાણીનો સ્વાભાવ નીચે પડવાનો છે. તેને ઉપર ઉઠાવવું હોય તો પંપ, ચરખી વગેરે લગાવવું પડશે. નિમ્નગામી અને પતનોન્મુખ પ્રવૃત્તિઓમાં જ આપણી મોટાભાગની શક્તિઓ નષ્ટ થઈ જાય છે. તેને ઉપર ઉઠાવવા માટે મસ્તિષ્કમાં દિવ્ય પ્રયોજનો માટે પ્રયુક્ત થવાની ધ્યાન પ્રક્રિયા અપનાવવી પડે છે. નીચેના માળ ઉપર લગાડેલા નળનું પાણી વહેવાનું જ્યારે બંધ થઈ જાય છે ત્યારે જ ઉપરના માળના નળમાં પાણી આવે છે. નિમ્નગામી પ્રવૃત્તિઓમાંથી મન હટાવીને બ્રહ્મલોકમાં, મસ્તિષ્કમાં તેને કેન્દ્રિત કરવાનું કાર્ય ધ્યાન સાધનાથી જ સંપન્ન થાય છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# વક્રાંગી લિમિટેડે બ્લૂ ડાર્ટ એક્સપ્રેસ લિમિટેડ સાથે વ્યૂહાત્મક જોડાણ કર્યું

વક્રાંગી લિમિટેડે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની વક્રાંગે લોજિસ્ટિક્સ પ્રાઈવેર્ટ લિમિટેડ(વીએલપીએલ) દ્વારા પેન ઈન્ડિયાના આધારે અંતિમ માઈલ કુરિયર અને લોજિસ્ટિક્સ સેવાઓ આપવાં માટે બ્લુ ડાર્ટ એક્સપ્રેસ લિમિટેડ સાથે ભાગીદારી કરી રહી છે.બ્લુ ડાર્ટ સાથેની વ્યવસ્થા મુજબ, વક્રાંગી કેન્દ્રો મારફત વી.એલ.પી. નાગરિકોને કુરિયર પિક-અપ અને ડિલિવરીની સેવાઓ વિશ્વસવીય અને અસરકારક રીતે પૂરી પાડશે. પ્રથમ તબક્કામાં, વીએલપીએલ બ્લુડાર્ટ સાથે મળીને મહારાષ્ટ્રમાં પસંદગીના સ્થાનો પર અંતિમ માઈલ ડિલિવરી સેવાઓ બહાર પાડવાનું આયોજન ધરાવે છે, જે સમગ્ર દેશમાં વક્રાંગે કેન્દ્રના સમગ્ર નેટવર્કને આગળ વધારવા માટે સંમતિ આપશે. "આ વ્યૂહાત્મક ભાગીદારી એ ઈ-કોમર્સ ઉદ્યોગ માટે ગેમ ચેન્જર છે જે ભારતની મોટી ગ્રામીણ આબાદીના સામાનોની ડિલીવરી માટે સંઘર્ષ કરી રહી છે. બ્લુ ડાર્ટ એક પ્રસિદ્ધ બ્રાન્ડ છે અને આ જોડાણ અમારા માટે અગત્યનું છે કારણકે, અમે દેશભરમાં નાગરિકોને કુરિયર બુકિંગ અને અંતિમ માઈલ ડિલિવરી સેવાઓ પૂરી પાડવા માટે અમારી લોજિસ્ટિક સેવાઓને વધારીએ છીએ. આ જોડાણ અમારા ફ્રેન્ચાઈઝીઓ માટે આવક ઉપરાંતના સ્ત્રોતો પણ ખોલશે. વક્રાંગી લિમિટેડ દરેક ભારતીયને સેવા આપવાનું વચન આપે છે, તેઓ આધુનિક દિવસની પ્રોડક્ટ્સ અને સેવાઓની વિશાળ શ્રેણી માટે યોગ્ય પહોંચ છે."

# ગુજરાતમાં ૭૦ ટકા મોટર ઈન્સ્યોરન્સ બિઝનેસમાં પાંચ શહેરોનું યોગદાન

શું તમે જાણો છો? પોલિસીબાઝાર.કોમના 'પ્રોડક્ટ એન્ડ ઈનોવેશન' સેન્ટર દ્વારા ડિજિટલ કાર ઈન્સ્યોરન્સ કસ્ટમર્સના વલણો અંગે વિશ્લેષણાત્મક એવો ઈન્ડસ્ટ્રીના જાહેર કરાયેલા પ્રથમ રિપોર્ટ અનુસાર એવો ખુલાસો થયો છે કે મારૂતિ, હોન્ડા અને હ્યુન્ડાઈ દ્વારા મેન્યુફેક્ચર કરાતી કારોનો ઉપયોગ કરતા ગ્રાહકો દ્વારા રાજ્યમાં મોટર ઈન્સ્યોરર્સ માટે ૬૦ ટકા બિઝનેસ આપવામાં આવે છે. સંશોધનમાં એમ પણ દર્શાવવામાં આવ્યું હતું કે લગભગ ૭૦ ટકા બિઝનેસ મોટર ઈન્સ્યોરર્સ માટે અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર અને રાજકોટના ગ્રાહકો દ્વારા જ આપવામાં આવે છે.'ભારતમા કાર ઈન્સ્યોરન્સ નીતિઓ વાહનો અને ભૌગૌલિક સ્થિતિના આધારે કિંમતો નક્કી કરે છે, ડ્રાઈવર્સના આધારે નહીં. જેના પરિણામે સારા અને ખરાબ બંને ડ્રાઈવર્સ માટે એકસરખી જ કિંમત રહે છે. ૩ લાખ પોલિસીબાઝાર.કોમના ગ્રાહકો કે જેમણે અમારી પાસેથી કાર ઈન્સ્યોરન્સ ખરીદ્યો છે, તેમના વલણનો અભ્યાસ કર્યા પછી અમે તેમના દાવાઓની પેટર્ન અને ભવિષ્યમાં થઈ શકનારા દાવાઓની સંભાવનાઓનુ વિશ્લેષણ કરવા સક્ષમ બન્યા હતા. આ રિપોર્ટમાં ગ્રાહકોના ડિજિટલ ખરીદીના વલણો અને દાવાઓ વચ્ચેના સંબંધ અંગે પણ છણાવટ કરવામાં આવી છે.'આ રિપોર્ટ 'ડ્રાઈવિંગ ધ ડિજિટલ વે: ધ વર્લ્ડ ઓફ કાર ઈન્સ્યોરન્સ બાયર્સ' માં દેશભરના ૩ લાખ ડિજિટલ કન્ઝ્યુમર્સના વલણોનું વિશ્લેષણ કરાયા પછી તૈયાર કરાયો છે. જેમાં ભારતમાં કઈ રીતે કાર ઈન્સ્યોરન્સ પ્રિમિયમની કિંમત નક્કી થાય છે તેના પર લક્ષ આપીને સુમાહિતગાર ચર્ચા શરૂ કરવામાં આવી હતી. આ રિસર્ચમાં એમ પણ દર્શાવાયું છે કે અમદાવાદ, સુરત અને વડોદરામાં ૭૦ ટકા લોસ રેશિયો (એલઆર) જોવા મળે છે જે ૭૬ ટકા ઈન્ડસ્ટ્રી રેશિયોથી ઓછો છે.'વિકસિત માર્કેટ્સમાં કાર ઈન્સ્યોરન્સ ગ્રાહકો અનેક વ્યક્તિગત લાક્ષણિકતાઓના આધારે તેની કિંમત ચૂકવે છે, કારની વિગતોનાં આધારે નહીં. ભારતમાં હાલનું પ્રાઈસીંગ મોડેલ ચેનલ અને કોસ્ટ કન્સીડરેશનનું પરિણામ છે.

# બ્રિજસ્ટોન ઈન્ડિયા ટાટા મેમોરિયલ હોસ્પિટલ, મુંબઈને સ્તન કેન્સરના દરદીના ઉપચાર સહાય માટે ઈક્વિપમેન્ટ અને યોગદાન આપે છે



બ્રિજસ્ટોન ઈન્ડિયા પ્રા. લિ.એ સ્તન કેન્સરના દરદીઓને આધાર આપવા માટે તેની ફ્લેગશિપ પહેલ ઈબાયહર સાઈડ-પિંક વાલ્વ કેપ કેમ્પેઈન (#byherside - Pink Valve Cap Campaign) હેઠળ ટાટા મેમોરિયલ હોસ્પિટલ, મુંબઈને વિશ્વ કક્ષાની આધુનિક ટેકનોલોજીનાં ઈક્વિપમેન્ટ (ફ્લોબીમ-આઈસીજી ફ્લોરોસ્કોપી ઈમેજિંગ ડિવાઈસ) આપ્યાં છે, જે ભારતમાં અનોખું ઈન્સ્ટોલેશન છે અને હાલમાં વિશ્વભરમાં જૂજ વિકસિત દેશોમાં તે ઉપલબ્ધ છે. ઉપરાંત યોગદાનનો એક હિસ્સો ગરીબ સ્તન કેન્સરના દરદીના ઉપચાર સહાય કાર્યક્રમ માટે ઉપયોગ કરાશે. બ્રિજસ્ટોને ઓક્ટોબર ૨૦૧૭માં રોજ પ્રત્યે જાગૃતિ ફેલાવવા અને વહેલું નિદાન અને ઉપચારના મહત્ત્વને આલેખિત કરવા પર કેન્દ્રિત છે. સ્તન કેન્સર સ્ત્રીઓમાં મૃત્યુ માટે મુખ્ય કારણમાંથી એક માનવામાં આવે છે અને તેથી બ્રિજસ્ટોને આ કાજ માટે જરૂરી ધ્યાન ઊપજાવવા અને સતર્કતા લાવવાની જવાબદારી ઉઠાવી લીધી છે.સમારંભ દરમિયાન બ્રિજસ્ટોન ઈન્ડિયાના મેનેજિંગ ડાયરેક્ટર પરાગ સાતપુતેએ કુલ રૂપિયા સત્યાસી લાખ અને પચાસ હજાર (રૂ. ૮૭.૫)ની કુલ રકમનો ચેક ટાટા મેમોરિયલ હોસ્પિટલના ડાયરેક્ટર ડો. રાજેન્દ્ર બડવેને સોંપ્યો હતો. આ યોગદાનનું લક્ષ્ય સ્તન કેન્સરથી પીડાતા કમભાગીઓને ટેકો આપવાનું છે. ઉપચાર માટે ઈક્વિપમેન્ટ અને ભંડોળથી ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં દેશવિદેશમાંથી વર્ષે આવતા ૬૪,૦૦૦થી વધુ દરદીઓને ટેકો મળવાની ધારણા છે. આ કેન્સરના દરદીઓમાંથી લગભગ ૬૦ ટકાને હોસ્પિટલમાં રોગહર સંભાળ અપાય છે તેઓ જરૂરતમંદ હોય છે અને નિ:શુલ્ક ઉપચાર કરવામાં આવે છે. આવા પ્રયાસોથી ગરીબ દરદીઓને રોગ સામે લડવામાં મદદ મળશે અને કાજ માટે જાગૃતિ પણ વધશે. અમે સ્તન કેન્સરથી પીડાતા દરદીઓ માટે તેમનો ઉદાર ટેકો આપવા માટે બ્રિજસ્ટોનના આભારી છીએ.

# અય્યાઝ અહમદ &TV પર અગ્નિફેરામાં બેડબોયની ભૂમિકા ભજવશે



&TV પર ફિકશન ડ્રામા અગ્નિફેરાએ ગૂંચ ભરી પ્રેમકથા સાથે દર્શકોનું ધ્યાન આકર્ષિત કરી રાખ્યું છે.હવે વિશુ (મોહકખુરાના) ના મૃત્યુ પછી ચેનલે અત્યંત ડેશિંગ અય્યાઝ અહમદને પરિવારમાં ડ્રામાને વધુ રોચક બનાવવા માટે સૃષ્ટિ (સિમરન કૌ) સામે રોક્યો છે. અય્યાઝ અહમદ છેલ્લે સંતોષી મા શોમાં ધૈર્ય તરીકે જોવા મળ્યોહતો, જે હવે અગ્નિફેરામાં સંપૂર્ણ અલગ પાત્ર ભજવતો જોવા મળશે. તે કાનપુરનો અહમીલો ગુંડો બૈજુ ભૈયાની ભૂમિકા ભજવશે. તે કાયદા તોડતો હોવાથી સૃષ્ટિ તેને ધિક્કારેછે, જેને લીધે આબંને સામસામે આવશે. બૈજુભૈયાની એન્ટ્રી સાથે અગ્નિફેરાની વારતા અત્યંત રસપ્રદ વળાંક લેશે એવું લાગેછે.વધુ જાણકારી માટે જોતા રહો અગ્નિફેરા, દર સોમવાર થી શુક્રવારે રાત્રે ૮,ફક્ત &TV પર!

# ૨૭મી માર્ચ વિશ્વરંગભૂમિ દિવસ અને વિશાલાનો જન્મદિવસ નિમિત્તે૮૦ વર્ષથી ઉપરના વડીલ નાટ્ય કલાકારો અને ૨ યુવા નાટ્ય કલાકારોનું સન્માન



અમદાવાદ
૨૭મી માર્ચ

વિશ્વ રંગભૂમિ દિવસ અને ૨૭ મી માર્ચ વિશાલાનો જન્મદિવસ એક યોગાનુયોગ છે.આ નિમિત્તે વર્ષ ૨૦૧૨ થી ૮૦ વર્ષથી ઉપરના વડીલ નાટ્ય કલાકારોનું સન્માન કરી અને અવોર્ડ આપવાનું કાર્ય શરૂ કરવામાં આવું છે. આ વર્ષે ૧૫ જેટલા વડીલ નાટ્ય સમ્રાટોનું અભિવાદન, પૂજન એ સન્માન કરવામાં આવશે. વળી યુવાનો માટે એમ વિચાર કર્યો કે તેમાંથી પ્રતિભાશાળી યુવાન નાટ્ય કલાકાર મિત્રોને પણ સન્માનીત કરીએ. આ વર્ષે ૨ યુવા નાટ્ય કલાકારોને સન્માનિત કરવામાં આવશે. પદ્મશ્રી ડો.પંકજ શાહ અને પદ્મશ્રી ઝવેરીલાલ મહેતા પધારી કલાકારોને સન્માનીત કરશે. ૨૭મી માર્ચ જે કલાકારોનું સન્માન કરવામાં આવનાર છે. તે કલાકારોનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે ઉંમરના આ મુકામે વિશાલના સ્થાપક સુરેન્દ્રભાઈ પટેલ દ્વારા અમારૂ સન્માન થાય તે અમારા માટે પ્રશંસનીય અને ગૌરવપૂર્ણ ઘટના બની રહેશે. વળી યુવા કલાકારોનું સન્માન થાય યુવા પેઢી રંગમંચ તરફ આકર્ષાશે.

# એન્ડ પિક્ચર્સ પ્રસારિત કરે છે, રોમેન્ટિક- કોમેડી, પ્યાર કા પંચનામા,૩૧મી માર્ચ,સવારે ૧૧.૩૦ વાગ્યે




ત્રણ લાંબા સમયથી એકલા જીવતા કુંવારાઓ, જ્યારે પ્રેમમાં પડે છે, ત્યારે તેમના જીવનમાં મુશ્કેલી અનુભવે છે. તેઓ એકબીજા સાથેનું જોડાણ ભૂલી જાય છે અને તેમને ખરેખર લાગવા માંડે છે કે, છોકરીઓ શુક્ર પરથી જ આવેલી હોય છે, કેમ કે, તે સુર્યમંડળનો સૌથી અવિભાજ્ય અને અસંગત ગ્રહ છે. અભિષેક પાઠક દ્વારા પ્રોડ્યુસ અને લવ રંજન દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલી મૂવી પ્યાર કા પંચનામા એ પેટ પકડીને હસાવતી રોમ-કોમ છે, જે ત્રણેય છોકરાઓની દુર્દશા પર દર્શકોને હસીને લોટપોટ કરાવે છે. કાર્તિક આર્યન, રાયો એસ બખિર્તા, દિવ્યેન્દુ શર્મા, સોનાલી સેહગલ, નુસરત ભરુચા અને ઈશિતા રાજ શર્મા અભિનીત પ્યાર કા પંચનામા, એન્ડપિક્ચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ પર, શનિવાર ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ સવારે ૧૧.૩૦ વાગ્યે પ્રસારિત થશે.સ્પષ્ટ અને વધારે પડતી ટિકા કરનાર નિશાંત અગ્રવાલ (દિવ્યેન્દુ શર્મા) એક સુંદર નવી સહકર્મી ચારુ (ઈશિતા રાજ)ને મળે છે, તેને તેની મદદ ઓફર કરે છે, તેને નાણાકીય સહાય પણ પૂરી પાડે છે અને તે નજીકના મિત્રો બની જાય છે. તેના રૂમમેટ્સ, રજત (કાર્તિક આર્યન) અને વિક્રાંત (રાયો એસ બખિર્તા) પણ તેની આ વાતથી ખૂશ છે, કારણકે તેમની પાસે પહેલાથી જ ગર્લફ્રેન્ડ્સ અનુક્રમે નેહા (નુસરત ભરુચા) અને રિયા (સોનાલી સેહગલ) હોય છે. પણ બંનેના સંબંધ સુવ્યવસ્થિત નથી, કારણકે, રજતને લાગે છે, નેહા એ આત્મકેન્દ્રીત અને માંગણી કરનારી છોકરી છે, જ્યારે રિયા કંઈક અલગ અને પાછી પડતી છોકરી લાગે છે. તેમની મુલાકાત અને બારમાં થતી મસ્તીને યાદ કરીને આ ત્રણેય મિત્રો એકલા થોડા સમય માટે બહાર જવાનું વિચારે છે. ત્રણેય છોકરીઓને કોઈપણ રીતે આ વાતની ખબર પડી જાય છે અને જ્યાં તેઓ ફરવા જવાનું વિચારતા હોય છે, તે દરિયા કિનારા પર તેમની સાથે જવાનું વિચારે છે. ત્રણેયને નથી ખબર કે, જલ્દીથી તેમની વચ્ચે કંઈક ગેરસમજ ઉભી થશે અને તેને ઉકેલવા માટે તેમને ઘણા પ્રયત્ન અને સમજણ જોશે. શું તેમના સંબંધો ત્યારબાદ પહેલા જેવા થઈ જશે?

# અમેઝોન ઈન્ડિયાએ ગુજરાતના કચ્છમાં સ્થાનિક કળા કારીગરો માટે વર્કશોપ યોજ્યો



કચ્છ

અમ`ઝા`ન ઈન્ડિયાએ ભારત જે રીતે લેવેચ કરે છે તેમાં પરિવર્તન લાવવાના પોતાના ધ્યેયની રેખામાં કચ્છમા પ્રદેશના સ્થાનિક કારીગરો અમેઝોન. ઈન પર તેમની પ્રોડક્ટો સીધી જ વેચી શકે તેમાટે તેમને તાલીમબદ્ધ કરવા અને અભિમુખ બનાવવા માટે વર્કશોપનું આયોજન કર્યું હતું. આ વર્કશોપનું લક્ષ્ય સ્થાનિક કારીગરોને ઓનલાઈન વેચાણની ખૂબીઓ સમજાવવા અને ભારતની ફૂલતી ફાલતી ડિજિટલ અર્થવ્યવસ્થાનો હિસ્સો બનવા અને લાભ લેવા માટે સુમાહિતગાર કરવાનું અને મદદરૂપ થવાનું છે. આ વર્કશોપ થકી આ કારીગરોને ઓનલાઈન પ્રોડક્ટો કઈ રીતે વેચવી અને તેમની અજોડ પ્રોડક્ટો માટે યોગ્ય ભાવ કઈ રીતે મેળવવો તેની પર તાલીમ અપાશે. ઓનલાઈન પોર્ટફોલિયોમાં હેન્ડિક્રાફ્ટ આઈટમો, હાથથી બનાવેલી બેગ અને વસ્ત્રો જેવી પ્રોડક્ટો જેને શહેરી વિસ્તારોમાં ભરપૂર સંભાવના અને માગણી છે તેનો સમાવેશ થાય છે. લગભગ ૫૦ સ્થાનિક કારીગરોએ ઓનલાઈન વેચાણની ખૂબીઓ સમજવા માટે વર્કશોપમાં હાજરી આપી હતી. સ્થાનિક કારીગરોને પહોંચી વળવા અને પ્રોત્સાહન આપવા માટ `વર્કશોપમાં પ્રદેશમાંથી અમેઝોન. ઈન પર મોજૂદ વિક્રેતાઓના સમાવેશ થતો હતો. આમાં ખમીર અને સૃજન જેવી સંસ્થાઓના સભ્યોનો સમાવેશ થતો હતો, જેઓ કચ્છની સમૃદ્ધ કળાકારીગરીની પરંપરાઓને મજબૂત બનાવવા અને પ્રોત્સાહન આપવા માટે કામ કરે છે. વર્કશોપમાં સ્થાનિક કળા કારીગરોને તેમની પ્રોડક્ટો ઓનલાઈન વેચવા અને ઓનલાઈન વેચાણના લાભો સમજવામાં તેમને મદદરૂપ થવા માટે સહભાગી કરવા માટે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત અમેઝોન ઈન્ડિયા આ સમય દરમિયાન સ્થાનિક કારીગરો સાથે તેમના નિયમિત ઈન્ટરએકશન થકી વિવિધ સેવાઓ પૂરી પાડશે, જેમાં વેચાણક્ષમ પ્રોડક્ટો ઓળખવા કેટલોગિંગ, ઈમેજિંગ, ટેકનિકલ માર્ગદર્શન અને ટેકો અને અન્ય પ્રમોશનલ પ્રવૃત્તિઓનો સમાવેશ થતોહતો

# પંચવર્ષીય યોજનાઓનો ઢાંચો બદલો

વિશાળ ભારતની સમસ્યાઓનો ઉકેલ અન્ડર કે ઓવરબ્રીજ બા-ંધવામાં વન-વે ટ્રાફીક નિયમન કરવામાં ગગનચુંબી ઈમારતો બા-ંધવામાં બે શહેર વચ્ચેનું અંતર ઘટાડવામાં કે વધુ ટ્રેનો દોડાવવામાં નથી. (આવા થીંગડા મારવાથી સમસ્યાનું કાયમી અને સચોટ નિરાકરણ આવતું નથી.) પણ ગ્રામ્ય અર્થતંત્રમાં ઉત્સાહ અને ધગશ સાથે ગતીશીલતા લાવી ગામડાને ફરી પુનઃ જીવીત કરવામાં છે. દેશનો સાચો આધાર ગામડું, ગામડાની ખેતી, પશુપાલન અને ગ્રામોદ્યોગ જ છે. (અલબત્ત એ પણ પરદેશના પરાવલંબી મોડેલ થકી નહીં પણ પરંપરાગત દેશી ભારતીય પદ્ધતિ પ્રમાણે) વર્તમાન અર્થતંત્રનો પંચવર્ષીય યોજનાઓનો ઢાંચો જ્યાં સુધી આ રીતે બદલાશે નહીં ત્યાં સુધી સરકાર ગમે તે આવે પ્રજાને સાચા સુખ ચેન અને શાંતિ મળી શકશે નહીં.

ભારત વર્ષની યુગોયુગની સંસ્કૃતિ રીતરિવાજોમાં આપણી સમસ્યાઓનો ઉકેલ સંભવતઃ આજે પણ સમાયેલો છે. જે કેટલાક અંશે મુળમાં, કુળમાં અને આપણા હાથમાં છે. ૧૬-૨-૯૮

ભુતકાળ તરફ નજર કરીએ તો દરેક ગામ, શહેર પોતાની એક આગવી ઓળખ ધરાવતું હતું. દરેક પ્રદેશની પોતાની એક અનોખી ખાસીયત હતી. યંત્રવાદ અને પશ્ચિમી સંસ્કૃતિના આક્રમણ સાથે ધીમે ધીમે એ સ્થાનીક કળા, કારીગરી લુપ્ત થતી ગઈ અને આ વિશિષ્ટતાઓ ઘણે અંશે નષ્ટ થઈ ઢાકાની મલમલ આંધ્રની ધોતી અને પાટણનાં પટોળાં હવે ભુતકાળની વાત થઈ ગઈ છે. જામનગરી બાંધણીઓનો વેપાર જોકે આજે પણ ચાલે છે. મશીનો ન હતા ત્યારે દોરાં વડે કપડાં પર ગાંઠ મારી ડીઝાઈન બનાવવામાં આવતી અને બાંધણીમાં દેશી કલર જ વપરાતા. આમ ભારતના લાખો ગામડાઓનાં કરોડો માનવીઓ જીવન જરૂરીયાતની ચીજો માનવશક્તિ અને પશુશક્તિ દ્વારા પુષ્કળ પ્રમાણમાં પેદા કરતાં અને દેશ વિદેશની બજારોમાં (સ્થાનિક જરૂરીયાત સંતોષાયા પછી) ઠાલવતા હતા.

આમ જીવન અને જગતના પ્રશ્નોનો રામબાણ ઈલાજ પ્રાચીન સમયે ગ્રામ્ય વ્યવસ્થામાં સમાયેલો છે. માનવ સમાજ કુદરતના ખોળે પાછો ફરે એમાં જ સૌનું હીત અને કલ્યાણ છે.

**સેવંતી મ.સંઘવી**

## એમએમપી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એસએમઈ આઈપીઓનો શેરદીઠ પ્રાઈઝ બેન્ડ રૂ. ૧૮૬-૧૮૮, ઓલ્ડબ્રિજના વાન્ટેજ ઈક્વિટી ફંડ અને રિઝોનર કેપિટલ લિમિટેડે એન્કર ઈનવેસ્ટમેન્ટના ૧૦૦ ટકા સબસ્ક્રાઈબ કર્યું

મુંબઈ

ઓલ્ડ બ્રિજનું વાન્ટેજ ઈક્વિટી ફંડ અને રિઝોનર કેપિટલ લિમિટેડે એમએમપી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ઈશ્યૂ માટે એન્કર બુક રિઝર્વના ૧૦૦ ટકા સબસ્ક્રિપ્શન કર્યું છે. આઈપીઓમાં કુલ એન્કર બુક રિઝર્વ રૂ. ૨૪.૦૯ કરોડ છે, જેમાંથી વાન્ટેજ ઈક્વિટી ફંડે રૂ. ૨૦ કરોડ (અંદાજે) અને રિઝોનર કેપિટલ લિમિટેડે રૂ. ૧૦ કરોડ (અંદાજે)નું રોકાણ કર્યું છે, જેના પરિણામે ઈશ્યૂ ૧.૨૫ ગણો છલકાયો છે. એમએમપી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (એમએમપીઆઈએલ) મુખ્યત્વે એલ્યુમિનિયમ પ્રોડક્ટ્સના ઉત્પાદન સાથે સંકળાયેલી છે. છેલ્લાં ત્રણ દાયકાની કામગીરીમાં કંપની એલ્યુમિનિયમ પાઉડર અને એલ્યુમિનિયમ પેસ્ટના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે અગ્રણી કંપની તરીકે ઉભરી આવી છે.એમએમપીઆઈએલ શેરદીઠ રૂ. ૧૮૬-૧૮૮ના પ્રાઈઝ બેન્ડ સાથે ૪૫ લાખ ઈક્વિટી શેર ઈશ્યૂ કરી રહી છે અને ઈશ્યૂના લોટની લઘુત્તમ સાઈઝ ૬૦૦ ઈક્વિટી શેર રાખવામાં આવી છે. ઈશ્યૂ દ્વારા ઉભા કરાયેલા ભંડોળનો ઉપયોગ એટમાઈઝ્ડ એલ્યુમિનિયમ પાઉડર, પ્યોરો, ફ્લેક એલ્યુમિનિયમ પાઉડર અને એલ્યુમિનિયમ ફોઈલ્સના ઉત્પાદન માટે નવા એકમની સ્થાપના કરવા, લોનના પ્રી-પેમેન્ટ અથવા રિ-પેમેન્ટ તથા કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરવામાં આવશે. રિસ્ટેટેડ ફાયનાન્સિયલ સ્ટેટમેન્ટ મૂજબ નાણાકીય વર્ષ ૨૦૧૭માં કંપનીની કુલ આવકો ૧૨ ટકા વધીને રૂ. ૨૦૩.૯૩ કરોડ નોંધાઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૬માં રૂ. ૧૮૧.૨૦ કરોડ હતી. વર્ષ ૨૦૧૭માં સમાપ્ત થયેલા છ મહિના માટે આવકો રૂ. ૧૦૫.૫૬ કરોડ નોંધાઈ છે. નાણાકીય વર્ષ ૨૦૧૬માં કંપનીનો કર બાદનો નફો (પીએટી) ૭.૭૮ કરોડ હતો, જે ૭૭.૮૮ ટકા ઉછળીને નાણાકીય વર્ષ ૨૦૧૭માં રૂ. ૧૩.૮ કરોડ નોંધાયો છે. વર્ષ ૨૦૧૭માં સમાપ્ત થયેલા છ મહિના માટે કંપનીનો પીએટી રૂ. ૬.૪૦ કરોડ રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૫થી ૨૦૧૭ દરમિયાન કુલ આવકો ૧૩.૬૨ ટકા વધી છે, જ્યારેકે સમાન સમયગાળામાં પીએટી ૯૩.૨૬ ટકા વધ્યો છે."આઈપીઓ દ્વારા ઉભા કરાયેલા ભંડોળથી કંપનીની ક્ષમતા વિસ્તરણ માટે જરૂરી મૂડી મેળવવામાં તથા નવી પ્રોડક્ટ્સના ઉમેરા અને નાણાકીય ખર્ચ ઘટાડવામાં મદદ મળી રહેશે."

## એવીજી લોજીસ્ટિક્સ લિમિટેડના એસએમઈ આઈપીઓમાં સિક્સ્થ સેન્સ ઈન્ડિયા અપોર્ચ્યુનિટિઝૈંએ એન્કર ઈનવેસ્ટમેન્ટ હિસ્સામાં ૧૦૦ ટકા સબસ્ક્રિપ્શન કર્યું

મુંબઈ

એવીજી લોજીસ્ટિક્સ લિમિટેડના એસએમઈ આઈપીઓના એન્કર ઈનવેસ્ટર હિસ્સાને નિખિલ વોરા દ્વારા પ્રાયોજિત સિક્સ્થ સેન્સ ઈન્ડિયા અપોર્ચ્યુનિટિઝૈં દ્વારા પૂર્ણ સબસ્ક્રાઈબ કરવામાં આવ્યો છે. ફંડે રૂ. ૯.૪૧ કરોડનું રોકાણ કર્યું છે, જે એન્કર ઈનવેસ્ટમેન્ટનો ૧૦૦ ટકા હિસ્સો છે અને ઈશ્યૂના કુલ કદનો ૨૮.૪૭ ટકા હિસ્સો ધરાવે છે. કંપની ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૦૫-૧૦૭ના પ્રાઈઝ બેન્ડ સાથે ૩૦.૯૦ લાખ ઈક્વિટી શેર્સ ઈશ્યૂ કરવાની દરખાસ્ત ધરાવે છે તેમજ લઘુત્તમ લોટ સાઈટ ૧,૨૦૦ શેર રહેશે. આ ઈશ્યૂ દ્વારા ઉભા કરાયેલા ભંડોળનો ઉપયોગ અગરતલા અને મૈસુરમાં વેરહાઉસિંગની સુવિધા સ્થાપવામાં તથા કાર્યકારી મૂડીની જરૂરિયાત પૂર્ણ કરવા માટે થશે.

ઉલ્લેખનીય છે કે કંપની લોજીસ્ટિક્સ અને વેરહાઉસિંગ સર્વિસિસમાં કાર્યરત છે. કંપની ૨૬૪ ટ્રક, રીફર કન્ટેનર્સ, બલ્કર્સ વગેરેનો કાફલો ધરાવે છે તેમજ કંપની પાસે ૩.૫૪ લાખ ચોરસફુટની વેરહાઉસિંગ જગ્યા છે. લોજીસ્ટિક્સ સેગમેન્ટમાં કંપની પોઈન્ટ-ટુ-પોઈન્ટ, લેસ ધેન/ફુલ ટ્રક લોડ અને નિર્ધારિત સમયમાં ટ્રાન્સપોર્ટેશન સેવાઓ પૂરી પાડે છે. વેરહાઉસિંગ સેગમેન્ટમાં કંપની વેરહાઉસિંગ, ડિસ્ટ્રિબ્યુશન અને અન્ય મૂલ્યવર્ધિત સેવાઓ જેમકે ટેમ્પરેચર કંટ્રોલ્ડ લોજીસ્ટિક્સ, કોલ્ડ ચેઈન વેરહાઉસિંગ, ટ્રાન્સપોર્ટેશન સોલ્યુશન્સ અને ઝડપથી બગડી જતાં સામાન અને પ્રોડક્ટ્સના વિતરણની સુવિધા ઓફર કરે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૭માં કંપનીની કુલ આવતો વધીને રૂ. ૧૯૪.૭ કરોડ થઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૬માં ૧૯૨.૨ કરોડ હતી. કંપનીના ટોચના પાંચ ક્લાયન્ટ્સમાં એફએમસીજી, ઓટો, પાઈપ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ વગેરેમાં કાર્યરત અગ્રણી ઈન્ડસ્ટ્રીનો સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૧૮ના પ્રથમ છ મહિનામાં કંપનીની આવકો રૂ. ૧૦૩.૪ કરોડ નોંધાઈ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૪થી ૨૦૧૭ દરમિયાન કંપનીની આવકો વાર્ષિક ધોરણે ૧૪ ટકા વધી છે. નાણાકીય વર્ષ ૨૦૧૭માં ઈબીઆઈટીડીએ માર્જીન વધીને ૮.૫ ટકા થયું છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૬માં ૮.૩ ટકા હતું. નાણાકીય વર્ષ ૨૦૧૮ના પ્રથમ છ મહિનામાં માર્જીન સુધરીને ૧૦ ટકા નોંધાયું છે. નાણાકીય વર્ષ ૨૦૧૭માં કર બાદનો નફો (પીએટી) ૧૫.૮ ટકા વધીને રૂ. ૪.૪ કરોડ થયો છે.

નાણાકીય વર્ષ ૨૦૧૮ના પ્રથમ નવ મહિના માટે કંપનીનો પીએટી રૂ. ૩.૫ કરોડ રહ્યો છે.

ખેલફલક
જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

# ભારત-વિન્ડિઝ વન-ડે તિરુવનંતપુરમમાં યોજાશે




કેરલા ક્રિકેટ એસોસિયેશન (કે. સી. એ.)એ ભારત અને વેસ્ટ ઈન્ડિઝની ટીમો વચ્ચેની વન-ડે ઈન્ટરનેશનલ મેચ ૧લી નવેમ્બરે અહીં યોજવાનો સિદ્ધાંતરૂપી નિર્ણય કર્યો હતો.આ બાબતનો નિર્ણય એસોસિયેશનના સત્તાધીશોએ સ્પોર્ટ્સ પ્રધાન એ. સી. મોઈદીનને અહીં મળ્યા પછી સરકારની વિનંતીના પગલે લીધો હતો, એમ આયોજક સંસ્થાના સચિવ જયેશ જ્યોર્જે અહીં પત્રકારોને કહ્યું હતું."પણ, આ બાબતે આખરી નિર્ણય કે. સી. એ.ની સામાન્ય સભા દ્વારા કરવામાં આવશે, એમ તેમણે વધુમાં કહ્યું હતું. જ્યોર્જે વધુમાં કહ્યું હતું કે સરકારે કહ્યું હતું કે કોચીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ બાંધવાની તે પહેલ કરશે.મેચ કોચીમાં જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે રમાડવાની એસોસિયેશનની અસલ યોજનાનો વિવિધ પક્ષમાંથી વિરોધ થયો હતો.

મહાન ક્રિકેટર સચિન તેન્ડુલકર, ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી, રાષ્ટ્રની ફૂટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રી અને માજી કેન્દ્રીય પ્રધાન શશી થરુર સહિત અનેકે કોચી ખાતે મેચના આયોજનના કે. સી. એ.ના આ નિર્ણય સામે વિરોધ દર્શાવ્યો હતો.



## ૨૦૧૯ વર્લ્ડ કપ : ક્રિસ ગેલની ક્રિકેટ કારકિર્દીની છેલ્લી મેચ..!!




વિન્ડીઝ ક્રિકેટ ટીમે બુધવારે સ્કોટલેન્ડને ડકવર્થ લુઈસ નિયમથી પાંચ વિકેટે હરાવીને ૨૦૧૯ વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ કર્યું. જીત બાદ વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા. તેની ટીમે વિશ્વ કપ ક્વોલિફાઈ માટે રમવામાં આવેલ ૫માંથી ૪ મેચમાં જીતીને ટોચના સ્થાન પર રહી હતી. મેચ બાદ ઓપનર ક્રિસ ગેલે મોટી જાહેરાત કર્યા બાદ એવું કહેવાય છે કે, તેની ક્રિકેટ કારકિર્દી હવે ખૂબ જ ઓછા સમય માટે બચી છે.મેચ જીત્યા બાદ ગેલે કહ્યું, 'વિશ્વકપમાં ક્વોલિફાય કરવા પર હું ખુબ જ ખુશ છું. હું હવે ફિટ રહેવા ઈચ્છું છું અને હવે અમારી પાસે એક યુવા ટીમ છે પરંતુ તે નિશ્ચિત રૂપે મારા અંતિમ વર્લ્ડ કપ હશે, જેથી હું ખુબ જ ઉત્સુક છું. આ મિશન પણ નિશ્ચિત રૂપે પૂરું થશે.'ગેલે અત્યાર સુધી ૧૦૩ મેચોમાં ૭૨૧૫ રન બનાવ્યા છે, જેમાં તેને ૧૫ શતક અને ૩૭ અર્ધશતક પણ ફટકાર્યા છે. તે ઉપરાંત વનડેમાં ગેલના નામે ૨૮૦ મેચોમાં ૯૫૭૫ રન નોંધાયેલા છે. આ દરમિયાન તેમને ૨૩ શતક અને ૪૮ અર્ધશતક પણ લગાવી છે.વેસ્ટ ઈન્ડિઝને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના વિવાદાસ્પદ નિર્ણયનો ભોગ બનવું પડ્યું છે. આઈસીસીએ ૨૦૧૯નો વર્લ્ડ કપ ૧૦ ટીમ વચ્ચે રમાવવાનો નિર્ણય લીધો છે. ૧૦ ટીમ રમવાની હોવાથી નિર્ધારીત સમયમાં રેન્કિંગમાં ટોપ-૮માં રહેલી જ ટીમ સીધી ક્વોલિફાઈ થઈ ગઈ હતી જ્યારે વેસ્ટ ઈન્ડિઝ ત્યારે ટોપ-૮માંથી બહાર હોવાથી તેને ક્વોલિફાયરમાં રમવું પડ્યું છે. અગાઉ ૨૦૦૭માં ૧૬ ટીમ રમી હતી જ્યારે ૨૦૧૧ અને ૨૦૧૫માં ૧૪ ટીમોને રમવાની તક મળી હતી.

# રિદ્ધિમાન સાહાનું વાવાઝોડું, માત્ર ૨૦ બોલમાં ફટકાર્યા ૧૦૨ રન




**ટીમ સ્પીરીટ**

ટીમ ઈન્ડિયાનાં ક્રિકેટર રિદ્ધિમાન સાહાએ આઈપીએલ શરૂ થયા પહેલા જ પોતાના વિસ્ફોટક ઈરાદાઓ જણાવી દીધા છે. કોલકાતમાં એક ક્લબ મેચ રમતા સમયે તેણે ૨૦ બોલમાં ૧૦૨ રન ફટકાર્યા છે. શનિવારે કોલકાતાનાં જેસી મુખરજી ટ્રોફી ટૂર્નામેન્ટમાં મોહન બાગાન અને બીએનઆર રિક્રિએશન ક્લબ વચ્ચે મેચ રમવામાં આવી હતી.

રિદ્ધિમાન સાહા પણ આ ટૂર્નામેન્ટમાં મોહન બાગાન ટીમનો ભાગ છે. બુધવારે મોહન બાગાન વિરૂદ્ધ બીએનઆર રિક્રિએશન ક્લબની ટીમે ૭ વિકેટ પર ૧૫૧ રન બનાવી લીધા હતા. જેના જવાબમાં મોહન બાગાનની ટીમ તરફથી ઈનિંગ્સની શરૂઆત રિદ્ધિમાન સાહાએ કરી હતી. મોહન બાગાનની ટીમે ૭ ઓવરમાં જ મેચ લીધી હતી. માનવું મુશ્કેલ છે પરંતુ જી હા, રિદ્ધિમાન સહાએ માત્ર ૨૦ બોલમાં ૧૦૨ રનની ઈનિંગ રમીને પોતાની ટીમને ૧૦ વિકેટથી જીત અપાવી દીધી.

રિદ્ધિમાન સાહાએ ૨૦ બોલમાં ૧૦૨ રન બનાવ્યા, જેમા તેને ૪ ચોગ્ગા અને ૧૪ સિક્સર ફટકારી હતી. તેણે ૫૧૦ની સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા હતાં. તેના સાથી ખિલાડી શૂભોમોય દાસે ૨૨ બોલમાં ૪૩ રન બનાવ્યા હતાં. જેમા ૬ ફોર ૨ સિક્સર મારી હતી. બંન્નેએ મેચ ૭ ઓવરમાં જ પૂર્ણ કરી દીધી હતી.તમને જણાવી દઈએ કે, રિદ્ધિમાન સાહાને આ વર્ષે આઈપીએલમાં હેદરાબાદ સનરાઈઝે ૫ કરોડમાં ખરીદ્યો છે. ૩૩ વર્ષિય આ વિકેટ કિપર બેસ્ટમેન હાલમાં દક્ષિણ આફ્રિકા પ્રવાસમાં ટિમ ઈન્ડિયાનો ભાગ પણ હતો પરંતુ હવે રિદ્ધિમાન સાહાની આ વિસ્ફોટક ઈનિંગ્સે આઈપીએલનો રોમાન્ચ બે ઘણો કરી દીધો છે.

## સ્પોર્ટ્સ ક્વીઝ

ડૉ.પી.ડી.શર્મા

**સવાલ :**

૧. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સ માટે ગુજરાતની કઈ મહિલા એથ્લીટની પસંદગી ૪ બાય ૪૦૦ મીટરની રીલે ટીમમાં થઈ છે ?

૨. હાલમાં જ પૂર્ણ થયેલ અઝલાન શાહ કપ હોકી ટુર્નામેન્ટમાં ભારતની ટીમ કયા ક્રમે રહી હતી ?

૩. 'ગ્રાન્ડસ્લેમમાં મેન્સ સીંગલ્સ' ની ૫ સેટની મેચો બંધ કરવી જોઈએ હાલમાં આ જ વિધાન કોણે કર્યું હતું ?

૪.હાલમાં જ કયા ભારતીય ખેલાડીએ મેક્સિકોના ગુએન્ડાલાજાર ખાતે યોજાયેલ આઈએસએસએફ શુટીંગ વર્લ્ડકપમાં ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો ?

૫.હાલમાં જ કયા ટેનીસ ખેલાડીને એક વર્ષ બાદ ભારતીય ડેવીસકપ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું હતું ?

૬. હાલમાં જ કયા ખેલાડીની પસંદગી ભારતીય હોકી ટીમના કેપ્ટન તરીકે કરવામાં આવી હતી ?

૭. હાલમાં ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન કોણ છે ?

૮. સુપ્રિમ કોર્ટે નીમેલી ભારતીય ક્રિકેટ બોર્ડની કમીટી ઓફ એડમીનીસ્ટ્રેટર્સના અધ્યક્ષ કોણ છે ?

૯.હાલમાં જ ચીનના ગ્યુઈચાંગમાં યોજાયેલી એશીયન ક્રોસકંટ્રી ચેમ્પિયનશીપમાં કઈ ભારતીય મહિલા ખેલાડીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો ?

૧૦. હાલમાં જ ચેમ્પિયન્સ લીગ યુરોપીયન ફુટબોલ ટુર્નામેન્ટમાં કયા ખેલાડીએ ૧૦૦ ગોલ ફટકારવાની સિદ્ધિ હાંસલ કરી હતી ?

૧૧.હાલમાં ઈરાની ટ્રોફીમાં વિદર્ભ ટીમના કયા ખેલાડીએ ટેસ્ટ ઓફ ઈન્ડિયા સામેની મેચમાં ૨૮૬ રન ફટકારીને ઈતિહાસ સર્જ્યો હતો ?

૧૨. હાલમાં ઈરાની ટ્રોફીમાં એક ઈનીંગમાં સૌથી વધુ રનનો રેકોર્ડ કયા ખેલાડીના નામે છે ?

૧૩. હાલમાં ભારતમાં ફર્સ્ટ કલાસ ક્રીકેટમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી કોણ છે ?

જવાબ:

૧. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સ માટે ગુજરાતની ડાંગમાં આવેલા કરાડીઆંબા ગામની સરીતા ગાયકવાડ મહિલા એથ્લીટની પસંદગી ૪ બાય ૪૦૦ મીટરની રીલે ટીમમાં થઈ છે.

૨. હાલમાં જ પૂર્ણ થયેલ અઝલાન શાહ કપ હોકી ટુર્નામેન્ટમાં ભારતની ટીમ પાંચમા ક્રમે રહી હતી.

૩. 'ગ્રાન્ડસ્લેમમાં મેન્સ સીંગલ્સ' ની ૫ સેટની મેચો બંધ કરવી જોઈએ હાલમાં આ જ વિધાન ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન મહિલા ટેનીસ ખેલાડી બિલી જેન કીંગે કર્યું હતું.

૪.હાલમાં જ અખીલ શેરોન નામના ભારતીય ખેલાડીએ મેક્સિકોના ગુએન્ડાલાજાર ખાતે યોજાયેલ આઈએસએસએફ શુટીંગ વર્લ્ડકપમાં ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો હતો.

૫.હાલમાં જ ભારતના ૪૪ વર્ષીય લેજન્ડરી ટેનીસ ખેલાડી લીએન્ડર પેસને એક વર્ષ બાદ ભારતીય ડેવીસકપ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

૬. હાલમાં જ મનપ્રીત સીંઘ નામના ખેલાડીની પસંદગી ભારતીય હોકી ટીમના કેપ્ટન તરીકે કરવામાં આવી હતી.

૭. હાલમાં ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન રાની રામપાલ છે.

૮. સુપ્રિમ કોર્ટે નીમેલી ભારતીય ક્રિકેટ બોર્ડની કમીટી ઓફ એડમીનીસ્ટ્રેટર્સના અધ્યક્ષ શ્રી વિનોદ રાય છે.

૯.હાલમાં જ ચીનના ગ્યુઈચાંગમાં યોજાયેલી એશીયન ક્રોસકંટ્રી ચેમ્પિયનશીપમાં સંજીવની જાધવ નામની ભારતીય મહિલા ખેલાડીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

૧૦. હાલમાં જ ચેમ્પિયન્સ લીગ યુરોપીયન ફુટબોલ ટુર્નામેન્ટમાં લીયોનેલ મેસી નામના ખેલાડીએ ૧૦૦ ગોલ ફટકારવાની સિદ્ધિ હાંસલ કરી હતી.

૧૧.હાલમાં ઈરાની ટ્રોફીમાં વિદર્ભ ટીમના વસીમ જાફર નામના ખેલાડીએ ટેસ્ટ ઓફ ઈન્ડિયા સામેની મેચમાં ૨૮૬ રન ફટકારીને ઈતિહાસ સર્જ્યો હતો.

૧૨. હાલમાં ઈરાની ટ્રોફીમાં એક ઈનીંગમાં સૌથી વધુ રનનો રેકોર્ડ વસીમ જાફર નામના ખેલાડીના નામે છે.

૧૩. હાલમાં ભારતમાં ફર્સ્ટ કલાસ ક્રીકેટમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી સુનીલ ગાવસ્કર છે.

-ડૉ.પી.ડી.શર્મા (અમદાવાદ)

# બે કે તેથી વધુ વાર ૯૯ રને આઉટ થનાર ખેલાડીઓ

**ખેલના મેદાનમાંથી** કમલેશ કંસારા

કોઈ પણ પ્રકારની ક્રિકેટ હોય, ત્યારે દરેક ક્રિકેટરની એક જ ઈચ્છા હોય કે તે સદી લગાવે. જેવી રીતે તરસ્યો માનવી કુવા પાસે પહોંચે અને ત્યાં તરસ્યો રહે એવી જ રીતે કોઈપણ પ્રકારના ક્રિકેટમાં ક્રિકેટર સદી નજીક પહોંચે અને માત્ર એક રનથી સદી ચુકી જાય ત્યારે એને ખુબ જ અફસોસ થાય છે. અત્યાર સુધી રમાયેલ ટેસ્ટમેચમાં ૯૦ વાર એવી ઘટના બની છે જ્યારે કોઈ બેટસમેન ૯૯ રનનો શિકાર બન્યો છે. પાકિસ્તાનના મિસ્બાહ ઉલ હક ત્રણ વાર ૯૯ રનનો શિકાર બનેલ છે જે એક રેકોર્ડ છે.

ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ વેલીંગ્ટનમાં ૨૦૧૦-૧૧ માં પ્રથમ વાર ૯૯ રનનો શિકાર બન્યા હતા. તેઓ આ સ્કોર પર એલ.બી.ડબલ્યુ આઉટ થયેલ. વેસ્ટ ઈન્ડિઝ વિરૂદ્ધ ૨૦૧૭ ની શ્રેણીની પ્રથમ ટેસ્ટ જે કીંગસ્ટન ખાતે રમાઈ હતી. એમાં તેઓ ૯૯ રને નોટઆઉટ રહ્યા હતા. બ્રિજટાઉન ખાતે રમાયેલ ત્રીજી ટેસ્ટમાં મીસબાહ ઉલ હક જેસન હોલ્ડરના બોલ પર શાઈહોપના હાથે ૯૯ રને કેચઆઉટ થયેલ.

એક રનની સદી પુરી ન કરનાર સૌ પ્રથમ બેટસમેન ઓસ્ટ્રેલિયાના કેપ્ટન કલેમ હિલ હતા. જેઓ ઈંગ્લેન્ડ સામે મેલબોર્નમાં ૧૯૦૧-૦૨ માં ૯૯ ના સ્કોર પર સીડની બાર્ન્સના બોલ પર આર્થર જોન્સના હાથે કેચઆઉટ થયા હતા. અત્યાર સુધી નવ બેટસમેનો બે વાર ૯૯ રનનો શિકાર બન્યા છે. બે વાર ૯૯ રનનો શિકાર બનનાર સૌ પ્રથમ ખેલાડી હતો. ઈંગ્લેન્ડનો માઈક સ્મિથ, ૧૯૬૦ માં દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ લોર્ડસમાં ૯૯ રન પર કેચઆઉટ થયા બાદ એક વર્ષ પછી પાકિસ્તાન વિરૂદ્ધ લાહોરમાં ૧૯૬૧ - ૬૨ ની શ્રેણીમાં ૯૯ રનના સ્કોરે આઉટ થયેલ.

ઈંગ્લેન્ડની જયોફબોયકોટે વેસ્ટ ઈન્ડીઝ વિરૂદ્ધ ૧૯૭૩- ૭૪ ની પોર્ટ ઓફ સ્પેન ખાતેની ટેસ્ટમાં ૯૯ રને કેચઆઉટ થયેલ.ત્યારબાદ બીજી વાર ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૧૯૭૯-૮૦ માં ૯૯ રને અણનમ રહ્યા હતા.

વેસ્ટઈન્ડીઝના રીચી રીચર્ડસને ૧૯૮૮-૮૯ માં પોર્ટ ઓફ સ્પેન ખાતે ભારત વિરૂદ્ધની ટેસ્ટમાં ૯૯ રને બોલ આઉટ થયેલ. અને ૧૯૯૦-૯૧ માં બ્રીજટાઉન ખાતે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૯૯ રને એલ.બી.ડબલ્યુ આઉટ થયા હતા.

ઈંગ્લેન્ડના માઈક આર્થરટન પ્રથમ વાર ૯૯ રને ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૧૯૯૩ ની લોર્ડસ ટેસ્ટમાં રન આઉટ થયેલ ત્યારબાદ ૧૯૯૪ માં લીડસ ખાતે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ૯૯ રને કેચઆઉટ થયા હતા.

પાકિસ્તાનના સલીમ મલીકે ઈંગ્લેન્ડ વિરૂદ્ધ લોર્ડસમાં ૧૯૮૭ ની ટેસ્ટમાં ૯૯ રને આઉટ થયા બાદ ૧૯૯૪-૯૫ માં દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ જહોન્સબર્ગ ખાતે ૯૯ રને કેચઆઉટ થયા હતા.

ન્યુઝીલેન્ડના જોનરાઈટ પ્રથમ વાર ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ મેલબોર્નમાં ૧૯૮૭-૮૮ ની ટેસ્ટમાં ૯૯ રને આઉટ થયા બાદ ફરીથી ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૧૯૯૧-૯૨ માં ક્રાઈસ્ટચર્ચ ખાતેની ટેસ્ટમાં એક રન માટે સ્ટમ્પ આઉટ થતાં સદી ચુકી ગયા હતા.

ઓસ્ટ્રેલિયાના ગ્રેગ બ્લેવટે ન્યુઝીલેન્ડ વિરૂદ્ધની ૧૯૯૭-૯૮ ની ટેસ્ટમાં ૯૯ રને બોલ્ડ આઉટ થયેલ. આ પહેલાં ૧૯૯૬-૯૭ ની વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણીની એડીલેઈડ ટેસ્ટમાં ૯૯ રને કલીન બોલ્ડ થયેલ.

ઓસ્ટ્રેલિયાના સાયમન કટીચે પ્રથમ વાર ભારત વિરૂદ્ધ નાગપુરમાં ૨૦૦૪-૦૫ માં માત્ર એક રને સદી ચુકી ગયા. જ્યારે બીજી વાર આવી જ ઘટના વેસ્ટ ઈન્ડીઝ વિરૂદ્ધ ૨૦૦૯-૧૦ ની શ્રેણીની પર્થ ટેસ્ટમાં ૯૯ રને આઉટ થયેલ.

ભારતના સૌરવ ગાંગુલીએ પણ ટેસ્ટ ક્રિકેટમાં બે વાર એક રન માટે સદી ચુકી ગયેલ. પ્રથમ વાર શ્રીલંકા વિરૂદ્ધ નાગપુરમાં ૧૯૯૭-૯૮ માં નોટીંગહામ ટેસ્ટમાં ૧ રન માટે સદી ચુકી ગયેલ. ગાંગુલી પ્રથમ વાર શ્રીલંકાના રવિન્દ્ર પુષ્પકુમારના બોલ પર હસન તિલકરત્નના હાથે કેચ આઉટ થયેલ. ત્યારબાદ બીજી વાર સ્ટીવન હાર્મિસને એમને કલીન બોલ્ડ કર્યા હતા.

ટેસ્ટમેચોમાં જે ૭૯ બેટસમેનો દ્વારા ૯૦ વાર ૯૯ ના રને આઉટ થવાની ઘટના બની છે. જેમાં ૪૦ખેલાડીઓ કેચઆઉટ થયા હતા. ૧૬ ખેલાડીઓ રનઆઉટ, ૧૩ ખેલાડીઓ બોલ્ડ અને ૧૨ ખેલાડીઓ એલ.બી.ડબલ્યુ આઉટ થયા હતા. જ્યારે ૬ખેલાડીઓ ૯૯ રને અણનમ રહ્યા હતા. જ્યારે ત્રણ ખેલાડીઓ સ્ટમ્પ આઉટ થયા હતા.

-કમલેશ કંસારા

## ઈન્ડિયન વેલ્સ : ફેડરરને હરાવી પેટ્રો બન્યો ચેમ્પિયન

વર્લ્ડ નંબર-૧ ટેનિસ ખેલાડી રોઝર ફેડરરે વર્ષ ૨૦૧૮ની પોતાની પ્રથમ હારનો સામનો કરવો પડયો છે. ઈન્ડિયન વેલ્સ ટેનિસ ટૂર્નામેન્ટની ફાઈનલમાં જુઆન માર્ટીન ડેલ પેત્રોએ એક રોમાંચક મેચમાં ફેડરરને હાર આપી હતી.

આ સાથે જ પેટ્રોએ ઈન્ડિયન વેલ્સ ટેનિસ ટૂર્નામેન્ટનુ ટાઈટલ પોતાને નામે કરી લીધુ છે. જ્યારે ફેડરરનુ સતત બીજી વખત આ ટાઈટલ જીતવાનુ સપનુ તુટી ગયુ છે. અત્યંત રસાકસીપૂર્ણ બની રહેલ આ ફાઈનલ મેચમાં પેટ્રોએ ફેડરરને ૬-૪, ૬-૭, ૭-૬થી પરાજય આપ્યો હતો. પ્રથમ રાઉન્ડમાં પેટ્રોએ શાનદાર રકમ દાખવીને ફેડરરને ૬-૪થી પરાજય આપ્યો હતો.

## જુનિયર શૂટિંગ વર્લ્ડકપ: મનુ ભાકરે ૧૦ મીટર એર રાઈફલમાં ગોલ્ડ મેડલ જીત્યો

**ટર્નીંગ પોઈન્ટ**




ભારતની ગોલ્ડન એન્જલ મનુ ભાકરે જુનિયર શૂટિંગ વર્લ્ડકપમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું છે. ૧૬ વર્ષીય મનુએ સિડનીમાં આયોજિત આ જુનિયર શૂટિંગ વર્લ્ડકપમાં ૧૦ મીટર એર પિસ્ટલ મહિલા જુનિયર કેટેગરીમાં ગોલ્ડ પર નિશાન તાક્યું. આ સફળતાની સાથે મનુએ એક જ મહિનામાં બે વાર વ્યક્તિગત આંતરરાષ્ટ્રીય ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધા છે. આ સ્પર્ધામાં મનુ ઉપરાંત થાઈલેન્ડની કાન્યાકોર્નને સિલ્વર અને ચીનની કેમ લૂએ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.આ સ્પર્ધામાં મનુએ ગોલ્ડ પર નિશાન તાકવા માટે પોતાના અંતિમ શોટ સુધી દમ દેખાડવો પડ્યો હતો. આ મુકાબલામાં મનુને થાઈલેન્ડની કાન્યાકોર્ન (૧૬) તરફથી જોરદાર ટક્કર મળી હતી. એક સમયે મનુ પોતાની આ હરીફથી ફક્ત ૨.૨ પોઈન્ટની મામૂલી સરસાઈથી આગળ હતી,

પરંતુ ત્યાર બાદ મનુએ પોતાના સતત છ નિશાન ૧૦મી રિંગની બહાર લગાવ્યા. એના કારણે તે કાન્યાકોર્નથી એક પોઈન્ટ પાછળ રહી ગઈ અને હવે મુકાબલામાં ફક્ત નિશાન જ બાકી રહ્યાં હતાં.

અહીંથી મનુએ ફરી એક વાર પોતાનું નિશાન સાધ્યું અને આ અંતિમ બે શોટ્સ પર ૯.૬ અને ૯.૮ પોઈન્ટ હાંસલ કરીને ગોલ્ડ મેડલ પર કબજો જમાવી દીધો હતો. આ પહેલાં મનુએ તાજેતરમાં જ મેક્સિકોમાં આયોજિત શૂટિંગ વર્લ્ડકપમાં ભારત માટે વ્યક્તિગત અને મિક્સ્ડ સ્પર્ધામાં બે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા હતા.

# ડેરેન લીમેન ઓસ્ટ્રેલિયાના કોચ પદ પરથી રાજીનામુ આપશે..??




બોલ ટેંપરિંગના મામલામાં ફંસાયેલા ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓને ગંભીર પરિણામ ભોગવવું પડી શકે છે. માત્ર ખેલાડીઓને જ નહીં પરંતુ ઓસ્ટ્રેલિયાની ટીમના કોચ ડેરેન લીમેનના ભવિષ્ય પર પણ ખતરો મંડરાય રહ્યો છે.

બ્રિટેનના ડેલી ટેલીગ્રાફ અનુસાર ડેરેન લીમેન સાઉથ આફ્રીકા વિરૂદ્ધ ચોથી ટેસ્ટ બાદ કોચના પદ પરથી હટી શકે છે. તમને જણાવી દઈ કે ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રીકા વચ્ચે ચોથી ટેસ્ટ શુક્રવારે રમાશે.

બોલ ટેંપરિંગ વિવાદની ચારે તરફથી ટીકાઓ કરવામાં આવી રહી છે. જેથી તેઓ કડક પગલું લઈ શકે છે. આ વિવાદમાં ફસાયેલા ઓસ્ટ્રેલિયાઈ ખિલાડી સ્ટીવ સ્મિથની કેપ્ટનશીપને હંમેશા માટે છોડવી પડી શકે છે. આટલું જ નહીં પરંતુ એક વર્ષ લાંબો પ્રતિબંધ પણ લાગી શકે છે. ઓસ્ટ્રેલિયાઈ ટીમની મુશ્કેલી ત્યારથી વધી ગઈ છે કે જ્યારથી સ્ટીવ સ્મિથને કબૂલ કર્યું કે સાઉથ આફ્રીકા વિરૂદ્ધની ત્રીજી ટેસ્ટ દરમિયાન સિનિયર ખેલાડીઓએ કેમરન બેનક્રોફટ સાથે મળીને બોલ ટેંપરિંગનો પ્લાન બનાવ્યો હતો. જે બાદ આઈસીસીએ સ્મિથ પર મેચ ફીસ પર ૧૦૦ ટકા દંડ અને એક મેચ પર પ્રતિબંધ લગાવ્યો હતો. જ્યારે બેનક્રોફટ પર મેચ ફીસનો ૭૫ ટકા દંડ લગાવવામાં આવ્યો છે.

ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન માઈકલ ક્લાર્કનું માનવું છે કે લીમેન આ બોલ ટેપરિંગના પ્લાન વિશે જાણતા હતા કે નહીં. તેમ છતાં પણ તેઓ એટલા જ જવાબદાર છે. ક્લાર્કએ કહ્યું આનો મતલબ એવો છે કે કોચનો ટીમ પર કોઈ કંટ્રોલ ન હતો. લીમેન આ પ્લાનથી અજાણ હતા તેમ છતાં પણ તેઓ જવાબદાર છે જેમ બાકી ખેલાડીઓ જવાબદાર છે.

## કાર્તિકે મારેલી સિક્સર મારાથી ઉતરતી છે : મિયાંદાદ

નિદહાસ ટ્રોફીની ફાઈનલ ટી-૨૦ મેચમાં ભારતે બાંગ્લાદેશને હરાવી ટ્રોફી કબજે કરી, આ મેચમાં ૮ બોલમાં ૨૯ રન ફટકારીને હીરો બનેલા કાર્તિકની છેલ્લા બોલ પર મારેલી સિક્સ ચર્ચાનો વિષય બની છે. હવે આ સિક્સરથી પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર જાવેદ મિયાદાદને મરચા લાગ્યા છે. મિયાદાદે કહ્યું કે કાર્તિકે મારેલી સિક્સર મારાથી ઉતરતી છે. ઉલ્લેખનીય છે કે, જાવેદ મિયાદાદે પણ છેલ્લા બોલે સિક્સર મારીને પાકિસ્તાનને જીત અપાવી હતી.

કાર્તિકની વિજયી સિક્સરની પ્રસંશા આખી દુનિયા અને ક્રિકેટ જગત કરી રહ્યું છે, જોકે પાકિસ્તાનના ભૂતપૂર્વ બેટ્સમેન જાવેદ મિયાદાદને આ વાત પચતી નથી. મિયાદાદે કાર્તિકને અભિનંદન આપવાની જગ્યાએ તેની પ્રતિભાને ઝાંખપ લાગે તેનુ નિવેદન આપ્યું હતું.

મિયાદાદે કહ્યું કે, જ્યારે મેં છેલ્લા બોલે છગ્ગો ફટકાર્યો હતો ત્યારે આવા પરાક્રમ વિશે કોઈ વિચારી જ નહતું શકતું. ૫૦ ઓવરની મેચમાં ભારત સામેના મુકાબલામાં આ રીતે વિનિંગ છગ્ગો ફટકાર્યો હતો તેને જ ક્રિકેટ વિશ્વ યાદ કરે છે. મિયાદાદે કહ્યું કે તેનો છગ્ગો જોઈને પછીથી આ રીતે ક્રિકેટરોમાં શૌર્ય વ્યક્ત કરતા અભિગમ કેળવાયો.

હવે તો ટ્વેન્ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને દરેક દેશોમાં લીગ રમાય છે. તેથી આવી પરિસ્થિતિ અનેક વાર સર્જાતી હોઈ બેટ્સમેન કે બોલર એ હદે દબાણ નથી અનુભવતા. બેટ્સમેન સ્ટ્રોક પ્લેની આવી આક્રમકતાની તક મેળવે જ છે તેથી માનસિક રીતે પણ પોઝિટિવ હોય છે.

**ગુજરાતના...**

**પાના નં.૧ ચાલુ**

કલ્પના કરેલ ૯ નવા બંદરોના બાંધકામના કામોમાં વિભાગ નિષ્ફળ જવાના લીધે માછીમારોને સવલતો રાખવાથી વંચિત રખાયો. ગુજરાત સરકારે માછીમારી પ્રતિ બંધ સમય ગાળો અપનાવતું કોઈ જાહેરનામું ધારા ધોરણ જારી કરાયું નથી. ગુજરાત ફિસરીઝ વિભાગમાં ૫૧ ટકા જગ્યા ખાલી છે.

૧૯૭૮ માં રચાયેલી ઉચ્ચસ્તરીય બેઠક દ્વારા ભલામણ કરવા છતાં રાજ્ય સરકારે ભૂગર્ભ જળ માટે નો કાયદો ઘડવા માં આવ્યો જ નથી. ક્ષાર નિયંત્રણ માટે ની યોજના માં કામો ના અમલીકરણ ના વિલંબ ના કારણે આ યોજના નો ખર્ચ ૪૫૫ ટકા થી ઊંચો થઈ ગયો છે. મૂળ યોજના ૭૮૯.૧૨ કરોડની હતી તેની સામે માર્ચ ૨૦૧૭ સુધી ૧૦૪૫.૬૫ કરોડ ખર્ચ થઈ ચૂક્યો છે અને બાકી ના કામો માટે ૨,૫૪૪.૭૯ કરોડ નવો અંદાજ કરવા માં આવ્યો છે.

નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર મુદ્દે ઓડીટમાં જોવા મળ્યું છે કે ૨૫થી ૩૯ વર્ષ સમય વીત્યા પછી પણ ચેક ડેમ અને કુવા રીચાજ સિવાય ના કામોની પ્રગતિ ખૂબ ધીમી છે દરિયા કિનારા ની જમીન ની પૂન પ્રાપ્તિ માટે કોઈ મર્યાદિત પગલાં લીધા નથી.

સ્ટેમ્પ ડ્યુટીમાં ઓછી કારની નર કકરને રાજ્ય ની તિજોરી ને ૯૯ કરોડનું નુકસાન થયું છે. કુલ ૧૦૩ કેસમાં ૯૯.૦૦ કરોડ ની ઓછી કારણરી કરવામાં આવી છે. નગર આયોજન યોજના હેઠળ એનુલ સ્ટેટમેન્ટ ઓફ રેટ્સ માં સુધારો ના થતા ૬૭ કરોડ નું નુકસાન થયું છે.

**લાખણી ...**

**પાના નં.૧ ચાલુ**

બહાર નીકળી ગયા હતા.જ્યારે ભાજપના સદસ્ય અજિત સિંહે બેઠકના અધ્યક્ષ માટે ઉપપ્રમુખ ગંગાબેન પટેલની ભલામણ કરતાં તાલુકા વિકાસ અધિકારીએ તે મંજુર રાખતા ભાજપના સભ્યોએ બજેટ નામંજૂર કર્યું હતું.આમ પ્રમુખ દ્વારા બજેટ મંજૂર થયું હોવાનું જ્યારે ભાજપ દ્વારા બજેટ નામંજૂર થયું હોવાની વાત ફેલાતાં લોકો અસમંજસમાં મૂકાયા હતા.

**વિદ્યાર્થીઓમાં...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ગ્રાઉન્ડ રમતો કરતાં મોબાઈલ ટેબલેટ -લેપટોપમાં વિદ્યાર્થીઓની દિલચસ્પી વધી રહી છે જે સ્વાસ્થ્ય માટે હાની કારક પણ છે. ત્યારે વેકેશનમાં રમત - ગમતના કેમ્પો દરેક સ્થળે સેવાભાવી સંસ્થા લોકો સરકાર દ્વારા યોજાય તેવી પણ એક માંગ પ્રવર્તે છે.

**થરાદમાંથી ચોરાયેલ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

રહે.કેશુઆેકી બસ્તી,(સમ) તથા મીરખાન અબ્દુલ્લા મુસલમાન ઉ.વ.૩૦ રહે દક્ષિણી છત્રેલ તમામ જેસલમેરની આઈપીસી ૪૧૩, ૪૧૪, ૪૧૧, ૩૭૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૮૨, ૧૨૦ બી મુજબ અટકાયત કરી હતી. જેમની થરાદ પોલીસે બુધવારે બપોરે ટ્રાન્સફર વોરંટના આધારે થરાદના ગુનાના કામે અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

**કાંકરેજ તાલુકાના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ને લોકો કાયમી હેરાન થાય છે. જૈન યાત્રાધામ હોવાથી અહી દૂર - દૂરથી જૈનો દર્શનાર્થે આવે છે. પુર વખતે આ રોડ ક્ષતિગ્રસ્ત બન્યો હતો. લોકોએ યેનકેન પ્રકારે મદદ કરેલ. કુદરતની થાપટથી બચેલા આ લોકો કહે છે કે, સરકાર દેશ ભક્તિ - પ્રામાણિકતાની વાતો કરે છે ત્યારે આવા ભ્રષ્ટ લોકો સરકારની યોજનાના પૈસા ખુલ્લેઆમ હડપ કરી જેતે વિસ્તારને પ્રજાના વિકાસમાં આડખીલ્લી રૂપ બની રહ્યા છે જિલ્લા કલેક્ટર કાંકરેજ ધારાસભ્ય તથા ઉચ્ચકક્ષાએથી આ રોડની તપાસ થશે ?? જેને સમાજના આગેવાનો જાગશે ? રૂની એ જૈન તીર્થ છે રોડ ટેન્ડરની શરતો મુજબ કેમ થયો ક્યાં કેટલી કટકી કોને મળી તેની તપાસ થશે ?? તેમ આ વિસ્તારના લોકો ઈચ્છી રહ્યા છે.

**થરાદના દુધવામાં...**

**પાના નં.૮ ચાલુ**

બેંકમાં આવીને મેઈન લોક ખોલીને અંદર જતાં બેંકની બાજુમાં આવેલ સ્ટ્રોંગરૂમનો દરવાજો ખુલ્લો જણાયો હતો અને પ્રિન્ટર ટેબલ પર જણાયું ન હતું તથા પાછળની બારીમાંથી પ્રકાશ આવતો હોઈ તે પણ તોડેલ જણાતાં બેંકમાં ચોરી થયાનું માલુમ પડ્યું હતું. આ અંગે વધુ તપાસ કરતાં કોઈ માણસોએ રાત્રીના સુમારે બેંકના સ્ટેશનરી રૂમની બારીની લોખંડની જાળી ગૅસ કટરથી કાપી લાકડાની બારી તોડી અંદર પ્રવેશ કરી સ્ટેશનરી રૂમનો દરવાજો તોડી મુખ્ય હોલમાં આવીને સ્ટ્રોંગરૂમનો દરવાજો ગૅસ કટરથી તોડ્યા બાદ સ્ટ્રોંગરૂમમાં કેશભરેલ તીજોરીને ગૅસ કટરથી તોડવાનો પ્રયત્ન કર્યો હતો.જોકે તે નહી તુટતાં કેશ સલામત રહેવા પામી હતી.જોકે બેંકના તમામ કાઉન્ટરનાં ખાનાં ખોલ્યાં હતાં પરંતુ તેમાંથી કોઈ રકમ મળી ન હતી.આથી તસ્કરો બેંકમાંથી એક પ્રિન્ટર(ફોરઈન વન) રૂપીયા ૧૫૦૦૦ તથા કૉમ્પ્યુરનું મોનીટર રૂપીયા ૧૦૦૦૦ તથા સીસીટીવી કેમેરાનું ડીવીઆર ૭૦૦૦૦ મળીને ૯૫૦૦૦ની મત્તાની ચોરી કરી ગયા હતા. બ્રાન્ચ મેનેજરે જાણ કરતાં દોડેલી પોલીસે એફએસએલ તથા ડૉગ સ્કોવૉડની મદદ લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. દુધવાની એસબીઆઈ શાખામાં પ્રવેશેલા તસ્કરોએ સીસીટીવી કેમેરામાં કાંઈ જઈ ન શકાય તે માટે કાળા કલરનો સ્પ્રે છાંટી દીધો હતો. ત્યાર બાદ બેંકના ફાયર એલાર્મ અને સિક્યુરીટી એલાર્મના વાયર પણ કાપી નાંખ્યા હતા. બેંકના હોલની બે બાટલા વાયર સાથે તથા ગૅસ કટર તથા એક નાનુ પક્કડ મુકતા ગયા હતા.આ બનાવથી થરાદ તાલુકામાં ચકચાર સાથે ખળભળાટ મચવા પામ્યો હતો.

**ડીસામાં ત્રીસ...**

**પાના નં.૮ ચાલુ**

જોકે ત્યારબાદ છેક વર્ષ ૨૦૧૫માં વિષ્ણુભાઈને ડીસાના નાયબ કલેક્ટર દ્વારા નોટિસ મળી હતી. જેમાં આ પ્લોટ ૧૯૮૭ દસ્તાવેજ થઈ ગયો હોય તેની બીજી વખત નોંધ નામંજૂર કરવાનો કલેકટરે આદેશ કર્યો હતો. જેથી વિષ્ણુભાઈને પોતે ઠગાયા હોવાનો અહેસાસ થતા તેમણે જિલ્લા કલેક્ટરમાં રિવિઝન અરજી કરી હતી. જેથી કલેક્ટરે ૨૯ ઓક્ટોબર ૨૦૧૬ રોજ હુકમ કર્યો હતો કે, પ્લોટ વેચાણ કરનારાએ વેચાણ કરવા સક્ષમ ન હોવા છતાં વેચાણે આપ્યો હોવાથી તેમની સામે ફોજદારી અથવા દીવાની રહે કાર્યવાહી કરી શકાશે. જેથી કલેકટરના હુકમના આધારે વિષ્ણુભાઈએ ડીસા ઉતર પોલીસ મથકે અમૃતભાઈ દલપતરામ ઠક્કર, દયારામભાઇ આર.ઠક્કર અને હરિરામ નાગજીભાઈ બ્રાહ્મણ વિરુદ્ધ છેતરપિંડી અને ઠગાઈ કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**છાપી પોલીસ મથક...**

**પાના નં.૮ ચાલુ**

જેથી વાહન ચાલકો માં ફફડાટ વ્યાપી ગયો હતો જોકે બાઈક ચોરીની જાણવા જોગ ફરિયાદ બાઈક મલિક દ્વારા છાપી પોલીસ મથકે મગળવારે કરવામાં આવી હતી છાપી છાપી હાઈવે વિસ્તારમાં અસામાજિક તત્વો સહિત વાહન ચોર ગેંગ દ્વારા પોલીસને પડકાર ફેંકવા સાથે વારંવાર વાહન ચોરીના વધતા બનાવોથી વાહન માલિકોમાં ભયનું વાતાવરણ ઉભું થયું છે ?

**રાધનપુરમાં સબજેલની...**

**પાના નં.૮ ચાલુ**

હતા. આ જમીન ૪૨૪૦ ચોરસ મીટર જેટલી વિશાળ છે, આ જમીન માર્ગ અને મકાન (સ્ટેટ) ના તાબામાં હતી અને સબજેલ રાધનપુરના નામે ચાલતી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક પાટણ દ્વારા આ જમીન તા.૧૧-૧૨-૨૦૧૪ના રોજ જિલ્લા કલેક્ટરને પત્ર લખીને નાયબ પોલીસ અધિક્ષક (ડી.વાય.એસ.પી.) કચેરી, રહેણાંકના મકાનો, પોલીસ બેરેક અને પરેડ ગ્રાઉન્ડ બનાવવા દરખાસ્ત કરી હતી.મામલતદારના અહેવાલ પ્રમાણે હાલનું નાયબ પોલીસ અધિક્ષકની કચેરી જર્જરિત હાલતમાં અને બિલ્ડીગ સાવ સાંકડું હોઈ જેમાં સ્ટાફ બેસી શકાય તેવી સગવડ નથી તેમજ નાયબ પોલીસ અધિક્ષકનું રહેણાંકનું મકાન ઉપલબ્ધ નથી. તે સંજોગોમાં જૂની જેલ બંધ થઈ હોઈ,તેમજ જેલનું નવું કેમ્પસ બનાવવા માટે મહેસાણા હાઈવે રોડ ઉપર દરખાસ્ત કરી હોઈ જેલના કમ્પાઉન્ડવાળી ૩૨૪૦ ચો.મી. અને જેલની આગળની ખુલ્લી ૧૦૦૦ ચો.મી.જમીન મળીને કુલ ૪૨૪૦ ચો.મી જમીન નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, રહેણાંક માટે મંજુર કરવામાં આવતા પોલીસ આવાસ નિગમ દ્વારા આ જગ્યામાં રૂ.૬૫ લાખના ખર્ચે ડી.વાય.એસ.પી.ની કચેરી તથા રૂ.૫૦ લાખના ખર્ચે ડી.વાય.એસ.પી.નું નિવાસસ્થાન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

**ડીસામાં ત્રીસ...**

**પાના નં.૮ ચાલુ**

જોકે ત્યારબાદ છેક વર્ષ ૨૦૧૫માં વિષ્ણુભાઈને ડીસાના નાયબ કલેક્ટર દ્વારા નોટિસ મળી હતી. જેમાં આ પ્લોટ ૧૯૮૭ દસ્તાવેજ થઈ ગયો હોય તેની બીજી વખત નોંધ નામંજૂર કરવાનો કલેકટરે આદેશ કર્યો હતો. જેથી વિષ્ણુભાઈને પોતે ઠગાયા હોવાનો અહેસાસ થતા તેમણે જિલ્લા કલેક્ટરમાં રિવિઝન અરજી કરી હતી. જેથી કલેક્ટરે ૨૯ ઓક્ટોબર ૨૦૧૬ રોજ હુકમ કર્યો હતો કે, પ્લોટ વેચાણ કરનારાએ વેચાણ કરવા સક્ષમ ન હોવા છતાં વેચાણે આપ્યો હોવાથી તેમની સામે ફોજદારી અથવા દીવાની રહે કાર્યવાહી કરી શકાશે. જેથી કલેકટરના હુકમના આધારે વિષ્ણુભાઈએ ડીસા ઉતર પોલીસ મથકે અમૃતભાઈ દલપતરામ ઠક્કર, દયારામભાઇ આર.ઠક્કર અને હરિરામ નાગજીભાઈ બ્રાહ્મણ વિરુદ્ધ છેતરપિંડી અને ઠગાઈ કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**કોંગ્રેસ શાસિત...**

**પાના નં.૮ ચાલુ**

ભાજપે વિરોધ વ્યક્ત કર્યો હતો. ત્યારે શાસક પક્ષ કૉંગ્રેસે બહુમતિ થી બજેટ મંજુર કર્યું હતું. વિપક્ષના વિરોધ વચ્ચે મતદાન કરાતા ૨૩ વિરુદ્ધ ૧૦ મતથી બજેટને મંજૂર કરાયું હતું. બજેટને વિકાસલક્ષી ગણાવી શાસકપક્ષે વિપક્ષના વલણને વિકાસ વિરોધી ગણાવ્યું હતું.

**ભાજપ શાસિત...**

**પાના નં.૮ ચાલુ**

જેમાં સને-૨૦૧૮ -૧૯ નું રૂ.૧૪, ૫૩, ૫૦૦ નું પુરાંતવાળુ બજેટ રજૂ કરાયું હતું. જેની પર ચર્ચા કરવાનો વિપક્ષે આગ્રહ સેવતા વિરોધ વ્યક્ત કર્યો હતો. ત્યારે શાશક પક્ષ ભાજપે વિપક્ષના વિરોધ વચ્ચે બહુમતિએ બજેટ મંજૂર કરી બેઠક આટોપી લીધી હતી. આજની બેઠકમાં વિપક્ષના વિરોધ વચ્ચે ચર્ચા કર્યા વિના બજેટ બહુમતિએ મંજૂર કરાયું હતું. જેને વિપક્ષે લોકશાહીનું હનન ગણાવ્યું હતું.

**થરાદ તાલુકાનું..**

**પાના નં.૮ ચાલુ**

ની ઊઘડતી સિલક અને૨૦૧૭.૧૮ની (અન્ય કર અને ફી રૂ.૭ લાખ, વૈધાનિક અનુદાન રૂ.૧.૫૫ લાખ, જાહેર બાંધકામ રૂા.૨,૭૧ લાખ તથા પરચુરણ આવક રૂ.૧૫ હજાર) અંદાજીત રૂપીયા ૧૧.૪૧.લાખ મળીને કુલ રૂા.૪૪૨૯૦૦૩.૮૭ ની આવક સામે ૨૦૧૭.૧૮ નો રૂપીયા ૧૧.૪૧ લાખનો ખર્ચ અંદાજતાં રૂપીયા ૩૨૮૮ ૦૦૩.૮૭ ની પુરાંત રહેવાનો અંદાજ વ્યકત કર્યો હતો. જેમાં માનદ્ વેતન૧.૮૧ લાખ, સાદિલવાર ખર્ચ ૩.૪૦ લાખ, પંચાયત અને વિકાસ ક્ષેત્રે ૧૫ હજાર, જાહેર બાંધકામ ૧.૩૫ લાખ અને પરચુરણ ક્ષેત્રે ૧૦ હજાર, શિક્ષણ ક્ષેત્રે ૮૦ હજાર, આરોગ્ય ક્ષેત્રે ૨૫ હજાર, ખેતીવાડી ક્ષેત્રે ૨ લાખ, પશુપાલન ક્ષેત્રે ૨૫ હજાર, સમાજ કલ્યાણ ક્ષેત્રે ૭૦ હજાર અને કુદરતી આફતો સામે ૬૦ હજારનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો. આમ થરાદ તાલુકા પંચાયતનું આગામી વર્ષનું રૂા.૩૨,૮૮,૦૦૩.૮૭ ની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રમુખ વચનબાઇ ચૌહાણ અને ઉપપ્રમુખ દાંનાજી માળીએ આજની બેઠકને બજેટ માટે ગણાવી સાથે સાથે રસ્તા, તળાવો તથા ચેકડેમ જેવાં વિકાસ કામોને મનરેગા યોજના હેઠળ આવરી લઈ તાલુકામાં રોજગારીલક્ષી વિકાસકામો પર ભાર મુકવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

# ૧૦મીએ જ કોમનવેલ્થ માટે જશે ઓસ્ટ્રેલિયા

**હવે મુશ્કેલીમાં પહેલવાનો, ન મળી પ્રેક્ટિસ કરવાની મંજૂરી**

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય પહેલવાનોનુ પ્રદર્શન હંમેશાથી સારુ રહ્યુ છે. રેસલિંગમાં સૌથી વધુ મેડલ જીતવા મામલે ભારત માત્ર કેનેડાથી પાછળ છે. આ રમતમાં ભારતે ૩૮ ગોલ્ડ મેડલ સહિત કુલ ૯૦ મેડલ જીત્યા છે. પરંતુ આ વખતે ગોલ્ડ કોસ્ટમાં ભારતીય પહેલવાનો માટે પરિસ્થિતિ કંઈક અલગ નજરે પડી રહી છે.

ભારતીય પહેલવાનોએ આ વખતે ઓસ્ટ્રેલિયા જઈને પ્રથમ પરિસ્થિતિથી પરિચિત થવા અને અભ્યાસ કરવા મંજુરી નથી મળી. રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ નિર્ણય કર્યો છે કે પહેલવાન ૧૦ એપ્રિલે જ એથલીટ વિલેજ પહોંચશે. કોમનવેલ્થ ગેમ્સની શરુઆત ૧૨ એપ્રિલથી ઓસ્ટ્રેલિયા ગોલ્ડ કોસ્ટમાં થઈ રહી છે. જોકે પરિસ્થિતિઓથી પરિચિત થવુ એ દરેક પહેલવાન કે અન્ય ખેલાડી માટે રણનીતિનો એક ભાગ હોય છે. એટલે જ કેટલીક મહિલા અને પુરુષ પહેલવાન પહેલા ઓસ્ટ્રેલિયા જઈને ગેમ્સની તૈયારી કરવા માંગતા હતા. પરંતુ રેસલિંગ ફેડરેશન આના પક્ષમાં નથી.

ફેડરેશનનુ કહેવુ છે કે ભારતમાં ટ્રેનિંગ કરવાથી પણ તેમનુ કામ થઈ શકે તેમ છે. રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાનુ કહેવુ છે કે તેમણે જાપાન, બુલ્ગારીયા અને કઝાખસ્તાનમાં પણ ટ્રેનિંગનુ આયોજન કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમના ફેડરેશને આ પ્રસ્તાવ નકારી દીધો અથવા તેનો જવાબ જ આપ્યો નથી.

# ભારતીય ક્રિકેટરોને પીએસએલ માટે આમંત્રિત કરવા જોઈએ : આફ્રીદી

પાકિસ્તાનના આકર્ષક અને આક્રમક ઓલ-રાઉન્ડર શાહીદ આફ્રિદીનું માનવું છે કે ભારતીય ક્રિકેટરોને પણ પાકિસ્તાન સુપર લીગ (પી. એસ. એલ.)ની ટી-૨૦ સ્પર્ધામાં રમવા માટે આમંત્રવા જોઈએ.

પોતાના નામના ફાઉન્ડેશનના લાહોર ખાતેના કાર્યક્રમમાં બોલતા ભૂતપૂર્વ કેપ્ટન આફ્રિદીએ કહ્યું હતું કે ભારતીય ક્રિકેટરો કોન્ટ્રાક્ટ હેઠળ છે જેઓએ ફક્ત આઈ. પી. એલ. (ઈન્ડિયન પ્રીમિયર લીગ)માં રમવાનું રહે છે અને વિદેશની ટી-૨૦ લીગમાં ભાગ લેવાની પરવાનગી રહેતી નથી, પણ પાકિસ્તાનના ક્રિકેટ સત્તાવાળાઓએ તેઓને હવે પછીની પી. એસ. એલ.માં રમવા બોલાવવા માટે પ્રયાસ કરવા જોઈએ.

ભારત ૨૦૦૮થી પાકિસ્તાન જોડે દ્વિવાર્ષિક ક્રિકેટ શ્રેણીમાં રમ્યું નથી. આફ્રિદીને ત્રીજા વર્ષની પી. એસ. એલ. સ્પર્ધામાં રમતી વેળા ઈજા થઈ હતી કે જે કારણે તેની ટીમ કરાચી કિંગ્સ ફાઈનલ સુધી પહોંચવામાં નિષ્ફળ ગઈ હતી.

તેણે કહ્યું હતું કે સ્પર્ધાની નોક-આઉટ અને ફાઈનલ મેચમાં વધુ સંખ્યાના વિદેશી ખેલાડી રમવા આવે તે સારી વાત છે, પણ ભવિષ્યમાં એવા જ ખેલાડીઓને સ્પર્ધામાં રમવા માટે આમંત્રણ અપાવું જોઈએ જેઓ જરૂર પડતા પાકિસ્તાનમાં રમવા માટે તૈયાર હોય.

આફ્રિદીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે ફક્ત એવા વિદેશી ક્રિકેટરોને પી. એસ. એલ.માં રમવા માટે આમંત્રવા જોઈએ જેઓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને યોજવા માટે પાકિસ્તાનની જરૂરત અને તેના અધિકારને સમજી શકતા હોય.

# ખરેખર...તેંડુલકરની ડેબ્યૂ મેચમાં કાર્તિક મેન ઓફ ધ મેચ બન્યો હતો...!!!

દિનેશ કાર્તિક હાલ ક્રિકેટજગતનો હિરો બની ગયો છે. પરંતુ જો કોઈ એવો દાવો કરે કે ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરની ડેબ્યૂ મેચમાં તેને મૅન ઑફ ધ મૅચ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો તો કદાચ તેમને તેના પર વિશ્વાસ નહી થાય કારણ કે જ્યારે સચિને પોતાની પહેલી મેચ રમી હતી ત્યારે દિનેશ ફક્ત ચાર વર્ષનો હતો. પરંતુ તે હકીકત છે કે સચિનની ડેબ્યૂ મેચમાં ‘મૅન ઑફ ધ મૅચ’ નો ખિતાબ દિનેશ કાર્તિકના નામે રહ્યો હતો.

હકીકતમાં ૧૨ વર્ષ પહેલા એટલે કે ડિસેમ્બર ૨૦૦૬માં સાઉથ આફ્રિકાના જહોનિસબર્ગ ખાતે રમાયેલી મેચ વનડે કે ટેસ્ટ નહી પરંતુ ટા-૨૦ મેચ હતી. આ મેચ એટલા માટે રેકોર્ડબુકમાં સામેલ છે કારણ કે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારતીય ટીમ પહેલી વાર ટી-૨૦ મેચ રમવા માટે મેદાનમાં ઉતરી હતી. સચિન ઉપરાંત આ મેચમાં સહેવાગ, એમએસ ધોની અને દિનેશ કાર્તિક તમામ ખેલાડીઓ માટે આ મેચ ડેબ્યૂ મેચ જ હતી. અગાઉ ભારતીય ટીમે આંતરરાષ્ટ્રીય સ્તરે ટી-૨૦ મેચ રમી જ નહતી.

ભારતીય ટીમના કેપ્ટન વિરેન્દ્ર સહેવાગ ટૉસ હારી ગયાં છે અને ભારતે પહેલા બોલિંગ કરવી પડી. આફ્રિકાએ નિર્ધારિત ૨૦ ઓવરોમાં ૯ વિકેટ ગુમાવીને ૧૨૬ રનનો સ્કોર ઉભો કર્યો હતો. જવાબમાં ભારતીય ટીમે ૧૯.૫ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ટાર્ગેટ હાંસેલ કરી લીધો હતો. આ મેચમાં સચિન ફક્ત ૧૦ રન બનાવીને આઉટ થઈ ગયાં હતાં. આ મેચમાં કાર્તિકે ૩૧ રનની શાનદાર ઈનિંગ રમીને મૅન ઑફ ધ મેચનો ખિતાબ હાંસેલ કર્યો હતો. આ રીતે સચિનના ડેબ્યૂ મેચમાં કાર્તિકની મેન ઑફ ધ મેચ તરીકે પસંદગી થવી એક રસપ્રદ સંયોગ છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૨૦૦-૩૯૪૦૦**
રૂપુ કાચું ૩૯૨૦૦-૩૯૪૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૯૦**
પામોલીન ૧૧૭૦
સોયા રીફાઈન ૧૪૨૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૮૦**
સીંગતેલ ૧૫ લી.૧૬૯૦
**સીગતેલ ૫ લી. ૪૨૦**
તિરૂપતી કપા. ૧૩૩૦
૫ લીટર ૪૨૦
વનસ્પતિ ઘી ૧૧૩૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ ૧૨૦૦
પલી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૩૦૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦

ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦

દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૦૦-૩૪૫૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૪૫૦**
ખાંડએલ. ૩૫૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૦૦-૮૪૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
**ભીંડા ૭૦૦-૮૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૬૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૬૦૦-૮૦૦

# ૨૦૧૯ના વર્લ્ડકપ બાદ નિવૃત્તિ લઈ લઈશ : યુવરાજસિંહ

ટીમ ઈન્ડિયામાંથી લાંબા સમયથી બહાર રહેલા યુવરાજસિંહે જણાવ્યું છે કે તેઓ ૨૦૧૯ સુધી ક્રિકેટ રમતા રહેશે. તે પછી જ તેઓ ક્રિકેટમાંથી નિવૃતિ અંગે નિર્ણય કરશે. યુવરાજે જૂન ૨૦૧૭માં ભારત માટે અંતિમ વન ડે રમી હતી. યુવરાજે વધુમાં જણાવ્યું હતું કે આઈપીએલ તેમના માટે વિશેષ મહત્વ ધરાવે છે. કારણ કે તેમાં સારો દેખાવને પગલે ૨૦૧૯ના વર્લ્ડ કપ માટેના તેમના દાવાને બળ પ્રાપ્ત થશે. ૨૦૧૧ના વર્લ્ડ કપમાં ભારતના વિજયમાં યુવરાજે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ કેન્સર સામેના જંગને પણ જીતી ગયા હતાં. યુવરાજે જણાવ્યું હતું કે તેઓ ટેસ્ટ ટીમમાં તેમનું સંગીન સ્થાન બનાવી ન શક્યા તેનું તેમને દુખ રહેશે. તેમને કારકિર્દીના આરંભના છ વર્ષ વધારે તક મળી ન હતી. કારણ કે તેઓ તે સમય ટેસ્ટ ટીમના શ્રેષ્ઠ ખેલાડી હતાં. જ્યારે તક મળી ત્યારે તેમને કેન્સર થયું હતું અને તેનો અફસોસ રહેશે.

# ‘ઓસ્ટ્રેલિયન કેપ્ટન’ તરીકે માઈકલ ક્લાર્ક વાપસી કરશે..!!

બોલ ટેમ્પરિંગની ઘટનાથી દુ:ખી થયેલા ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન માઈકલ ક્લાર્કે કેપ્ટન તરીકે પોતાની વાપસીની સંભાવનાઓ ખુલ્લી રાખી છે. ઉલ્લેખનીય છે વર્ષ ૨૦૧૫માં એશીઝ શ્રેણી બાદ તેણે નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. ક્લાર્ક હજુ ૩૬ વર્ષનો છે અને ઓસ્ટ્રેલિયા તરફથી તે ૧૧૫ ટેસ્ટ મેચ રમી ચૂક્યા છે. વર્તમાન સમયમાં ક્લાર્ક ઓસ્ટ્રેલિયાના નાઈન નેટવર્ક પરથી કોમેન્ટરી કરી રહ્યો છે. જ્યારે ક્લાર્કને ફરીથી ઓસ્ટ્રેલિયાની કેપ્ટનશિપ સંભાળવા અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેણે જણાવ્યું, ”આ પ્રકરણમાં હું બહુ જ લાગણીશીલ છું. મને સ્મિથ અને તેના સાથી ખેલાડીઓ પ્રત્યે સહાનુભૂતિ છે, પરંતુ સ્મિથે ક્રિકેટની સાથે બહુ જ મોટો વિશ્વાસઘાત કર્યો છે. જો મને યોગ્ય લોકો દ્વારા આ અંગે (કેપ્ટનશિપ) પૂછવામાં આવશે તો હું મારા જવાબ અંગે જરૂર વિચારીશ.”

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ...........................................................
સરનામુ : .........................................................
મોકલનારની સહી : ..............................................

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

# રખેવાળ

## રાધનપુર પાલિકાને ગુજરાત સરકાર દ્વારા સફાઈના સાધનો અપાયાં


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં સ્વચ્છતા અભિયાનને વેગ મળે તે માટે ગુજરાત સરકાર દ્વારા સફાઈના સાધનો વસાવવા માટે રૂ.૧૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી,જેમાંથી પાલિકાએ સફાઈના સાધનો વસાવ્યા છે.સેનેટરી ઈન્સ્પેક્ટર પ્રશાંત સોનીના જણાવ્યા મુજબ સ્વચ્છતા અભિયાન અંતર્ગત મળેલી ગ્રાન્ટમાંથી ૫૦ લારીઓ(હેન્ડકાર્ટ),૧૦ ડસ્ટબીન અને ઓપન ગટરોનો કચરો ઉઠાવવા માટે ૨૦ લારીઓ વસાવવામાં આવી છે.આ સાધનો વસાવતાં સફાઈ કામદારોને સફાઈકામમાં સરળતા રહેશે.

## રાધનપુર તાલુકાની સાતુન પ્રા. શાળામાં બાળકોને તિથિ ભોજન


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાની સાતુન પ્રાથમિક શાળાના ભુલકાઓને ધોરણ-૮ ના બાળકોના વિદાય પ્રસંગે શાળાના શિક્ષક હીરાભાઈ ડી.ભરવાડ તરફથી તિથિભોજનમાં ઈડલી-સંભાર આપવામાં આવ્યું હતું,બાળકો ઈડલી-સંભારની મિજબાની માણીને ખુશખુશાલ થઈ ગયા હતા.

## હિંમતનગરમાં કોપીરાઈટ મુદ્દે ટીસીરીઝ દ્વારા કાર્યવાહી. એ-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાઈ


સતીષ ભટ્ટ

હિંમતનગર

હિંમતનગર શહેરના મહાવીરનગરમાં લગ્ન પ્રસંગની સી.ડી કોપીરાઈટ વાળા ગીતોનો ગેરકાયદેસર ઉપયોગ કરી રહેલ વ્યક્તિના ઘેર એન્ટી પાયરસી ટીમે રેડ કરી એક કોમ્પ્યુટર બે હાર્ડ ડિસ્ક કબ્જે લઈ એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી. શહેરના મહાવીરનગરમાં રઘુનંદન સોસાયટીમાં યોગેન્દ્રભાઈ ચંદુલાલ સુથાર લગ્ન પ્રસંગની વિડીયો કેસેટમાં ગેરકાયદેસર રીતે ટીસીરીઝ ના કોપીરાઈટ વાળા ગીતોનું મિક્સિંગ કરતા હોવાનું ધ્યાન ઉપર આવતા અમદાવાદથી ટી સીરીઝના એન્ટી પાયરસી એક્ઝીક્યુટીવ આશિષભાઈ ગૌતમભાઈ ભટ્ટની ટીમ દ્વારા તા. ૨૬-૦૩-૨૦૧૮ ના રોજ નમન સ્ટુડીઓ નામે મિક્સિંગ અને ડબિંગનો વ્યવસાય કરતા યોગેન્દ્રભાઈના ઘેર રેડ કરવામાં આવી હતી. ટી સીરીઝના કોપીરાઈટ વાળા ગીતો તેમના કોમ્પ્યુટર અને હાર્ડ ડિસ્કમાંથી મળી આવતા એક કોમ્પ્યુટર અને બે હાર્ડડિસ્ક કબજે લઈ આશિષભાઈ ભટ્ટે એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં મોડી સાંજે એન્ટી પાયરસી એક્ટ અંતર્ગત ફરિયાદ નોધાવતા પોલીસે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ટી સીરીઝના આશિષભાઈ ની આ કામગીરીથી હિંમતનગર ,વડાલી , ઈડર , ખેડબ્રહ્મા સહિતના સ્ટુડીયોમાં ફફડાટ ની સાથે રોષની લાગણી વ્યાપી ગઈ છે.

## ચાણસ્મા ખાતે પ્રતિભા વંદના અભિવાદન અને પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો



ચાણસ્મા

ચાણસ્મા ખાતે મહાત્મા ગાંધી વિનયમંદિરના ઉપક્રમે નગરના ૪૦ થી વધુ વિશિષ્ટ મહાનુભાવોનો અભિવાદન કાર્યક્રમ તથા તેમનો પરિચય આપતા પુસ્તકનું વિમોચન દંતાલીના શ્રી સચ્ચિદાનંદ મહારાજના હસ્તે શ્રીવિવેક પી.પટેલના અધ્યક્ષ પદે યોજાયેલા કાર્યક્રમમાં કરાયું હતું. ૪૦ માંથી ૨૦ જેટલા દિવંગત મહાનુભાવો હતા. જ્યારે ૨૦ જેટલી હયાત પ્રતિભાઓમાંથી ઉપસ્થિત ૧૦ જેટલા જયનારાયણ વ્યાસ, પી.એસ.પટેલ, વસંતભાઈ પટેલ, મહેન્દ્ર દેસાઈ, મણિલાલ એમ.પટેલ, ડૉ.મમતા પંડિત, નાથાભાઈ સથવારા, ચંદુભાઈ પટેલ, માલજીભાઈ દેસાઈ વગેરેનો સમાવેશ થાય છે. ડૉ.કે.કે.પટેલ, ભક્તિપ્રિયદાસજી, અભયસાગર મહારાજ, ડૉ.કિરીટ સોલંકી, ડૉ.બી.એ.પ્રજાપતિ, પી.એ.પટેલ, ચંદુભાઈ ઈ.પટેલ, સંજયતુલા વગેરેનો પણ સમાવેશ કરાયો હતો. પ્રતિભાવંદના ભાગ- ૧ ના મહાનુભાવો, દિવંગત મહાનુભાવો અને હયાત મહાનુભાવોનો પરિચય આપતી સુંદર ટ્રોફીટેબલ બુક સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. કાર્યક્રમમાં સચ્ચિદાનંદજી, વિવેક પટેલ, મનુભાઈ જે.પટેલ, મંગળદાસ પટેલ, વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. જયનારાયણ વ્યાસ અને મણિલાલ એમ.પટેલે સન્માનનો પ્રતિભાવ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ભગીરથભાઈ પટેલે અને આભારવિધિ શોભનાબહેન પટેલે કરી હતી.

## પાટણ પાલિકાની સામાન્ય સભામાં દબાણના પ્રશ્ને થયેલો હોબાળો

પાટણ

પાટણ નગર સેવા સદનની ગત સોમવારે સામાન્ય સભા મળી હતી. જેમાં બજેટ ૧૮-૧૯ નું રજુ થયું હતું. એ પહેલાં ઝીરો અવર્સમાં વિપક્ષ ભાજપ દ્વારા શહેરના દબાણોમાં ભેદભાવભરી રીતિનીતિનો મુદ્દો રજુ થયો હતો અને દબાણ ઝુંબેશ કેમ થંભાવી દીધી છે તે બાબતની રજુઆત થઈ હતી. વિપક્ષે પહેલાં દબાણ હટાવ ઝુંબેશને સમર્થન આપ્યા બાદ ભેદભાવનીતિની સામે વિરોધ નોંધાવ્યો હતો. પાલિકાના મહિલા સદસ્યના પતિની ડખલગીરીનો મુદ્દો ચમક્યો હતો. ચીફ ઓફિસરે ઝીરો અવર્સ માટે મુદ્દો ઉઠાવેલ છે કે ઝોન ૧ જીમાં ભૂગર્ભ ગટરનો પ્રશ્ન ઉઠ્યો હતો. તેમજ પાલિકા બજારના ધાબા ઉપરના બોર્ડનો પ્રશ્ન, પાણીની ટાંકી ફિલ્ટર પ્લાન્ટનો પ્રશ્ન ચર્ચાયો હતો. પાલિકાની આ સામાન્ય સભામાં સાતમા પગાર પંચ અને કાયમી કર્મચારીઓના પ્રશ્ને ગરમા-ગરમી ચાલી હતી. રોજમદાર કર્મચારીઓના પડતર પ્રશ્નો ચર્ચાસ્પદ બન્યા હતા.

## પાયોનિયર પ્રાયમરી સ્કૂલના તમામ વિદ્યાર્થીઓએ “જળબચાવો” અંગે નો સંકલ્પ



પાટણ

પાટણના ગ્રીનકેમ્પસ એવા કે.સી.પટેલ વિદ્યાસંકુલ સલગ્ન પાયોનિયર પ્રાયમરી સ્કૂલના તમામ વિદ્યાર્થીઓએ “જળબચાવો” અંગે નો સંકલ્પ લીધો જેમાં પ્રાયમરી વિભાગના તમામ બાળકો મેદાનમાં એકત્રીત થઈ. સંસ્થાના ચેરમેન શ્રી કે.સી.પટેલની ઉપસ્થિતીમાં જળબચાવવા અને જળસંચય અંગે પોતે તેની કાળજી રાખશે. અને અન્ય વ્યક્તિઓને તે માટે જાગૃત કરવાનો સંકલ્પ લીધો. આ પ્રસંગે શ્રી કે.સી.પટેલ બધા જ વિદ્યાર્થીઓ સમક્ષ છેલ્લા ઘણા વર્ષોમાં નર્મદા નદીના ડેમમાં પ્રતિવર્ષ કરતાં આ વર્ષે પાણીની આવક ઓછી થઈ છે. અને મધ્યપ્રદેશમાં પ્રમાણમાં ઓછો વરસાદના કારણે પાણીનો જથ્થો જરૂર પૂરતો મર્યાદીત હોઈ. ભવિષ્યમાં ગરમીના દિવસોમાં બધાજ લોકોને પીવાનું અને સિંચાઈનું પાણી મળી રહે તે હેતુ થી દરેક વ્યક્તિ જરૂર કરતાં વધારે પાણીનો ઊપયોગ કરવો જોઈએ નહી. અને પાણી વેડફાતું અટકાવવા નાના-નાના પ્રાયાસો થકી આવનારી સમસ્યાને આપણે હલ કરી શકીશું. ઉપરાંત દરેક વિદ્યાર્થી આ બાબતે પરીવાર તથા અડોસ-પડોસમાં, સોસાયટીમાં, મોહલ્લામાં

અન્ય વ્યક્તિઓને જાગૃત કરી પાણીનો બચાવ કરશે તેવો સંકલ્પ બધાજ વિદ્યાર્થીઓ પાસે લેવડાવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થા ટ્રસ્ટીશ્રી વિકાસભાઈ પટેલ, શ્રી વિવેકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને શાળાના પ્રિન્સીપાલ શ્રીમતિ દિપ્તીબેન દવે અને પ્રાયમરી વિભાગનો સ્ટાફ પણ સંકલ્પમાં સહભાગી બન્યો હતો.

## એલ.એન.કે.બી.એડ્. કોલેજનો વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ યોજાયો



પાટણ

એલ.એન.કે.બી.એડ્. કોલેજનો વાર્ષિકોત્સવ અને પ્રો.ડૉ.એસ.સી. પાઠવીનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટીના કેમ્પસ ડાયરેક્ટર ડૉ.જે.એચ. પંચોલી, શાંતિનિકેતન સંકુલના નિયામક કાનજીભાઈ પટેલ, બી.એડ્. કોલેજના પ્રિન્સીપાલ ડૉ.એસ.પી. શર્મા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ.એસ.સી. પાઠવીનો વિદાય સમારંભ યોજાયેલ. તેમનું સન્માન પણ કરવામાં આવેલ. શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કારકિર્દી હાંસલ કરનાર પ્રા.શિક્ષક સિપાઈ

હાજીમીયાં (ગંગેટ પ્રા.શાળા, શિક્ષક) અને ચૌધરી નરેશ (પ્રા.શિક્ષક ગૂમડા મસ્જિદ પ્રા.શાળા) નું સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે ડૉ.એસ.સી. પાઠવીની શુભેચ્છા મુલાકાત ઈતિહાસ વિભાગ દાહોદના અધ્યાપક ડૉ.હરેશ કે.પંચાલે લીધેલ.

## બહુચરાજીમાં આજથી ચૈત્રી પૂનમના મેળાનો પ્રારંભ થશે

ચાણસ્મા

મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજીમાં આવતીકાલ તા. ૨૯ થી ૩૧ માર્ચના રોજ ચુંવાળ પંથકનો ચાનક મઢ્યો ચૈત્રી પૂનમનો ભવ્ય લોકમેળો ભરાશે. જિલ્લાના આ સૌથી મોટા મેળામાં ત્રણ દિવસ દરમિયાન ૧૫ લાખથી વધુ માઈભક્તો મા બહુચરના દર્શનાર્થે ઉમટી પડવાની ધારણા સાથે બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ, જિલ્લા-તાલુકા વહીવટી તંત્ર અને સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. ભારતભરમાં એકાવન અને ગુજરાતના ત્રણ શક્તિપીઠોમાં જેની ગણના થાય છે. તે બહુચરાજી યાત્રાધામમાં પ્રતિ વર્ષ ચૈત્રી પૂનમ નિમિત્તે ભવ્ય લોકમેળો ભરાય છે. આ દિવસે માતાજીનું પ્રાગટ્ય થયું હોઈ ઉત્તર ગુજરાત સહિત રાજ્યભરમાંથી હજારો શ્રધ્ધાળુઓ પગપાળા કે વાહનો લઈને મા બહુચરના દર્શન કરવા ઉમટી પડે છે. આ ત્રિ-દિવસીય ચૈત્રી મેળાનો ગુરુવારથી પ્રારંભ થશે. મેળાને લઈ મંદિરને રંગબેરંગી ફૂલોથી શણગારવામાં આવ્યું છે. યાત્રિકો હાઈવે પર દર્શનપથથી દર્શન માટે સીધા મંદિરમાં જઈ શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. પુરુષો અને મહિલા દર્શ નાર્થીઓ માટે અલગ અલગ લાઈનો કરાઈ છે, જેના માટે બેરીકેટ વ્યવસ્થા કરાઈ છે. લાઈનમાં ઉભેલા શ્રદ્ધાળુઓને પીવાનું પાણી આપવા ૧૦૦ થી વધુ સ્વયંસેવકો હાજર રહેશે. આ ઉપરાંત મંદિર પરિસરમાં ત્રણથી વધુ ભેટ કાઉન્ટર તેમજ પ્રસાદકેન્દ્ર ઊભા કરાયા છે. ઉનાળાની ગરમીને લઈ યાત્રિકોને આરોગ્ય વિષયક સમસ્યા ઉભી થાય તો તરત સારવાર મળી રહે તે માટે મંદિર પરિસર અને હાઈવે સહિત ૧૦ થી વધુ જગ્યાએ આરોગ્ય કેમ્પ ઉભા કરાયા છે. હાઈવે ચોક પર પોલીસ કંટ્રોલરૂમ અને મંદિર પરિસરમાં મંદિરનો કંટ્રોલરૂમ ઉભો કરાયો છે. મેળા દરમિયાન લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે હંગામી એસટી સ્ટેન્ડની જગ્યાઓ ઉપર પાણી પુરવઠા વિભાગ દ્વારા તેમજ જાહેર માર્ગો પર જાહેર સંસ્થાઓ દ્વારા વ્યવસ્થા કરાઈ છે. ચૈત્રી મેળામાં આવતા શ્રદ્ધાળુઓની સેવા માટે માઈભક્તો ખડેપગે જોવા મળશે. યાત્રાધામને જોડતા પાટણ- ચાણસ્મા- બહુચરાજી, મહેસાણા- બલોલ- બહુચરાજી, મહેસાણા- મોઢેરા- બહુચરાજી, વિરમગામ- બહુચરાજી, કડી- બહુચરાજી, શંખલપુર- બહુચરાજી સહિતના માર્ગો પર ઠેરઠેર પીવાનું પાણી, લીંબુ સરબત, ચા-નાસ્તો તેમજ ભોજન અને વિશ્રામ વ્યવસ્થાના કેમ્પ ગોઠવવામાં આવ્યા હતા. આ ત્રિ- દિવસીય મેળામાં ઉમટી પડતા ભક્તો બહુચરના દર્શન કરી મેળાની મોજ માણે છે. મેળાના મેદાનમાં ઊંચા ઊંચા ચકડોળ, ચકરડીઓ, મોતનો કૂવો સહિતના મનોરંજક સાધનો તેમજ ખાણી- પીણીની દુકાનો વગેરે મંડાઈ છે. મેળામાં આવતા યાત્રિકોના જાનમાલના રક્ષણ માટે ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા વીમો લેવાયો છે. તો મેળાના આયોજક દ્વારા પણ અલગથી વીમો ઉતરાવવામાં આવ્યો છે. મેળાને સાંગોપાંગ પાર પાડવા ટેમ્પલ ટ્રસ્ટના ચેરમેન- વ- જિલ્લા કલેક્ટર એચ.કે.પટેલ, ઈન્ચાર્જ વહીવટદાર ભાર્ગવ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી મનોજ દક્ષિણીના આયોજન હેઠળ વ્યવસ્થા કરાઈ છે. તો જિલ્લા પોલીસ વડા ચૈતન્ય મંડલિકના માર્ગદર્શન હેઠળ મેળા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા ડીવાયએસપી, પીઆઈ, પીએસઆઈ સહિત ૮૦૦ થી વધુનો પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. જે ત્રણ દિવસ સતત મેળામાં ફરજ બજાવશે. હાલમાં મેળાને લઈ વેપારીઓ વગેરે ઉત્સાહી જોવા મળી રહ્યા છે.

## લેડીઝ ડ્રેસી ડિઝાઈનની તાલીમ લઈ સ્વનિર્ભર બનેલાં યોગીતાબેન ૧૦ બહેનોને તાલીમ આપે છે



પાટણ

આ સાફલ્યગાથા એક એવા ધગશશીલ મહિલાની છે. જેમણે દેના ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થામાં લેડીઝ ડ્રેસ ડિઝાઈનથી તાલીમ મેળવી સ્વનિર્ભરતા હાંસલ કરી છે અને હવે તેઓ તેમના તાલીમગૃહમાં ૧૦ બહેનોને ડ્રેસ ડિઝાઈનની તાલીમ આપી અને પોતાનો સ્વરોજગાર ચાલું કરી મહિને આશરે રૂા.૨૫૦૦૦/- ની ચોખ્ખી આવક મેળવી લે છે.

આ બહેનનું નામ યોગીતાબેન દરજી છે. તેમનું વતન સાંતલપુર તાલુકાનું વારાહી છે. લગ્નબાદ તેઓ તેમના ઘરેલું કામ પુરતાં વ્યસ્ત રહેતાં હતાં. તેમને જ્યારે જાણ્યું કે, દેના ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થામાં બહેનો માટેનો તાલીમ વર્ગ ચાલે છે. જેમાં લેડીઝ ડ્રેસ ડિઝાઈનનો હુન્નર શીખવવામાં આવે છે. તેણી ૨૧ દિવસીય મહિલા સિલાઈના અભ્યાસક્રમમાં પ્રવેશ લઈ સિલાઈ કામની તાલીમ હાંસલ કરી. લેડીઝ ડ્રેસ ડિઝાઈનની તાલીમ તેમના માટે ઉપકારક સાબિત થઈ. તાલીમ બાદ તેમણે પોતાની સિલાઈ કામની દુકાન ચાલું કરી તેમને ગ્રાહકો અને સ્વજનોનો સારો સાથ સહકાર મળ્યો.

લેડીઝ ડ્રેસ ડિઝાઈન અને તે મુજબના સિલાઈકામ થી તેમને આવક મળતી ચાલુ થઈ પ્રારંભમાં થોડી મુંઝવણ હતી પણ જેમ કામ કામને શીખવે તે રીત મુજબ તેમને પણ આ હુનરમાં માહેરિયત હાંસલ થઈ. આજના દિવસે તેઓ શિવણના ૭ મશીનો ધરાવે છે. અને તેઓ ૧૦ જેટલી મહિલાઓને તાલીમ આપી રહ્યાં છે. પોતાના વ્યવસાયમાં પગભર થયા બાદ તેમને એક કુશળ ટ્રેઈનર તરીકે ની કાબેલિયત હાંસલ કરી લીધી છે. હવે તેમાં સારી કમાણી કરી શકે છે. તેમની ધગશ અને ઉત્સાહ ઉપરાંત સારા વર્તનને કારણે તેઓ દેના સ્વરોજગાર તાલીમ સંસ્થામાં અને સમાજમાં આદરણીય બન્યા છે. પોતાના વ્યવસાયમાં તેમણે રૂા.૮૦ હજારનું મૂડી રોકાણ કર્યું છે. અને એક એન્ટર પ્રિયોનર બની પોતાની અલાયદી તાલીમ સંસ્થાનાં માલિક બન્યાં છે.

નિયામકશ્રી આર.બી. દોશીના માર્ગદર્શન અને પ્રોત્સાહન ઉપરાંત તેમની પોતાની કાર્યકુશળતા ના કારણે તેમના જીવનમાં સુખના દિવસો આવ્યા છે. યોગીતાબેન તેમની સફળતાનો યશ દેના ગ્રામીણ સ્વરોજગાર સંસ્થાના માર્ગદર્શન અને પ્રોત્સાહનને આપે છે. દેના આરસેટી પણ એક મહિલાના જીવનમાં સ્વરોજગારીના સર્જનમાં મદદરૂપ બનવા બદલ સંતોષ અને ગૌરવ અનુભવે છે.

ભરત ડી.રાવલ

## રાધનપુર એસ.ટી.ડેપોમાં નવચંડી હવન અને રક્તદાન કેમ્પ યોજાયો


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર એસ.ટી.ડેપોમાં દર વર્ષની જેમ એસ.ટી.ડેપોની શાંતિ અને અકસ્માત નિવારણ માટે નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ એસ.ટી.ના કર્મચારીઓને રાઉન્ડ ધ કલોક ભોજનપ્રસાદ મળી રહે તે રીતે ભોજનસમારોહનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.રાધનપુર એસ.ટી.ડેપો દ્વારા હવનની એક ધાર્મિક પ્રવૃત્તિ સાથે સામાજિક પ્રવૃત્તિમાં પણ એક સુલભ પગલું ભરતાં ડેપો મેનેજર રઘુવીરસિંહ પી.ચૌહાણના માર્ગદર્શન હેઠળ રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ખુદ ડેપો મેનેજર, એ.ડબલ્યુ.એસ., હેડ મિકેનિક સાથે અન્ય ૩૫ કર્મચારીઓએ રક્તદાન કરીને સામાજિક પ્રવૃત્તિમાં માનવતાની છાપ છોડી હતી. આ પ્રસંગે એસ.ટી.ના કર્મચારીઓ પ્રવીણભાઈ રાવલ, મનોજભાઈ જોશી, રાજાભાઈ રબારી,આદમભાઈ ઘાંચી, ધનવંતભાઈ જયસ્વાલ, તખુભા વાઘેલા સહીત સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

## હિંમતનગરના વેપારી સાથે રૂપિયા ૧૦.૮૪ લાખની છેતરપીંડી આચરાઈ

હિંમતનગર

સમગ્ર દેશ અને રાજ્યો સહિત જિલ્લાઓમાં પણ જાણે છેતરપીડીની મૌસમ જામી હોય તેમ કોઈક બેંક સાથે છેતરપીડી કરે છે તો કોઈક સંસ્થાઓ સાથે છેતરપીડી કરે છે, તો કોઈક નકલી દાગીનાઓ પધરાવી છેતરપીડી કરે છે. આ તમામ છેતરપીંડીની અસર વેપારીઓમાં પણ જોવા મળી રહી છે. આર્થિક મંદીથી કંટાળી વેપારીઓએ પણ હવે છેતરપીડી શરુ કરી હોય તેવા કિસ્સાઓ બહાર આવી રહ્યા છે. આ બનાવોમાં સાબરકાંઠા જીલ્લો પણ હવે બાકાત રહ્યો નથી. વાત..છે... હિંમતનગર શહેરના દુર્ગા બજાર વિસ્તારની એક જાણીતી બ્રાન્ડના ગંજી-અંડરવેર વેચતાં વેપારી પાસેથી રૂ/- ૧૦,૮૪,૯૯૩ નો માલ ખરીદી પૈસા ન આપતા છેતરપિંડીનો ભોગ બનેલા વેપારી નીખીલ ઘનશ્યામભાઈ તેજવાણી (રહે. શ્રીનગર સોસાયટી, હિંમતનગર) એ અમદાવાદના વેપારી ગ્રેવર કાલિદાસ વૈષ્ણવ (રહે. રાણીપ, અમદાવાદ) વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોધાવતા એ-ડિવીઝન પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. દરરોજ છેતરપીડીના કિસ્સા નોધાવતા જીલ્લા પોલીસ પણ આ મામલે માથું ખંજવાળતી થઈ ગઈ છે.

હિંમતનગરના દુર્ગા બજારમાં જી.આર. હોઝીયરી પેઢી ધરાવતા માલિક સાથે સેલ્સમેનો દ્વારા અમદાવાદના વેપારી ગ્રેવ્રર વૈષ્ણવનો સંપર્ક થયો હતો. અને જાણીતી બ્રાન્ડના ગંજી-અંડરવેર ખરીદી રૂ. ૫૦-૫૦ હજારના ૪ ચેક તેમજ બીજા કોરા ચેક આપ્યા હતા. અમદાવાદના વેપારીએ હિંમતનગરના વેપારીને વિશ્વાસમાં લઈ તા. ૧૩-૭-૨૦૧૭ થી ૧૮-૧૧-૨૦૧૭ ના સમયગાળા દરમિયાન રૂ. ૧૦,૮૪,૯૯૩ ની કિંમતના માલની ખરીદી કરી હતી. અને તેને આપેલ રૂ.૧૦.૮૫ લાખનો ચેક પણ બેંકમાં બેલેન્સ ન હોવાનું જણાવતા વેપારીએ પોતાની સાથે છેતરપીડી થઈ છે. તેમ લાગતાં મામલો એ-ડિવીઝન પોલીસ સ્ટેશને પહોચ્યો હતો. પોલીસ દ્વારા અમદાવાદના વેપારી દ્વારા ગુનો નોધી તપાસ હાથ ધરવામાં આવી છે.

## રાધનપુર તાલુકાના સરદારપુરામાં ચામુંડા માતાજીનો હવન કરાયો

રાધનપુર

રાધનપુર તાલુકાના સરદારપુરા ગામે એડવોકેટ બાબુભાઈ બાવાભાઈ મકવાણાને ત્યાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ચામુંડા માતાજીનો હવન કરાયો હતો,જેમાં વણકર સમાજના અગ્રણીઓએ દૂર-દૂરથી ઉપસ્થિત રહીને યજ્ઞમાં આહુતિ આપીને ધન્યતા અનુભવી હતી.સરદારપુરા ગામના લોકોએ પણ દર્શનનો લાભ લીધો હતો.


કમલ ચક્રવર્તી